
# SHREE SWAMINARAYAN
# શ્રી સ્વામિનારાયણ

SEPT. 2005



પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1






ભરતખંડના અધિષ્ઠાતા શ્રી નરનારાયણદેવના સ્વાતંત્ર દિને ત્રિરંગાના સુંદર શૃંગાર અને હીંડોળા દર્શન







જીવરાજપાર્ક, જેતલપુર, ઘોળકા અને મહેસાણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય હીંડોળા દર્શન



જેતલપુરધામ મંદિરમાં ભવ્ય હીરના હીંડોળા દર્શનની વિવિધ ઝલક (આખો માસ દર્શન ખુલ્લા મુકાયા હતાં)

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

# SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૭ સપ્ટેમ્બર - ૨૦૦૫



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

## અ નુ ક્ર મ ણિ કા

| | | |
|---|---|---|
| ૧. | અસ્મદીયમ્ | ૨ |
| ૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૩ |
| ૩. | એ લડાઈની વાત બ્રહ્માનંદ જાણે રે | ૪ |
| ૪. | વાલમ પધાર્યા વડનગર | ૫ |
| ૫. | ઉત્કૃષ્ટ ગુરુભક્તિ | ૭ |
| ૬. | જીવનમુક્ત જીવુબા અને લાડુબાની બુદ્ધિમત્તા | ૧૦ |
| ૭. | સત્સંગ સુરભિ : "હું ભેળો છું પછી ચિંતા શું કામ ?" | ૧૨ |
| ૮. | તીર્થભૂમિ હાલાર ભાદરાનાં ભૂદેવ | ૧૩ |
| ૯. | ભોળાના ભગવાન છે | ૧૫ |
| ૧૦. | સાચું સુખ સત્સંગના સગપણમાં ધ્યાન ધર ધર્મના પુત્રનું | ૧૭ |
| ૧૧. | ત્રિમૂર્તિ સ્વરૂપનાં સાનિધ્યે | ૧૯ |
| ૧૨. | અમારા આવા ભાગ્ય ક્યાંથી ? | ૨૧ |
| ૧૩. | સત્સંગ બાલવાટિકા<br>(૧) તેને આસુરી જીવ કહેવાય (૨) ભગવાનના ભક્તો વંદનીય છે | ૨૩ |
| ૧૪. | પ્રશ્નપેટી | ૨૫ |
| ૧૫. | સત્સંગ સમાચાર દેશ-વિદેશના | ૨૯ |
| | **ભક્તિસુધા** | |
| ૧૬. | ઓળખાણ કોની ચાલે ? | ૩૪ |
| ૧૭. | પારસમણીથી અધિક સત્સંગી | ૩૪ |
| ૧૮. | પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપગાદીવાળાના દર્શનનો મહિમા | ૩૫ |
| ૧૯. | "શ્રીરાજાનો જન્મોત્સવ" | ૩૬ |
| ૨૦. | આચાર્ય મહારાજશ્રીના વચને | ૩૭ |
| ૨૧. | "ઉપનયન સંસ્કાર પૂર્વે" | ૩૮ |
| ૨૨. | ગુરુ મહિમા | ૩૯ |

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
Visit us : www.swaminarayan.info
E-mail : sntemple@hotmail.com
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.

# अस्मदीयम्

## તંત્રીશ્રીની કલમે....

"कृष्णसेवा मुक्तिच्च गम्यताम् ।"

વિશિષ્ટાદ્વૈત મતને વરેલા સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણનો આ મુખ્ય સિદ્ધાંત છે. "कृष्णसेवा" નો અર્થ ભગવાનના સદા સાકાર દિવ્ય સ્વરૂપની સેવા ભક્તિ, ભગવાનનું માહાત્મ્ય સમજીને, ભગવાનના સ્વરૂપને શાસ્ત્રના વચને જાણીને પ્રેમભાવે નવ પ્રકારે પ્રભુ પરાયણ થવું તે ભક્તિ છે.

श्रवणं मननं विष्णु
अर्चन पाद सेवनं ।
वंदनं दारचं सख्यं
सेव्यम् आत्मनिवेदनम् ॥

ભગવાનની કથાનું શ્રવણ, વાંચન, મનન, વિવિધ ઉપચારે માનસીપૂજા અથવા પ્રત્યક્ષ સ્વરૂપનું પૂજન, સાષ્ટાંગ પ્રણામ, હનુમાનજીની જેમ દાસભાવે, અર્જુનની જેમ મિત્ર ભાવે અને અંબરીષ રાજાની જેમ આત્મભાવે સ્નેહ-પ્રેમ સાથે પ્રભુ પરાયણ થવુ તે ભક્તિ છે.

વચનામૃત પ્રમાણે મંદિરોના નિર્માણ ઉપાસનાની દ્રઢતા અર્થે છે.

ભગવાનના સ્વરૂપનું શોડષોપચારે પૂજન, મહાઅભિષેક, વસ્ત્ર અલંકાર, ચંદન, પુષ્પ, તુલસી, મહાનૈવેદ્ય, મહાનિરાજન-આરતી, વંદન-પ્રણામ, પ્રદક્ષિણા, મંત્ર જાપ, ઉત્સવ-મહોત્સવ, કથા શ્રવણ આદિ ભગવાન પ્રત્યે પ્રેમભાવ વધારનાર, ભગવાનને લાડ લડાવવા માટેના ભક્તિના પ્રકાર છે.

દિન-દિન પ્રત્યે આવી ભક્તિ ભગવાન પ્રત્યે વિશેષ દ્રઢ થાય, જેથી ભગવાન આપણા સૌ ઉપર રાજી થાય તેવી પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના નિર્ભય ચરણ કમળમાં પ્રાર્થના.

**તંત્રી શ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ

## પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



(ઓગસ્ટ – ૨૦૦૫)

૨. ઉંઝા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં હીંડોળાના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી અને ત્યાં હરિભક્તોને ત્યાં પધરામણી.

૬. જેતલપુરધામ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં હિરના હિંડોળા દર્શન પોતાના વરદ્‌ હસ્તે ખુલ્લા મૂક્યા.

૭. માણસા ગામે ડૉ. રાકેશભાઈ ગોસ્વામીના બંસરી હાર્ટ એન્ડ મેડિકલ હોસ્પિટલના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી.

૮. ઘાટલોડિયા (નિલકંઠ મહાદેવ પાસે) અમદાવાદમાં શ્રી સ્વામિનારાયણ મંદિરનું ખાતમુહૂર્ત પોતાના વરદ્‌ હસ્તે કર્યું.

૧૦-૧૧. ધ્રાંગધ્રા - નરસીપરા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પાટોત્સવ પારાયણ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક રાત્રી પારાયણ પ્રસંગે પધરામણી.

૧૨ ઓગસ્ટ થી ૧૨ સપ્ટેમ્બર
સ્ટ્રેધામ (યુ.કે., I.S.S.O.) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પાટોત્સવ અને ત્યાં આપણા યુ.કે.ના મંદિરોમાં પધરામણી સભા, ગુરુમંત્ર વગેરે પ્રસંગ અને અમેરિકામાં ન્યુજર્સીમાં કોલોનીયામાં નવ નિર્મિત મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા અને (I.S.S.O.)ના અન્ય ચેપ્ટરોમાં સત્સંગ સભાઓ વગેરે પ્રસંગે પધરામણી.

## સર્વે સત્સંગી માત્રને જરૂરી સૂચન

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની બહુજ સ્પષ્ટપણે પોતાના સર્વે આશ્રિતોને આજ્ઞા છે કે પોતાની આવકમાંથી દશમો ભાગ અથવા વ્યવહારે દુર્બળ હોય તેને વીસમો ભાગ દેશ વિભાગના આધારે પોતે જે દેશવિભાગમાં વસતા હોઈએ તે દેશ વિભાગના દેવને અર્પણ કરવો.

કેળવણી સંસ્થાઓ, ગુરૂકુળો કે મંદિરોના નિર્માણ થતા હોય અથવા કોઈપણ સ્થાનમાં દાન કરવું હોય તો ***ધર્મદામાં કાપ મૂકીને દાન ન અપાય. દેવનો ધર્મદો અમદાવાદ શ્રીનરનારાયણ દેવની ગાદીના આશ્રિતોએ શ્રીનરનારાયણદેવના કોઠારમાં જ પોતાનો ધર્મદો (રોકડ, અનાજ ઈત્યાદિ) જમા કરાવી પાકી પાવતી મેળવવી જરૂરી છે.***

સર્વાવતારી શ્રીહરિની ઈચ્છાથી આપણો સંપ્રદાય દેશ વિદેશમાં બહુ વિસ્તૃત અને વ્યાપક બનતો જાય છે. દાતાઓ ઘણી વખત ક્યાં દાન આપવું, ક્યાં વાસ્તવિક જરૂર છે. ઈત્યાદિથી પુરા સજાગ ન હોવાથી અયોગ્ય જગ્યાએ દાનનો પ્રવાહ વળી જાય છે. માટે દાતાઓને સૂચન છે કે દાન માટે યોગ્ય માર્ગદર્શન પ.પૂ.આચાર્ય મહારાજશ્રી પાસેથી મેળવવાથી જરૂરિયાતવાળા મંદિર, કેળવણી સંસ્થા, ગુરૂકુળ ઈત્યાદિ અંગે દિશા સૂચન મળી શકશે.

# એ લડાઈની વાત બ્રહ્માનંદ જાણે રે

- રસિકભાઈ રામજીભાઈ ગોળવિયા (સુરત)

કૃષ્ણાવતારમાં બાળ કાનુડો જેમ માખણ લીલા કરતો તેમ શ્રીહરિએ ગઢપુર તેમજ ડાંગરવામાં ઘણીજવાર માખણ લીલા કરી છે. રાજકવિ માવદાનજીએ બ્રહ્મ સંહિતામાં પણ માખણ-દહીં લીલાઓ સુંદર રીતે વર્ણવી છે.

એક સમયે શ્રીહરિ ગઢપુરમાં અક્ષર ઓરડીની પાછળની ઓસરીએ સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા અને સંતોને આગ્રહ કરી કરીને બહુ-બહુ પકવાનો પીરસ્યા. પછી દહીં પીરસવા માટે ઓરડામાં જઈ ગોરસદુ લીધું (દહીંનું માટલું-હાંડલુ) તે લેતા મોટીબા જોઈ ગયા, મોટીબા મહારાજ ને કહે "ધડીક ખમો" તમોને હું દહીં આપું છું. તેમ કહી શ્રીજી મહારાજે ઉપાડેલુ દહીંનું દોણું હાથમાંથી મુકાવી મોટીબા લઈ ગયા. અને બોલ્યા કે મહારાજ તે માટલાના દહીંમાંથી તર ઉતારી લઉ પછી લઈ જાવ. મહારાજ કહે તે દહીંના દોણાની તર નહીં કાઢવા દઉં. તે દહીંનું માટલું લાવો. મોટીબા કહે, ખમો હમણા તર ઉતારી આપું છું. આમ મહારાજ અને મોટીબા બંનેની ખેંચતાણમાં દહીંનું માટલું પડવાથી ફુટી ગયું. દહીં રેલમછેલ થયું. કંઈક મહારાજના શરીર ઉપર પડ્યું ! કંઈક મોટીબાના શરીર ઉપર પડ્યું ! કંઈક જમીન ઉપર ઢોળાયું ! કંઈક દિવાલ અને બારણાને ચોટયું ! જમીન ઉપર જાણે ચાકળો (દહીંનો) ચિતરાઈ ગયો.

પછી મહારાજે બીજું દોણું લીધું તે પણ ખેંચતાણમાં ફુટી ગયું. સંતોની પંક્તિમાં આવતા મહારાજને વાર લાગી ત્યારે બ્રહ્માનંદ સ્વામી પંક્તિમાં પ્રથમ બેઠેલા હતા. જે ત્યાંથી બધું જ દેખતા હતા. અને મોટેથી બોલ્યા આ બેની લડાઈમાં આપણું દહીં ખોટુ થયું. માટે સૌ સંતો ઉઠી ચળુ કરી ઉતારે જઈએ. સહુ સંતો ઉઠી-ચળુ કરી ઉતારે ગયા. મહારાજ અને મોટીબા ગંગાજળીયા કૂવે ગયા અને દહીંને ધોઈને સારુ કર્યું.

ઉતારે જઈને બ્રહ્માનંદ સ્વામીએ આ દહીં-માખણ લીલા જોઈને ૨૪ પદો નવા બનાવ્યા. અને એ પદમાં એવું વેણ લખ્યું કે 'એ લડાઈની વાત બ્રહ્માનંદ જાણે રે' પછી તેજ દહાડે ત્રીજી પહોરે લીંબુતરુ નીચે સભા થઈ તેમાં બ્રહ્માનંદ સ્વામીએ દાણ લીલાના પદો ગાયા. ત્યારે બ્રહ્માનંદ સ્વામીને મહારાજ કહે એવું અમોએ ક્યારે કર્યું છે ? એતો અમારી સગી આંખે દીઠું છે અને તે ગાયું છે. પછી મહારાજ બહુ રાજી થયા. અને મોટીબાને કહેવરાવ્યું કે આ બ્રહ્માનંદને થાળ આપજ્યો સાથે દહીં આપજ્યો જેથી આપણી ફજેતી કરતા મટે. એમ સ્વામીએ સભામાં રમૂજ કરાવી. અને મહારાજની કૃપાથી થાળ અને દહીં બંને મેળવ્યા.

તે દાણ લીલાના પદો

'એક સમે હરિવનમાં ઉભા વેણ વાય રે,
લઈ મટુકી ગોપિકા મહી વેચવા જાય રે.
બેઉને તે મેળાપ થયો વનમાં એકાંત રે,
ગોપી સાથે ગુજ કરી ખાંતીલો ખાતે રે.
રસ ભરી રંગ રાડ થઈ વૃંદાવનની વાટે રે,
રાધિકાને રોકી રહ્યા હરિદાણને માટે રે.
રોષે ભરાણી રાધિકા બોલી વેણ અટારા રે,
તે માથે મારે નાથજી માર્યા મેણલા સારા રે.
સામ-સામાં સંવાદ થયા એકાંત ઠેકાણે રે,
એ લડાઈની વાત બ્રહ્માનંદ જાણે રે.'

## ભક્તિસુધા માટે લેખો શ્રી સ્વામિનારાયણ માસિક ઓફિસમાં મોકલવા અંગે

**પરમ પૂજ્ય અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની શુભ આજ્ઞાથી ભક્તિ સુધામાં નિયમિત સુંદર લીલા ચરિત્રો અને શ્રીહરિના મહિમાના લેખો લખતા બહેનોને જણાવવાનું કે હવેથી આપના લેખો નિયમિત દર મહિનાની ૨૦મી તારીખ સુધીમાં શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય પર રૂબરૂ અથવા ટપાલથી મોકલવા ખાસ સૂચન છે.**

**હવેથી ભક્તિ સુધા અંક અલગ પ્રકાશીત નહીં થાય. પરંતુ શ્રી સ્વામિનારાયણ માસિક સાથે (સંલગ્ન) દર માસે પ્રકાશીત થશે. જેની ભક્તિસુધા ના દરેક સભ્યોએ નોંધ લેવી.** - આજ્ઞાથી

# વાલમપધાર્યા વડનગર

- શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી (શ્રી સહજાનંદ ગુરુકુળ-વડનગર)

ઉત્તર ગુજરાત અંતર્ગત દંઢાવ્ય દેશમાં આવેલ સુપ્રસિધ્ધ પ્રાચીન તીર્થભૂમિ વડનગરમાં સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાના પરમહંસો, પાર્ષદો, કાઠીસ્વારો સહિત અનેકવાર પધાર્યા છે, અને વડનગરની ભૂમિને અત્યંત પાવન કરી છે. વડનગરમાં અનેક લીલાચરિત્રો કરીને તેમજ ધર્મોપદેશ દ્વારા અધર્મનો નાશ કરી પોતાના ભક્તોની રક્ષા પણ કરી છે. જ્યારે જ્યારે ભગવાન શ્રીહરિ દંઢાવ્ય દેશમાં પધારતા ત્યારે વડનગર અવશ્ય પધારતા, અને ભક્તજનોના ભાવ પૂર્ણ કરતા હતા. વડનગરમાં આવેલ ૧૪૮ એકરના શર્મિષ્ઠા સરોવર કિનારે શ્રીહરિ ઘણીવાર સભા પણ કરતા તથા તે સરોવરમાં ઘણીવાર સંતો પાર્ષદો અને ભક્તજનો સહિત સ્નાન પણ કરતા. જ્યારે જ્યારે ભક્તવત્સલ ભગવાન શ્રી સ્વામિનારાયણ વડનગર પધારતા ત્યારે વડનગરના ભાવિક ભક્તજનો શ્રીહરિનું સામૈયું કરી નગરમાં પધરાવી ચંદન, પુષ્પહારો વડે પૂજા કરી શ્રીહરિની સેવા કરતા હતા. ભગવાન શ્રીહરિ પણ વડનગરમાં ભાવિક ભક્તજનોના ઘેર ઘેર થાળ જમી તે ભક્તોના ઘરોને સ્વચરણ કમળથી પાવન કરતા હતા.

એક સમયે શ્રીહરિ સંતો, પાર્ષદો સહિત બામણવા ગામથી વડનગર પધાર્યા ત્યારે ભક્તજનોએ સામૈયું કરી વધાવ્યા. શ્રીહરિએ સમયે નગરની બહાર રમણીય સ્થળે મુકામ કર્યો. આંબાના ઘણા વૃક્ષો હતો ત્યાં ઊતર્યા. ઉત્તર દિશામાં આવેલ 'શર્મિષ્ઠા સરોવર' ચારે બાજુથી બાંધેલું જોઈ શ્રીહરિ તેની પ્રશંસા કરવા લાગ્યા અને સંતોને કહ્યું કે, આજે તમે સૌ આ સરોવરમાં સ્નાન કરો જેથી આરા બંધાવનારાનું ખર્ચ લેખે લાગે. અને તે બંધાવનારને મોક્ષમાર્ગમાં રૂચિ થાય.

સહુનો મોક્ષ કરવો તે અમારો સિધ્ધાન્ત છે. અને તે અમને સહુથી વધારે ગમે છે. સહુ કોઈનું હિત કરવું એવી અમારી સ્વાભાવિક રૂચિ છે. મોક્ષમાર્ગે ચાલવું તે જ સૌથી અધિક છે. બધાનું હિત થાય એમ જ અમારી ઈચ્છા છે. એમ વાત કરી રહ્યા પછી વાજાવાળા હતા તેમને શ્રીહરિએ કહ્યું કે, સંતની પંક્તિ થાય ત્યારે તે તમે પણ જમવા આવજો. એમ કહીને ફૂલના હાર આપ્યા અને આગેવાનને પહેરામણી પણ આપી. શર્મિષ્ઠા સરોવર પાસે શ્રીહરિએ સભા કરીને સંતો પાસે ગરબીનાં પદ ગવરાવ્યાં. શ્રીહરિ પોતે પણ ગાતા ત્યારે અતિરસ જામતો. રસોઈ તૈયાર થતાં શ્રીહરિએ જમીને સૌ સંત પાર્ષદ વગેરેને પંક્તિમાં બેસાડ્યા. ધીણોજના વિપ્રે રસોઈ કરાવી હતી. તેમણે શ્રીહરિની પૂજા કરી સંતની પણ પૂજા કરી. સંતોને હાર પહેરાવી એક એક અગરબત્તી તેમના આગળ મૂકી. સંતો સૌ નારાયણ ધૂન કરતા હતા. સંતની પૂજા કરી રહ્યા પછી શ્રીહરિ પંક્તિમાં ઘણા ઘીથી બનાવેલા લાડુ પીરસવા લાગ્યા. વચમાં ચોકવાળી તે ધર્મશાળાની જગ્યા હતી તે જોઈને શ્રીહરિ બોલ્યા કે, વડતાલ અને શ્રીનગર (અમદાવાદ)માં આવી જ ધર્મશાળા કરવી છે. આવી ધર્મશાળા હોય ત્યારે સંતની પંક્તિ કરવી સારી લાગે. એમાં કોઈ અંતરાય રાખવો નથી. અંતરાયે કરીને ગૃહસ્થના ઘર જેવું દેખાય. શ્રીહરિ તથા સંતો-પાર્ષદો ભક્તજનો સત્સંગ કરી રાત્રે મુકામે પધાર્યા.

સંતોએ સવારમાં શર્મિષ્ઠા સરોવરમાં સ્નાન કરી શ્રીહરિ સાથે જળક્રીડા કરી. શ્રીહરિ જ્યારે જ્યારે વડનગર આવ્યા છે તેટલીવાર આ સરોવરમાં નાહ્યા છે. રામાનંદ સ્વામી પણ આ સરોવરમાં નાહ્યા છે. રામાનંદ સ્વામીના વખતમાં જેવો સત્સંગ હતો તેવોને તેવો આજે પણ આ ગામમાં સત્સંગ રહ્યો છે. વડનગર, વિસનગર, પ્રાંતિજ, મેઉ, ઊંઝા, નારદીપુર, કડી,

શ્રીનગર, વહેલાલ, કણભા, ગામડી, જેતલપુર, ચલોડા, વીંછીયા, મછીઆવ, દદુકાને દેવળીયા ગામ સુધી રામાનંદ સ્વામી આવેલા હતા. તેમના વખતથી ત્યાં સત્સંગ હતો.

શ્રીહરિ સંતો હરિભક્તો બધા સરોવરમાં નાહ્યા પછી મુકામ પર આવી સભા કરી. શ્રીહરિ પોતે ચોતરા ઉપર ગાદી તકીયે બેઠા. વડનગરા નાગર મોટા ગૃહસ્થ હતા તેમને શ્રીહરિએ પોતાની પાસે બેસાડ્યા હતા. સૌ ફૂલના હાર લાવીને પહેરાવતા. બ્રહ્મમુનિએ 'નિત્ય ભજીએ' એ સ્વરચિત પદ ગાયું. જેમાં ઉપદેશને ભગવાનની મૂર્તિનું માહાત્મ્ય હોય તેવાં પદ શ્રીહરિ ગવરાવતા. રસોઈ આપનાર હરિભક્ત પૂજા કરવા આવ્યા. પૂજા કરી રૂપિયાનો થાળ ધરી, આરતી સ્તુતિ કરી, સંતોની પૂજા કરી. પૂજા થઈ રહેતાં સંધ્યા વખત થયો. આરતી નારાયણ ધૂન કરીને પરસ્પર પગે લાગી સૌ બેઠા. ત્યારે વિદ્વાન વિપ્રના પ્રત્યે શ્રીહરિ બોલ્યા કે, તમો બુદ્ધિમાન છો તો કંઈક પૂંછો, તે ઉપર અમે વાત કરીએ, સવારે અમારે ચાલવાનો વિચાર છે.

ત્યારે વિદ્વાન વિપ્રો હાથ જોડી બોલ્યા કે, તમારી પાસે આખું શહેર ધંધો છોડીને સવારથી આવીને બેસે છે. કારણ કે ગુરુએ જેટલું સામર્થ્ય હતું તે પોતાના શિષ્યોને દેખાડ્યું છે. અમને કોટિ વાતે અહીં આવવાનું મન ન હતું. પણ તમને આવતા સાંભળીને જીવ દોડીને આવ્યો છે. મનમાં વારે વારે ઘેર જવાનો ઠરાવ કર્યો, પણ તમને દેખ્યા વિના જીવમાં જંપ વળતો નથી. માટે બધાય જીવની દોરી તમારા હાથમાં હોય તેમ અમને દેખાય છે. આજ સુધી સત્સંગનો અમે બહુ દ્રોહ કર્યો. વેરાગી ગુરુઓ તથા અમે તમને જે માને તેની નિંદા કરતા. તમારા શિષ્યો સૌ પોતાના ધર્મમાં ચાલે છે. શાસ્ત્રમાં નિંદિત ગણેલી અભક્ષ્ય વસ્તુઓનો તમે નિષેધ કરો છો. તેને અમે પ્રતિપાદન કરતા. તમે યજ્ઞ કરી કેટલાય બ્રાહ્મણોને જમાડ્યા ને દાન દક્ષિણા દીધી. એમ તમારી પાસે આવેલા ધનનો ઉપયોગ કરી નાખો છો. અમને તે નજરે દેખાય છે. વિપ્ર હોય તે વિપ્રનો મહિમા જાણે. તમારી પાસે છીએ ત્યાં સુધી આવું સમજાય છે. પણ દૂર થઈશું ત્યારે આવી બુદ્ધિ રહેશે નહિ. માટે તે બુદ્ધિ ફરે નહિ એવી કોઈ વાત કરો. ત્યારે શ્રીહરિ બોલ્યા, જ્યાં સુધી જીવને મોક્ષનો ખપ નથી ત્યાં સુધી વિભ્રાંત મને ફરે છે ને મોહ મદિરાએ કરીને એકમતિ રાખી શકતો નથી. ગુલાબના બાગમાં બેસે ત્યાં સુધી ગુલાબની સુગંધ આવે. મળના ખાડામાં બેસે ત્યારે એવો ગંધ આવે. જેવું ખાય તેવો ઓડકાર આવે છે. એમ ખાધા પીધાની ચીજમાં જેવો ગુણ હોય તેવું અંતર થઈ જાય છે. તેવી જ રીતે રૂપ, શબ્દ, સ્પર્શ વગેરે વિષયોનું પણ જાણવું. ભગવાન ને ભગવાનના સંત વિના સાચા જ્ઞાનની ગમ પડે નહિ. બેમાંથી એકેયનો જોગ ન થાય તો સાચું જ્ઞાન મળે જ નહિ, અને અજ્ઞાનનો નાશ થાય નહિ. પછી ભલેને બ્રહ્મા જેવો સમર્થ હોય. સભામાં બેઠેલા વિદ્વાનો શ્રીહરિની વાત સાંભળી આશ્ચર્ય પામી બોલ્યા કે, તમે જ સત્ય ભગવાન છો. એ વાત અમારા જાણવામાં હવે આવી છે. હવે જો અમારું અંતર ફરી જાય તો અમારા સમાન અધમ બીજો કોઈ કહેવાય નહિ. અમારો ઉદ્ધાર કરવા તમે પધાર્યા છો.

શાસ્ત્રમાંથી સાંભળ્યું છે કે, સાચા ગુરુ મળે ત્યારે સાચા જનોને જ્ઞાનની ગમ પડે છે.

વ્હાલા સજ્જનો ! વડનગરમાં શ્રીહરિના સ્વમુખેથી અમૃતવાણી સાંભળી મુમુક્ષુ બ્રાહ્મણોએ સાચા ગુરુ એવા ભગવાન શ્રીહરિની શરણાગતિ સ્વીકારી ધન્ય થયા. એ જ પ્રમાણે આપણને સૌને શ્રીહરિએ ધર્મવંશી ધર્માચાર્ય શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ગુરુ તરીકે આપેલા છે તેઓશ્રીની શરણાગતિ સ્વીકારી ધન્યતા અનુભવીએ એજ સત્સંગનું સાચુ સુખ અને એમાં જ શ્રીહરિનો રાજીપો છે.

*(શ્રીહરિ ચરિત્રામૃત સાગર ગ્રંથના આધારે)*

# ઉત્કૃષ્ટ ગુરુભક્તિ

- ગોરધનભાઈ વી. સીતાપરા
(હીરાવાડી-બાપુનગર)

પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ શ્રી સ્વામિનારાયણ ભગવાને જેમને 'સત્સંગની મા'નું બિરુદ આપ્યું છે એવા મુક્તાનંદ સ્વામી રચિત 'મુક્તાનંદ કાવ્ય' નામના ગ્રંથમાં "સત્સંગ શિરોમણિઃ" પ્રકરણમાં આપોદધૌમ્ય નામના મુનિવરના ત્રણ શિષ્યોની ઉત્કૃષ્ટ ગુરુભક્તિની વાત કાવ્યાત્મક લખી છે જે સત્સંગી માત્ર માટે બહુ સમજવા જેવી અને જીવનમાં ઉતારવા જેવી છે. અત્રે ગદ્યમાં રૂપાંતર કરી લખું છું.

સ્વામિનારાયણ ભગવાન મુકુંદ બ્રહ્મચારીને કહે છે. ગુરુ અને સંત ને જે દેવ જાણી સેવતો નથી તેઓમાં દેહબુદ્ધિ લાવીને અવગુણ લે છે. પોતાને વ્યવહારમાં ખૂબ ગુણ વાળો માને છે. તેવો ખળ પુરુષ વધારે અભિમાન વાળો થઈને સત્સંગમાં ખૂબ ઘટી જાય છે. રોગી પંચામૃત પીવે તો પણ તેને લાભને બદલે હાનિ થાય છે. જે વ્યક્તિ મુનિવરને બ્રહ્મ કરીને જાણે છે તેમનામાં ક્યારેય દોષબુદ્ધિ લાવતો નથી. તે વ્યક્તિ આરૂણિ અને ઉપમન્યુની જેમ ભગવાન અને પોતાના ગુરુનો અતિ કૃપાપાત્ર થાય છે. પ્રભુના આવા વચન સાંભળીને મુકુંદવર્ણી ઉત્સાહ લાવીને પ્રભુના ચરણોમાં મસ્તક નમાવીને પૂછે છે. હે મહારાજ ! આરૂણિ અને ઉપમન્યુ એ કેવી રીતે ગુરુભક્તિ કરી ? તેઓના ઉપર તેઓના ગુરુ શા માટે - કેવી રીતે રાજી થયા ? મને દીન જાણી આ બધી કથા ક્રમથી કહો.

મુકુંદવર્ણીના આવા વિનય સાથેના વચનોથી શ્રીહરિ રાજી થઈને પાપહરણીની આ કથા કહે છે. આપોદ ધૌમ્ય નામના મુનિને ત્રણ શિષ્યો હતા. આરૂણિ, ઉપમન્યુ અને વેદ. ત્રણે શિષ્યોની ગ્રંથમાં અનુક્રમથી ગુરુભક્તિ નિરૂપણ કરેલી છે. પરંતુ આપણે અહીં લેખ બહુ લાંબો ન થાય તેવા હેતુથી ફક્ત એક ઉપમન્યુ શિષ્યના દ્રષ્ટાંતની વાર્તા લખુ. જેમાં ત્રણે શિષ્યોના ગુણોનું અનુમાન આવી જશે.

દરેક પ્રકારે સાર અસારને જાણનારો અને અતિ નિર્મળ બુદ્ધિવાળા એવા પોતાના ઉપમન્યુ નામના શિષ્યને તેના ગુરુએ આજ્ઞા કરી કે તારે ગાયોની સંભાળ લેવી. શિષ્યે પોતાના ગુરુનું વચન દેવ વાક્ય તુલ્ય માન્યુ. ગાયોની સેવા કરવા લાગ્યો. દિવસે ગાયો ચારવા જાય અને સાંજે પાછો આવીને પોતાના ગુરુના ચરણોમાં શીશ નમાવે. શિષ્યનું શરીર હુષ્ટપુષ્ટ જોઈને ગુરુ પૂછે છે. હે ઉપમન્યુ ! તું તારા શરીરનું પોષણ કેવી રીતે કરે છે ?

શિષ્ય : "ભિક્ષાવ્રત રાખીને મારો જીવ નિર્વાહ કરુ છું. હે ગુરુ ! તમારા વચનમાં મને ઘણો સ્નેહ છે."

ગુરુ : "મને આપ્યા વિનાનું ભિક્ષા અન્ન તારે ગ્રહણ કરવા યોગ્ય નથી."

શિષ્યે ગુરુ આજ્ઞાને મસ્તક પર ચડાવી. ભિક્ષા માગીને ગુરુને સમર્પણ કરવા લાગ્યો. ગુરુ ભિક્ષા અન્ન બધું લઈ લે. પરંતુ તેમાંથી સહેજ પણ શિષ્યને ન આપે ! તો પણ શિષ્ય ગુરુનો અવગુણ ન લે. આખો દિવસ જંગલમાં ગાયો ચારે અને સાંજ પડે એટલે દીન થઈને અનન્ય ગુરુ ભક્તિથી પોતાના ગુરુના ચરણોમાં વંદન કરે. ફરી ગુરુએ શિષ્યનું પુષ્ટ શરીર જોઈને પૂછયું.

ગુરુ : "તારી પાસેથી હું બધું ભિક્ષા અન્ન લઈ લઉં છું. છતાં તારા શરીરનું પોષણ તું કેવી રીતે કરે છે ?"

શિષ્ય : "હે ગુરુદેવ ! પ્રથમ વાર જે ભિક્ષામાં આવે છે તે તત્કાલ તમોને અર્પણ કરી દઉં છું. ફરીથી બીજી વાર જે ભિક્ષા માંગી લાવું છું તે મારા શરીર અર્થે ઉપયોગમાં લઉં છું. તેવી રીતે મારા શરીરનો નિર્વાહ થાય છે."

ગુરુ : "તારા માટે આ યોગ્ય ન કહેવાય ! લોભથી તુ બે વાર ભિક્ષા માંગીને અન્ય ભિક્ષુકની તું નિર્વાહવૃતિ તોડે છે."

પ્રેમથી ગુરુ વચન ગ્રહણ કરીને પ્રથમની જેમ શિષ્ય ગાયો ચરાવવા લાગ્યો. ગાયો ચરાવીને ગુરુના ચરણોમાં વંદન કરીને પાસે બેસે ત્યારે ફરી ગુરુએ શિષ્યનું શરીર પુષ્ટ જોઈને પૂછયું.

ગુરુ : "હે ઉપમન્યુ ! તું પ્રેમથી જે ભિક્ષા માંગી લાવે છે, તે સઘળી ભિક્ષા હું તારી પાસેથી લઈ લઉં છું. ફરી વાર તને ભિક્ષા માંગવા જવા દેતો

નથી. છતાં ક્યાં કારણથી તારું શરીર પુષ્ટ છે ?''

શિષ્ય : હાથ જોડીને, ''ગાયના દૂધથી શરીરનું પોષણ કરું છું.''

ગુરુ : ''દૂધ તારે પીવા યોગ્ય નથી. મેં તને એવી આજ્ઞા નથી કરી !''

પોતાના ગુરુનું વચન મસ્તક પર ચડાવી શિષ્ય મગ્ન થઈને ગાયો ચરાવે છે. સાંજના સમયે પોતાના ગુરુના નિવાસ સ્થાને આવી ચરણમાં શીશ નમાવી પાસે બેસે છે. ત્યારે ગુરુએ શિષ્યનું ફરી અધિક પુષ્ટ શરીર જોઈને શિષ્યને અમૃતસમાન વાણી કહે છે.

ગુરુ : ''મારા ઉપદેશથી તે જેમ ભિક્ષા અન્ન છોડ્યું તેમ દૂધનું પાન કરવાનું પણ છોડી દીધું છે. હવે તારા જીવન નિર્વાહની વૃત્તિ કેવી રીતે છે ? તે મને કહે.''

શિષ્ય : ''ગાયના વાછરડા જ્યારે ગાયનું દૂધ પીવે છે. ત્યારે દૂધનું જે ફીણ ઉડાડે છે. તે નીચે પડતા ફીણથી મારો નિર્વાહ કરું છું. બીજું કંઈ મારું પોષણ નથી.''

ગુરુ : ''વાછરડા ભારે કૃપાળુ કહેવાય, તારા અર્થે બહુ ફીણ ઉડાડે છે. પરંતુ તે તો વાછરડાની વૃતિનો અવરોધ થાય છે. ફીણ તારા માટે યોગ્ય ન કહેવાય !''

ત્યારે શિષ્યે ફીણનું પાન પણ તજી દીધું અને ખૂબ પ્રવીણ તેમજ ધીરજ વાળો તે શિષ્ય દરરોજ ગાયો ચરાવવા લાગ્યો. પોતાના ગુરુનો અવગુણ ન આવ્યો. જ્યારે ભૂખથી ખૂબ પીડાવા લાગ્યો ત્યારે વનમાં આંકડાના પાનનું ભક્ષણ કરી લીધું. તીક્ષ્ણ ક્ષાર યુક્ત આંકડાના ઝેરથી જઠરમાં આગ લાગી. દુઃખ દાયક પીડા થઈ. તત્કાલ તે મુનિ (શિષ્ય) આંધળો થઈ ગયો. આંધળો થઈને પણ ગાયો ચરાવવા લાગ્યો. તેથી તે મુનિ એક કૂવામાં પડી ગયો.

સૂર્યાસ્ત થયો છતાં ઉપમન્યુ વનમાંથી પાછો ન ફર્યો. ત્યારે ગુરુ પોતાના બીજા શિષ્યને શુભ વાણી કહેવા લાગ્યા. શુભ બુદ્ધિ વાળો ઉપમન્યુ ક્યાં કારણથી હજુ આવ્યો નથી ? મને એવું જણાય છે કે તેની તમામ જીવન નિર્વાહની વૃત્તિ મેં તોડી તેથી તે કોપાયમાન થયો લાગે છે ! તેની જરૂર મારે શોધ કરવી જોઈએ. એમ કહી ગુરુ બીજા શિષ્ય સાથે ચાલ્યા. વનમાં આવીને ગુરુએ પોકાર કર્યો. ''મારો પુત્ર ઉપમન્યુ તું ક્યાં છે ?'' ગુરુ વચન સાંભળીને હર્ષ લાવીને ઉંચે સ્વરે શિષ્ય કહે છે ''હે ગુરુદેવ ! હું કૂવામાં પડ્યો છું. હે કૃપાળુ ! મને દર્શન આપો !'' ત્યારે ગુરુ કૂવાની નજીક જઈને કહે છે. ''હે જ્ઞાની મુનિ ! તું કેમ કૂવામાં પડ્યો ?''

શિષ્ય : ''મેં આંકડાના પાન ખાધા તેથી હે મુનિરાય ! હું આંધળો થયો છું અને કૂવામાં પડી ગયો છું.''

ત્યારે ગુરુએ કૂવામાંથી બહાર કાઢીને શિષ્યને સુખદ ઉપાય બતાવ્યો.

ગુરુ : ''દેવોના વૈદ્ય અશ્વિનીકુમારો ની તું સ્તુતિ કર. તેઓ તારો નેત્રરોગ હરિને પહેલાના જેવી આંખો કરી દેશે.''

ગુરુનું વચન સાંભળીને શિષ્યે અશ્વિનીકુમારોનું સ્તવન કર્યું. ત્યારે તે બન્ને અશ્વિનીકુમારોએ દર્શન આપીને કહ્યું. આ અમોએ લાવેલા અમૃતનું તું પાન કરી લે. ત્યારે ઉપમન્યુ કહેવા લાગ્યો. ગુરુને અર્પણ કર્યા વિના હું એ ન જમુ ! ત્યારે બંને દેવો કહે છે : હે નિર્માની વિપ્ર શ્રેષ્ઠ સાંભળ ! તારા ગુરુએ જ્યારે પહેલા સ્તવન કર્યું હતું ત્યારે અમે આ અમૃત તેમને આપ્યું હતું. ત્યારે તેમણે તેમના ગુરુને આપ્યા વિના ખાધુ હતું. હે તાત ! તું પણ તેમ જ કર આ શ્રેષ્ઠ ઔષધ રૂપી અમૃતને પ્રેમથી ગ્રહણ કર !

ઉપમન્યુ : હે દેવો ! ગુરુને અર્પણ કર્યા વિનાનું તમારું ઔષધરૂપી એ અમૃત મને તો ઝેર જેવું ભાસે છે.

અશ્વિનીકુમારો : તારી અજોડ ગુરુભક્તિથી અમે તારા પર પ્રસન્ન થયા છીએ. ગુરુની સાથે તારું પણ સઘળું કાર્ય સિધ્ધ થયું છે. તમે ગુરુ શિષ્ય બન્ને વ્રજના દાંતવાળા થાઓ. તમારા બન્નેનું પરમ શ્રેય થાઓ ! તમે ગુરુભક્ત તરીકે ખૂબ પ્રખ્યાત થાઓ. તમને તુરત જ ચક્ષુલાભ પ્રાપ્ત થાઓ !

અશ્વિનીકુમારો પાસેથી વરદાન મેળવીને ઉપમન્યુ પોતાના ગુરુના નિવાસ સ્થાને તુરત જ ચાલી આવ્યો અને બહુ પ્રકારે ગુરુવંદના કરી. ત્યારે ગુરુએ પણ પ્રેમ સાથે શિષ્યને વરદાન આપ્યું. અશ્વિનીકુમારો ના વરદાન મુજબ તારું પરમ શ્રેય થયું છે. સૂર્યના પ્રકાશની જેમ તારા હૃદયમાં ધર્મશાસ્ત્રો અને વેદોનો પ્રકાશ રહે ! ગુરુ ભક્તિથી ઉપમન્યુ પરમસિધ્ધ થયો. ભગવાન અને પોતાના ગુરુની કૃપાને પામ્યો.

બાકીના બંને શિષ્યો પણ ગુરુની આજ્ઞા પાળીને ગુરુનો રાજીપો મેળવીને

ગુરુ થકી પરમ શ્રેયના વરદાન પામીને ગુરુભક્તિમાં વિખ્યાત થઈને સત્સંગ શિરોમણીનું બિરુદ પામીને ભગવાનની કૃપાને પણ પામ્યા હતા.

જેઓના ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન છે તેવા હરકોઈ ત્યાગી ગૃહીના ગુરુસ્થાને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી છે. જે સ્વામિનારાયણ ભગવાને જ શોધી આપેલા છે. સત્સંગ બહુ વિશાળ છે. શિષ્યો લાખોની સંખ્યામાં છે. ગુરુ માત્ર બે જ છે. અમદાવાદ ગાદી પર બિરાજમાન પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા વડતાલ ગાદી પર બિરાજમાન પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી. શ્રીજીમહારાજ કહે છે.

અમે એમાં એ છે અમમાંઈ રે,
એમ સમજો સહુ બાઈ ભાઈ રે,
એથી ન અળગા રહીએ રે, એમાં
રહીને દર્શન દઈએ રે.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, શ્રીજી મહારાજનું 'અપર સ્વરૂપ' છે. 'અપર' એટલે 'પર' નહિં તેવું અર્થાત્ પ્રત્યક્ષ !

આપણા ગુરુ આપણને ગાયો ચરાવવા મોકલતા નથી, ખેતીકામ કરવાનું કહેતા નથી. તેઓની વ્યક્તિગત સેવા ક્યારેય કહેતા નથી. ફક્ત એટલું જ કહે છે. શિક્ષાપત્રીની મર્યાદામાં રહીને શ્રીજી મહારાજનું ભજન કરો. સત્સંગ કરો અને અન્ય મુમુક્ષુજનને સત્સંગ કરાવો. આપણે લાખોની સંખ્યામાં હોવાથી આપણા ગુરુ આપણને કોઈપણ વ્યક્તિગત આજ્ઞા કરે એ અશક્ય છે. પરંતુ જાહેર સભાઓમાં તેઓશ્રીના મુખેથી નીકળતા બોલ આપણે ઝીલી લેવા જોઈએ. એ આજ્ઞા પાળીએ એટલે મહારાજશ્રી રાજી થાય અને આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન પણ રાજી થાય ! પોતાના ગુરુ અને ભગવાન રાજી થાય પછી જીવને કરવાનું શું બાકી રહ્યું ? જેના માટે મનુષ્ય દેહ મળ્યો હતો એ સાર્થક થઈ ગયું !

જેમ સત્સંગી માત્રને સ્વામિનારાયણ ભગવાનમાં ઈષ્ટબુદ્ધિ છે. તેમ સત્સંગીમાત્રને જો ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીમાં આરૂણિ, ઉપમન્યુ અને વેદના જેવી ઉત્કૃષ્ટ ગુરુભક્તિ અને દિવ્ય ભાવ આવે, સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલી બે ગાદી પ્રત્યે વફાદારી અને નિષ્ઠા આવે તો સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલા આ દિવ્ય અને સર્વોપરિ સત્સંગમાં એકસૂત્રતા આવી જાય. અને શ્રીજી મહારાજને રાજી કર્યાનું મોટામાં મોટું સાધન પણ એ જ છે. જગતના લોકો ગુરુ શોધી રહ્યા છે. જ્યારે આપણને આપણા ઈષ્ટદેવ શોધી આપેલા ગુરુનો પુરો મહિમા સમજાતો નથી. જો મહિમા સમજાય તો ગુરુપૂર્ણિમાના દિવસે અમદાવાદ અને વડતાલના સભા મંડપમાં સત્સંગી સમાઈ શકે નહિ. મંદિર નાનું પડે. મંદિરની બહાર લાઈન લાગી જાય. ત્યારે પ્રચાર-પ્રસાર મિડિયા ને પણ નોંધ લેવી પડે કે આ લાલ પાઘ વાળા સ્વામિનારાયણ સંપ્રદાયના ગુરુ છે. ખરેખર ! આપણા ગુરુનો મહિમા સમજવા માટે દરેક સત્સંગીએ દરરોજ નહિ તો મહિનામાં એકવાર નિષ્કુળાનંદ સ્વામી રચિત 'નિષ્કુળાનંદ કાવ્ય' ગ્રંથમાંથી 'પુરૂષોત્તમપ્રકાશ'નો પાઠ કરવો જોઈએ.

જ્યારે તમામ ત્યાગી-ગૃહીને વિદ્યમાન સત્સંગની ગાદી પર બિરાજમાન ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીમાં ગુરુપણાની ભાવના આવશે ત્યારે સત્સંગના બધા જ પ્રશ્નો આપો આપ હલ થઈ જશે. ગુરુમંત્ર પ્રદાન કરવાનો જેમને અધિકાર હોય તે જ આપણા ગુરુ. શિક્ષાપત્રીમાં પણ ઘણાં શ્લોકોમાં મહારાજે ધર્મવંશી આચાર્યશ્રીને સત્સંગી માત્રના ગુરુ તરીકે નિરૂપ્યા છે. વ્યક્તિગત શિક્ષાગુરુ તરીકે ગમે તે સંતમાં ભાવના હોય. પરંતુ જગતની કોઈ વ્યક્તિ પૂછે, તમારા ગુરુ કોણ ? તો તુરત પોત પોતાના દેશના ગાદી પર વિરાજમાન ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનું નામ જીભ પર આવવું જોઈએ. આપણા ગુરુએ આપણા કાનમાં શ્રીકૃષ્ણના અષ્ટાક્ષર મંત્ર (ગુરુમંત્ર)નો ઉપદેશ કર્યો ત્યારે તો આપણને ભગવાન ભજવાનો અધિકાર મળ્યો છે ! ત્યારે તો આપણને 'સત્સંગી'ની સંજ્ઞા મળી છે. આપણા ગુરુ પોતાનો મહિમા પોતાના મુખેથી ન કહી શકે, તેઓ ફક્ત મહારાજ, મહારાજે સ્થાપેલા દેવ તથા સંતોનો મહિમા કહી શકે. પરંતુ સંતો તથા હરિભક્તની ફરજ છે કે મહારાજનો મહિમા કહેતા કહેતા સાથે સાથે ધર્મવંશી આચાર્યશ્રીનો 'ગુરુ' તરીકેનો મહિમા કહેવો.

# જીવનમુક્ત જીવુબા અને લાડુબાની બુદ્ધિમત્તા

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

ગઢડા પંથકમાં 'એભલ ખાચર' ખ્યાત નામ દરબાર ગણાતા. એમના પનોતા પુત્રનું નામ ઉત્તમકુમાર. આ ઉત્તમકુમાર સહજાનંદ સ્વામીના સંપર્કમાં આવ્યા પછી 'દાદા ખાચર' નામે ઓળખાવા લાગ્યા. એભલ ખાચરને જીવુબા અને લાડુબા નામે બે પરમજ્ઞાની પુત્રીઓ હતી. શ્રીજી મહારાજ જ્યાં બિરાજે ત્યાં દાદા ખાચરના પિતાશ્રી એભલ ખાચર દર્શનાર્થે જાય, અને ઘેર આવીને સૌને મહારાજની અમૃતવાણી કહી સંભળાવે.

શ્રીજી મહારાજ કારિયાણી બિરાજમાન છે માટે આપણે સૌ પરિવાર સહિત મહારાજના દર્શને જઈએ એભલ બાપૂએ ઘરના સૌને આ વાત કરી. ત્યારે આ શુભ સમાચાર સાંભળી સૌના આનંદની કોઈ સીમા ન રહી. એભલ ખાચર સહકુટુંબ કારિયાણી આવ્યા ત્યારે સભામાં માંચાખાચરે એભલ ખાચરનો ઉભા થઈને પરિચય આપવા માંડ્યો. તે વખતે મહારાજે મરક મરક હસતાં કહ્યું : "અરે ! હું તો એભલ ખાચરને એમના જન્મ પહેલાંથી જ ઓળખું છું."

મહારાજના આ શબ્દો સાંભળીને જીવુબા અને લાડુબા તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા ! અનિમેષ નેત્રે મહારાજને નિહાળી એમની મૂર્તિ હૈયામાં ઉતારવા લાગ્યાં. બંને બહેનોને સમજાઈ ગયું કે, શ્રીજી મહારાજ એક અવતારી વિભૂતિ છે. ત્યારથીજ બંને બહેનોનાં હૃદયમાં દૃઢ વૈરાગ્યનું બીજારોપણ થયું.

મહારાજની વિદાય લેતી વખતે એભલ ખાચરે કહ્યું : "મહારાજ ! એક વખત ગઢડા જરૂરથી પધારો."

મહારાજ બોલ્યા : "ગઢડા જરૂર આવીશું, ગઢડા તો અમારું પોતાનું ગામ છે."

આ શબ્દો સાંભળી સૌના હૃદય પુલકિત બન્યાં.

મહારાજ ગઢડા પધાર્યા ત્યારે એભલ ખાચરનો આખોય પરિવાર શ્રીજી મહારાજની સેવામાં તન્મય બની ગયો. કથા, કીર્તન દરમિયાન સભામાં સ્ત્રી વર્ગ જ્યાં બેઠો હોય ત્યાં જીવુબા અને લાડુબા લાજ કાઢીને બેસે. કારણ કે પરપુરુષનું મોં ન જોવું એવું એમનું દૃઢ વર્ત હતું. "Simple living and high thinking." - "સાદગી ભર્યું જીવન અને ઉચ્ચ વિચાર" આ સૂત્ર બંને બહેનોએ અપનાવ્યું હતું. વળી, આહાર - વિહારમાં પણ પૂરતો સંયમ રાખે.

બંને બહેનો હવે ઉંમર લાયક થઈ છે. મહારાજે એભલ ખાચરની ચિંતા જાણીને મોભમમાં કહ્યું : "એભલ ખાચર ! હું સમજું છું. તમારી બંને દીકરીઓ મોટી થઈ છે. તેમની ચિંતા મને કોરી ખાય છે. ચારણ લાડુદાન ભગત મહા વિદ્વાન છે. તેઓ તેમને લગ્નગ્રંથિનો મહિમા સમજાવશે. આ દેવી પુત્ર પર સરસ્વતીની કૃપા વરસી હતી. તેઓ શીઘ્ર કવિ કહેવાતા."

મહારાજે આ બાળ બ્રહ્મચારીને લગ્નગ્રંથિનો બોધ આપવા મોકલ્યા. વચ્ચે પડદો રાખ્યો અને એભલ ખાચર લાડુદાનજી પાસે બેઠા. અન્યોન્ય 'જય સ્વામિનારાયણ' કહીને આ દેવીપુત્રે વાર્તાલાપ શરૂ કર્યો.

"પરમકૃપાળુ પરમાત્માએ તમને ઉત્તમ કુળમાં જન્મ આપ્યો છે. તમે તો રૂપ, ગુણ અને બુદ્ધિમત્તાથી શોભાયમાન છો એવું મેં સાંભળ્યું છે. માટે કન્યાકાળ વીતી જાય તે પહેલાં પ્રભુતામાં પગલાં માંડી ગૃહિણી પદ તમારે શોભાવવું જોઈએ."

લાડુબાએ કહ્યું : "એમ તો ભક્ત નારી લોયણ લગ્નગ્રંથિથી ક્યાં જોડાયા હતા ?"

"ગૃહિણીધર્મનું પાલન કરતાં કરતાં પણ ભગવાનની ભક્તિ થઈ શકે છે. મીરાંબાઈ પરીણિત હતાં છતાં "મેરે તો ગિરિધર ગોપાલ....." એમ કહીને ભક્તિમાં રત રહ્યાં હતાં."

જીવુબા સત્વરે બોલી ઉઠ્યા : "દેવીપુત્ર ! તમે દૃષ્ટાંત ખોટું આપ્યું. તેઓ પરણ્યા હતા, પરંતુ સંસાર માંડ્યો ન હતો."

આ વાર્તાલાપ બહુ લાંબો ચાલ્યો. લાડુદાનજીએ બંને બહેનોને મનોમન ધન્યવાદ આપ્યા. પરંતુ હાર ખાઈને પાછા આવવું એમને ન ગમ્યું.

અરસપરસ દલીલો ચાલુ રાખી.

"બ્રહ્માજીએ સ્ત્રી-પુરુષનું સર્જન એટલા માટે કર્યું છે કે, સૃષ્ટિક્રમ અવિરત ચાલતો રહે."

"પરંતુ અમને તો આ બધું બ્રહ્મમય ભાસે છે. અમે બ્રહ્મ છીએ. આપ પણ બ્રહ્મ છો. સર્વત્ર બ્રહ્મ છે. બ્રહ્મનો બ્રહ્મ સાથે સમન્વય કરો તો બ્રહ્મ જ રહેવાનું છે અને બ્રહ્મની બાદબાકી કરી નાખશો તો પણ બ્રહ્મ જ રહેવાનું છે....."

લાડુદાનજી તો એકાગ્રતાથી આ જીવનમુક્ત પરમજ્ઞાની અને બ્રહ્મચારી બહેનોને સાંભળી રહ્યા. મનોમન વિચારી રહ્યા કે, "મીઠાની પૂતળી સાગરનો તાગ લેવા ગઈ પણ ઓગળી ગઈ !"

"લાડુદાનજી ! શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધમાં આસકત થઈને, એકાકાર અસ્તિત્વ માણીને હરણ, હાથી, પતંગિયું, માછલું, ભ્રમર વગેરે જીવો પોતાના પ્રાણ ગુમાવે છે. પરંતુ મનુષ્યને તો ભીતરની સમજ છે, તેને સારાસાર સમજવાની અમોઘ શક્તિ ઈશ્વરે આપી છે..... શ્રીજી મહારાજનાં દર્શન કરી, એમની અમૃતવાણીનો આસ્વાદ લઈ, કીટ-ભ્રમર ન્યાયે અમને જે કંઈ અંતઃકરણ ના અતળ ઊંડાણમાં અનુભૂતિ થઈ છે તે આપને કહીએ છીએ. આપ હજી રાજર્ષિ હો એમ લાગે છે. માટે બ્રહ્મને સ્વાનુભવે પીછાણી, બ્રહ્મરૂપ થઈ બ્રહ્માનંદનો આપ અનુભવ કરો."

"सर्वं खलु इदं ब्रह्म ।" અને "ब्रह्मविद ब्रह्मैव भवति ।" એ અનુભવ જેમણે પોતાના જીવનમાં આત્મસાત્ કર્યો હતો એવા બ્રહ્મજ્ઞાની જીવુબાએ ચકનો પડદો ઊંચો કરી આગંતુક યોગીરાજ સામે પોતાની યોગદૃષ્ટિ માંડી.

લાડુદાનજી સ્તબ્ધ થઈ ગયા ! જીવુબાનાં નેત્રોમાંથી દિવ્ય જ્યોતિના પ્રકાશપુંજ પોતાની તરફ આવતા હોય એવી અનુભૂતિ થઈ. આ મહાકવિએ બંને બહેનોને 'જય સ્વામિનારાયણ' કહ્યા.

મહારાજે કવિરાજને પૂછ્યું : "કવિરાજ ! બંને બહેનોનાં લગ્નનું મુહૂર્ત નક્કી કરી આવ્યા કે નહિ ?"

"મહારાજ ! આપ તો અંતર્યામી છો. એ બંને બ્રહ્મસ્વરૂપિણી બહેનો પાસેથી 'લગ્ન'નો ખરો અર્થ હું શીખ્યો."

"મહારાજ ! મને દીક્ષા આપો." લાડુદાનજીએ સત્વરે પોતાનો રાજશાહી પહેરવેશ ઉતારી ભગવાં વસ્ત્રો પરિધાન કર્યા. મહારાજે એમને દીક્ષા આપી અને 'બ્રહ્માનંદ' નામ રાખ્યું. આ શીઘ્ર કવિએ મોટી સંખ્યામાં કીર્તનો રચ્યાં છે.

શ્રીજી મહારાજની લીલા અપરંપાર છે. બીજા પણ એક જીવનો ઉદ્ધાર કરવા તેમણે જીવુબાનાં લગ્ન કુંડળ ગામના અમરાભાઈ સાથે કરાવ્યાં. પરંતુ સંસારથી વિરકત્ એવા જીવનમુક્ત આત્માને સંસારમાં બંધાવું ગમે ખરું ? પરમાજ્ઞાની જીવુબાએ પોતાના પતિને તત્ત્વબોધ આપીને અને ભગવાન સ્વામિનારાયણનો મહિમા સમજાવીને શ્રીજી મહારાજના અનન્ય ભક્ત બનાવ્યા. ત્યારબાદ પોતાની ગુણિયલ 'રાયબા' સાસુ સમક્ષ પોતાના મનોભાવ વ્યક્ત કર્યા.

આ સમજુ રાયબાને થયું કે, "ખરેખર ! કોઈ યોગભ્રષ્ટ આત્મા પુત્રવધુ રૂપે પોતાને ત્યાં પધાર્યા છે." સાસુ રાયબાએ જીવુબાને પોતાના પિયર જવા અનુમતિ આપી. જીવુબાના આનંદની કોઈ સીમા ન હતી. તેઓ રથમાં બેસી કારિયાણીથી ગઢડા જવા રવાના થયા.

માર્ગમાં રથ હાંકનારે અધ વચ્ચે એકાએક રથ અટકાવ્યો. સાંકડી કેડીમાં કોઈ સંત સૂતા હતા. તેમના સાથીદાર સંતને પૂછી ખાત્રી કરી કે મરડો થવાથી જરા અશક્તિ આવી ગઈ છે. તેથી સૂતા છે. જીવુબા ઘૂમટો (ઘૂંઘટ) તાણીને રથમાંથી નીચે ઉતર્યા અને કહ્યું કે,. "આ સંતને જ્યાં જવુ હોય ત્યાં રથમાં બેસાડીને લઈ જાઓ. હું પગપાળા ગઢડા પહોંચી જઈશ."

સત્સંગીઓ જીવુબાને 'માતાજી' તરીકે વંદનીય અને પૂજનીય ગણતા. એમના પતિ અમરાભાઈ, શ્વાસોશ્વાસમાં 'સ્વામિનારાયણ ..... સ્વામિનારાયણ.....' રટણ કરતા. એક દિવસ મધરાતે મહારાજે તેમને દર્શન દીધા. અમરાભાઈનો ઓરડો તેજપુંજથી ભરાઈ ગયો ! "મહારાજ ! મેં તો આપને બોલાવ્યા નથી આવી મધરાતે આપને બોલાવી કષ્ટ આપું ખરો ?"

"ભક્તરાજ ! તમારા શ્વાસેશ્વાસમાં અહોનિશ મારું રટણ ચાલે છે, તેથી મારે આવવું જ જોઈએ. ભક્ત અને ભગવાને અન્યોન્ય જ્ઞાનગોષ્ટિ કરી. આ રીતે મહારાજે અમરાભાઈનું જીવન સાર્થક કર્યું.

# સત્સંગ સુરભિ

## "હું ભેળો છું પછી ચિંતા શું કામ ?"

- અતુલભાઈ ભાનુપ્રસાદ પોથીવાલા

શ્રીજી મહારાજે સૌથી પહેલું મંદિર અમદાવાદમાં બંધાવ્યું. પેશ્વાના સૂબાએ તો મહારાજને અમદાવાદમાં ફરીથી પગ મૂકવાની મનાઈ કરી હતી. પરંતુ છ મહિના થતાં થતામાં તો એ પેશ્વાઈનો જ પગ અમદાવાદમાંથી ઉખડી ગયો અને અંગ્રેજ સત્તાનું આગમન થઈ ચૂક્યું હતું.

અંગ્રેજો સત્તા જમાવી જાણતા હતા. સત્તા ચલાવી જાણતા હતા. પરંતુ સાથે સાથે કલાકારીગરી, સમાજ સુધારણા અને સુલેહ શાંતિ તરફ પણ એમની ચકોર નજર રહેતી. શ્રીજી મહારાજ તો કાઠી કોળી જેવી ગુના કરતી કોમોને સદાચારી બનાવી એક સામાજિક ક્રાંતિ કરી રહ્યાં હતા. અંગ્રેજ અધિકારીઓની નજરમાં શ્રી સ્વામિનારાયણ બરાબર વસી ગયા હતા. અમદાવાદના એ વખતના અધિકારીશ્રી ડનલોપ સાહેબ પણ શ્રીજી મહારાજની પ્રશંસા કરતા, એમનો આદર કરતા.

શ્રીજી મહારાજ મંદિર માટે અમદાવાદમાં જગ્યાની શોધ કરતા હતા. ગોરા અધિકારી શ્રી ડનલોપ સાહેબે સામે ચાલીને મહારાજને વિનંતી કરી કે, "તમે અહીં તમારું મંદિર કરો, સાધુઓ સત્સંગીઓને રહેવાનું સ્થાનક કરો - તમે કહો ત્યાં જમીન કાઢી આપું !"

કાલુપુર વિસ્તારમાં આવેલી પાઠકવાડીની જગ્યા મહારાજને પસંદ આવી. મહારાજમાં અનન્ય આદર ધરાવતા એ અંગ્રેજ અમલદારે યાવત્‌ચંદ્ર દિવાકરૌ ----- સુધી તામ્રપત્ર ઉપર એ જમીન શ્રીહરિને અર્પણ કરી દીધી !

મહારાજે એ જમીન ઉપર વિશ્વનું સર્વપ્રથમ અદ્વિતીય એવું શ્રી સ્વામિનારાયણ મંદિર તૈયાર કર્યું. આનંદાનંદ સ્વામીની દેખરેખ હેઠળ અતિભવ્ય મંદિરનું નિર્માણ થયું. ગામેગામથી હરિભક્તો આવ્યા અને ભારે ઉત્સવ ઉજવાયો. શ્રીપુર નગર (અમદાવાદ)માં મહારાજની દિવ્ય શોભાયાત્રા નીકળી. ધામધુમથી શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા થઈ.

પછી મહારાજે વિચાર કર્યો કે બ્રાહ્મણોની ચોરાશી જમાડીએ. પરંતુ પાસે એટલી રકમ નહિ. કોઈ ધીરનાર મળે તો કામ થાય. એવામાં કોઈકે મહારાજને લાલદાસ ગોરાનું નામ સૂચવ્યું. મહારાજે લાલદાસને બોલાવી કહ્યું, "અમારે ચોરાશી કરવી છે. સાત હજાર રૂપિયાની સગવડ થઈ શકશે ?"

લાલદાસ વિચારમાં પડી ગયા, "રૂપિયા તો ધીરું પરંતુ એ રૂપિયાના લાડવા થઈ બ્રાહ્મણોના પેટમાં જ પચી જવાના છે, પછી એ લાડવામાંથી પાછા રૂપિયા થાય ખરા ?"

હા- ના, ના વિચારમાં લાલદાસ ઘેર આવ્યા પત્નિએ પૂછયું "શું કરી આવ્યા ?"

લાલદાસે મહારાજની રૂપિયા આપવાની વાત કરી. પત્નિએ કહ્યું "આમાં વિચાર શો કરવાનો હોય ? મહારાજ માંગે છે તે રૂપિયા તો શું ઘર આખું આપી આવો તોય પાછા ના પડીએ. સંપત્તિ તો આજે છે ને કાલે નથી પણ આવો અવસર ફરી નહીં મળે !"

બાઈ માણસ હતાં પણ સમજણ કેટલી ઊંચી ? મહારાજ માંગે તે મ્હોં ફેરવવાનું હોય ?

લાલદાસ તો દોડતા ગયા ને મહારાજના પગમાં રૂપિયાનો ઢગલો કરી દીધો !

મહારાજે ઘેર ઘેર બ્રાહ્મણોને નોતરાં દીધાં. કાંકરિયા તળાવ આગળ ભોજનની વ્યવસ્થા થઈ. હજારો ભૂદેવો જમ્યા પછી હરિભક્તો જમ્યા, છેલ્લે મહારાજ જમ્યા.

પછી સભા થઈ. ભક્તોએ

*(અનુસંધાન પાના નં.૧૬ પર)*

# તીર્થભૂમિ હાલાર ભાદરાનાં ભૂદેવ

- મોતીલાલ બેચરભાઈ ચૌહાણ (માણામોરા-હાલાર)

તીર્થ ભૂમિ હાલારનો પ્રદેશ જામનગર જીલ્લાની સમુદ્ર કાંઠાળ વિસ્તારનો પ્રદેશ ગણાય છે. આ પ્રદેશ હાલાર કેમ કહેવાય છે ? તે સ્વાભાવિક પ્રશ્ન ઉદભવે છે. સત્ય હકીકત જાણમાં ન હોય, વહીવંચા ગઢવી, બારોટ કે જામનગર સ્ટેટના ઈતિહાસમાં જે હોય તે સત્ય સમજવું.

જામગનર રાજ્યના ધુવાવ નામના ગામમાં વિશ્વંભર ભટ્ટ નામનાં એક બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણ રહેતા હતા. તેઓશ્રી ગોપનાથમાં ગોપાલ નામના બ્રહ્મચારી પાસેથી ભાગવતી દીક્ષા લઈ આત્માનંદજી નામ ધારણ કરીને સત્સંગ અર્થે વિચરણ કરતા કરતા હાલાર દેશમાં પધારેલા. આ સદ્‌ગુરુ સમર્થ મહામુનિ સંત આત્માનંદજીના કેટલાક શિષ્યો જામનગર જીલ્લાનાં ધ્રોલ તાલુકાથી ફક્ત ૧૬ કિલ્લો મિટર દૂર લતીપુર ગામે રહેતા હોવાથી, સ્વામીશ્રી અવાર નવાર ત્યાં પધારતા. આ લતીપુર ગામે બ્રાહ્મણજ્ઞાતિના વલ્લભજી જાની નામે પવિત્ર બ્રાહ્મણ રહેતા હતા. જેના વશિષ્ટ ગોત્ર માધ્યાદિની શાખા અને ત્રણ પ્રવર હતા. તેમને સંસારમાં હોવા છતાં સંતાન સુખ હતું નહિ. તેથી ગુરુવર્ય સ્વામી આત્માનંદજીના કહેવાથી અને ગુરુ વચનમાં વિશ્વાસ રાખી સોમનાથ મહાદેવજીનું શ્રાવણ માસ દરમ્યાન અર્ચન, પૂજન, અભિષેક, રૂદ્રિ ભક્તિ ભાવ પૂર્વક કરી દેવના દેવ મહાદેવની પ્રસન્નતા મેળવી વરદાન મેળવ્યું ને મહાદેવની કૃપાથી સંવત ૧૮૦૬માં વલ્લભજી જાનીને ઘેર પુત્રનું પારણું બંધાયું સંતાન સુખ પ્રાપ્ય થયું. ભોળનાથની કૃપાથી પગલીનો પાડનાર આવ્યો છે તેથી પુત્રનું નામ ભોળાનાથ રાખ્યું. સમય સમયનું કામ કરતા કરતા પુત્ર ભોળાનાથજીને સંવત ૧૮૧૪માં યજ્ઞોપવિત આપવાનો શુભ પ્રસંગ આવ્યો. આ પ્રસંગે સ્વામી આત્માનંદજી લતીપુર ગામે પધારેલા. ત્યારે સ્વામીને ભોળાનાથે વિનંતી કરી કે મારે નૈષ્ટિક બ્રહ્મચર્ય રાખીને અધ્યયનમાં જીવન વિતાવવાની ઈચ્છા છે અને ગુરુ પાસે રજા માંગી પરંતુ આત્માનંદજી સ્વામી દિર્ઘ દ્રષ્ટિવાળા હોવાથી ભોળાનાથને કહ્યું કે તમારે ગૃહસ્થાશ્રમમાં રહેવાનું છે. યોગ્ય ઉંમરે લગ્ન કરશો, તમારા થકી તમારે ઘેર એક એવા પુત્રનો જન્મ થશે જે સનાતન ધર્મનો ધ્વજ ફરકાવશે, તમારો પુત્ર પ્રગટ પુરૂષોત્તમ નારાયણ ભગવાનનો આશ્રિત થશે અને સદ્‌ધર્મની વૃદ્ધિ કરશે.

ગુરુવર્ય આત્માનંદ સ્વામીના વચનો સાંભળીને બીજા પાંચ શિષ્યો એ ગુરુને આશીર્વાદ આપવા વિનંતી કરી. ત્યારે ગુરુ આત્માનંદ સ્વામીએ કહ્યું કે તમારા પુત્રને પણ પ્રગટ પુરૂષોત્તમ નારાયણનો યોગ પ્રાપ્ત થશે. આ પાંચ શિષ્યોમાં લતીપુરના શ્રી સુખદેવ દવે નામના ભૂદેવે ગુરુને કહ્યું કે સ્વામી હું તો ઘરભંગ છું, મારે કોઈ પુત્ર નથી પણ એક સુપુત્રી સાંકળ બાઈ છે તેને આશીર્વાદ આપો, ત્યારે સ્વામી આત્માનંદજીએ સાંકળબાઈને આશીર્વાદ આપતા કહ્યું કે તમારી પુત્રી મહાન ભાગ્યશાળી છે તેમના થકી ભોળાનાથને આપેલ વરદાન સફળ થશે. (સુખદેવ દવે ભોળાનાથના સસરા અને સંપ્રદાયના સંત શિરોમણી સદ્‌ગુરુ સ્વામી ગુણાતીતાનંદજીના પૂર્વાશ્રમના નાના થાય).

લતીપુરના અજ્ઞાની લોકો તરફથી ભગવદ ભકતો તરફના દ્વેષ ભાવથી પ્રેરાઈને અવાર નવાર ઉપદ્રવો કરવા લાગ્યા. સ્વામી આત્માનંદજીની આજ્ઞાથી આ પાંચે શિષ્યોએ લતીપુર ગામ ને છેલ્લા રામરામ કરી લેવા નિર્ણય લઈ લીધો.

વલ્લભજી જાની અને ગગાભાઈ સુથાર ભાદરામાં રહ્યા. રામજીભાઈ સુથાર શેખપાટ રહ્યા. સુખદેવ દવે તથા હરિભાઈ કાલાવડ ગયા અને નાનદાસ પટેલ ગુજરાતમાં ગયા.

આત્માનંદ સ્વામીના વરદાન પ્રમાણે નાનદાસ પટેલના બે પુત્રો સંસારથી વિરકત થયા અને દીક્ષા લઈ સ્વામી યોગાનંદ અને સ્વામી ભગવદાનંદ સ્વામી તરીકે સંપ્રદાયમાં ઉત્તમ દૃષ્ટાંત પુરુ પાડ્યું અને શેખપાટ ગયેલા રામભાઈ સુથારના સુપુત્ર લાલજીએ તો સ્વામિનારાયણ સંપ્રદાયમાં કેટકેટલી

કાવ્ય રચના કરી હશે તેની કલ્પના જ કરવી રહી ! આપણે સૌ એ નામ જાણીએ છીએ. ગગાભાઈ સુથારના વશરામભાઈએ પણ મહાભક્તરાજનું બીરૂદ મેળવ્યું છે. ભૂદેવ ભોળાનાથના લગ્ન સુખદેવ દવેની પુત્રી સાંકળબાઈ સાથે કાલાવાડ મુકામે સંવત ૧૮૨૨માં થયા હતા. ત્યારે આ સમયને વિષે આત્માનંદ સ્વામી કાલાવાડ પધારેલા. લગ્ન વિધિ સંપૂર્ણ થયા પછી ભોળનાથ અને સાકરબાઈ નવદંપતિ સ્વામીને પગે લાગવા ગયા ત્યારે આત્માનંદ સ્વામીએ આશીર્વાદ આપ્યા કે તમારે બે પુત્રો થશે. તેમને પ્રગટ પુરૂષોત્તમ નારાયણ મળશે. પૂર્ણ પુરુષોત્તમ નારાયણ તારે ઘેર આવશે તારા હાથનો થાળ જમશે. આવા રૂડા આશીર્વાદ સાંભળી નવદંપતિ ભાવવિભોર બની ગયા. પરંતુ ભોળાનાથના લગ્ન પછી પંદર વર્ષ સુધી સંતાન સુખ અપ્રાપ્ય હોય સંવત ૧૮૩૭ના ચૈત્ર માસમાં ભાદરા ગામના લોકો સાથે શ્રાધ્ધ કરવા નિમિત્તે પ્રભાસ જવા નીકળ્યા ત્યારે આજના જેવી વાહન વ્યવહારની સગવડ નહિ એટલે ચાલતા ચાલતા રસ્તામાં મોખાટીંબા ગામે રાત્રિ નિવાસ રહ્યા. બીજે દિવસે રામનવમી હોવાથી ભગવદ ભક્તો સાથે આઠમની રાત્રે પ્રભુકીર્તન કરી સૌ સૂઈ ગયા.

આ બાજુ પાછલી રાત્રે સાકરબાઈને સ્વપ્ન આવ્યુ. સ્વપ્નમાં આત્માનંદ સ્વામીના દર્શન થયા અને કહ્યું કે સરવર દેશમાં આજ અક્ષરપતિ પુરૂષોત્તમ નારાયણ જન્મ ધારણ કરશે, એટલે એ બાબતે એ સંબંધમાં પ્રયાસ કરવાની જરૂર નથી. આવી રીતે સ્વામી આત્માનંદજીના આશીર્વાદ વચને સંવત ૧૮૪૧ના આસોસુદ પૂનમ મંગળવારના રોજ સાંકળબાઈના ઉદર થકી પુત્રનો જન્મ થયો અને તે સમયને વિષે સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઉધ્ધવનો અવતાર ગણાતા સ્વામીશ્રી રામાનંદજી જેના ગુરુ સ્વામી આત્માનંદજી હતા અને સ્વામીશ્રીએ પોતાના સ્થાને નિયુક્ત કરેલ હતા તે શ્રી રામાનંદ સ્વામી શેખપાટ ગામેથી ભાદરા પધારી ભોળાનાથને ત્યાં પુત્ર જન્મ થયો છે તે જાણી અતિ આનંદ પામ્યા છે. ભોળાનાથને બોલાવી જન્મકુંડળી જોઈ તે પ્રમાણે નામકરણ ન કરતા પોતાની ખાસ ઈચ્છાથી મૂળજી નામ રાખ્યું અને રૂડા આશીર્વાદ આપ્યા કે તમારો આ પુત્ર બૃહસ્પતિ જેવો મહાન વકતા થશે. કેટકેટલાય (જીવો) આત્માનો ઉદ્ધાર કરશે.

શ્રી રામાનંદ સ્વામીના અક્ષરધામ ગમન બાદ ધર્મધુરા શ્રીજી મહારાજે સંભાળી ને ત્યાર પછીના થોડાક જ દિવસો પછી ભગવાન શ્રી સ્વામિનારાયણ ભાદરા ગામે પધાર્યા ત્યાં એક માસ રહ્યા હતા. આત્માનંદ સ્વામીએ સાંકળબાઈને આપેલ વચન પ્રમાણે ભાદરા ગામમાં સાંકળબાઈના હાથનો શ્રીજી મહારાજ થાળ જમ્યા.

સમય જતા અને ઉંમરલાયક થતા મુળજીભાઈએ આ સંસાર છોડી પોતાના જન્મનો હેતુ સિધ્ધ કરવા પ્રયાણ કર્યું. અને સંવત ૧૮૬૬માં ડભાણના યજ્ઞ વખતે શ્રીજી મહારાજે તેમને મહા દીક્ષા આપી અને ગુણાતીતાનંદજી નામ રાખ્યું અને પછી થોડાક સમય બાદ તેમની ઉત્તમ કાર્ય દક્ષતા જોઈને શ્રીજી મહારાજે જુનાગઢના મહંત તરીકે સ્વામીની નિમણુંક કરી હતી. જે સેવા ખરા ખંતથી ૪૦ વર્ષ ૪ માસ અને ચાર દિવસ બજાવી. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી શ્રીજી મહારાજની આજ્ઞા ઉપાસનાની બળભરી વાતો મુમુક્ષોને કરતા ને કહેતા કે જેને ભગવાનનાં ધામમાં જવું હોય તેણે શ્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તન કરવું અને ભગવાનનું ભજન કરવું એમ મોટા મોટા સંતોનો સિધ્ધાંત છે. ગોંડલ ગામે ૧૯૨૩ આસો સુદ-૯ના પધાર્યા દશેરાનો ઉત્સવ કર્યો. શ્રીજી મહારાજની લીલા ચરિત્રોની કથા કરી ત્યારે ગોંડલ નરેશે કહ્યું કે અમારો મોક્ષ થાય તેવો ઉપાય બતાવો ત્યારે સ્વામી કહે સત્પુરૂષના સમાગમે કરીને પ્રગટ પુરૂષોત્તમ શ્રીજી મહારાજનો આશરો મન કર્મ અને વચને રાખીએ એજ મોક્ષ પામવાનું પરમ કારણ છે. સંવત ૧૯૨૩ આસો સુદ-૧૨ ગુરુવારની રાત્રે ૧૨ ને ૪૫ મિનિટે ગોંડલ મુકામે શ્રીજી મહારાજ વિમાન સાથે તેડવા આવેલા ત્યારે આ મહાપુરૂષે અક્ષરધામનું પ્રયાણ કર્યું.

બ્રહ્મસંહિતા સ્વામીની વાતો ને ગ્રંથોને આધારે આ સંક્ષિપ્ત લેખ તૈયાર કર્યો છે. વિશેષ માહિતી સંપ્રદાયના ગ્રંથોમાં જોવા મળે છે. ક્યાંય આ લેખમાં કશુ ઉલટુ લખાયું હોય તો વાચક વર્ગ ક્ષમા કરે.

# ભોળાના ભગવાન છે!

- સાધુ ભક્તવત્સલદાસ (તપોવન મંદિર લીંબડી)

એક નાનકડાં ગામમાં એક બાર-તેર વર્ષનો છોકરો તેના મોટા ભાઈ અને ભાભી સાથે રહેતો હતો. તેનું નામ હતું, હરિ નાની ઉંમરમાં જ તેના મા-બાપ ગુજરી ગયા હતા. એટલે મોટા ભાઈની હૂંફમાં તે મોટો થયો. બંને ભાઈઓમાં ખૂબ જ સ્નેહ પણ તેની ભાભીને હરિ ગમતો નહિ. તેને ઘરમાંથી કાઢવા રોજ તેને હેરાન પરેશાન કરતી.

હરિ બિચારો સાવ ભલો ભોળો, સ્વભાવે શાંત, ઓછા બોલો અને ભગવાનનો ભક્ત હતો. તેને ખોટા ગામ ગપોટામાં કે રખડવામાં રસ જ ન હતો. તેને એક માત્ર ભગવાનની કથા-વાર્તા સાંભળવામાં જ રસ હતો. તે રોજ ગાયો ચરાવવા જતો. ખેતરમાં ઝાડ નીચે બેસીને કથામાં સાંભળેલા શબ્દોનું મનન કરતો. તેમ કરતાં તેને ભગવાનમાં ખૂબ શ્રધ્ધા અને વિશ્વાસ દૃઢ થયો. અને ભગવાનનો મહાન ભક્ત બની ગયો.

પરંતુ તેની ભાભીથી આ જોઈ શકાતું નહોતું. એટલે તેણે પોતાના પતિના ખોટી રીતે કાન ભંભેર્યા કે આ હરિયો તો જાદુ શીખે છે. તે કાલ સવારે આપણને મારી નાંખશે તો શું કરશો ? માટે આપણા ઘરમાં એ ન જોઈએ. ભાઈને આ વાત ગળે ઉતરી ગઈ. સાંજે હરિ ઘેર આવ્યો ને તરત જ ભાઈએ સંભળાવી દીધું કે હરિ આજથી તું આ ઘરમાં નહિ. તારે જાદુ કરવા હોય તો ભલે કર પણ અત્યારે જ આ ઘર છોડી ચાલ્યો જા. હરિ તો બિચારો નાનો એવો બાળક હતો. તેને કાંઈ સમજાયું નહિ કે મને કેમ કાઢી મૂકે છે. પણ આજ્ઞા થઈ એટલે હાથમાં લાકડી લઈને નીકળી પડ્યો. ગામમાં બે-ચાર માણસોને એણે પૂછયું હવે ક્યાં જાઉં ? મારા ભાઈએ તો મને ઘરમાંથી હાંકી કાઢ્યો.

એક જણે મજાકમાં કહ્યું. કેમ, તું તો રોજ ભગવાનની કથા સાંભળતો હતો ને ? તો હવે એ ભગવાન જ તને સંભાળશે. એ જ તને આશરો આપશે. હરિએ ભોળા ભાવથી પૂછયું એ ભગવાન ક્યાં રહે છે ? પેલો કહે ગોકુળ, મથુરા, વૃંદાવનમાં ! પેલાએ જે દિશા બતાવી તે દિશામાં ચાલવા માંડ્યું. રસ્તામાં એક જ ધૂન કે, ક્યારે ભગવાન પાસે પહોંચુ અને હૈયું ઠાલવીને બધી વાત કરું. ભૂખ્યો-તરસ્યો રાત-દિવસ શ્રધ્ધા-વિશ્વાસથી પંથ કાપતો જાય છે. કેટલાય દિવસે મથુરા પહોંચે છે. દૂરથી મંદિર દેખાય છે. એટલે વિચારે છે કે, ભગવાનનું એ ઘર ! હું એનો ભક્ત છું. મને જોઈને તે કેવા નાચી ઉઠશે. ચાલતાં-ચાલતાં ભૂખને લીધે એની આંખે અંધારા આવવાથી લથડીયા ખાતો જાય છે. હવે તો મંદિર નજીક જ દેખાય છે. સો ડગલા ચાલીસ એટલે ત્યાં પહોંચી જવાશે. હિંમત રાખી ડગલાં આગળ ભરે છે. એમ કરતા સૂર્ય આથમે છે. ને મંદિરના પગથિયાં પાસે પહોંચે છે. પણ પચ્ચાસ પગથિયા જોઈને હિંમત હારી બેસે છે. કેમ ચઢાશે ? મંદિરમાં આરતી થઈ રહી હતી. તેથી તે આકુળ-વ્યાકુળ થવા લાગ્યો કે - ક્યારે મારો પ્રભુજી મને મળશે ? હું ક્યારે એને ભેટી પડું ? એક ડગલું પણ ચાલી શકાય તેમ ન હતુ નહિ. છેવટે કોણીને ટેકે-ટેકે તે પગથિયાં ચડીને માંડમાંડ ચોકમાં આવે છે. પણ હવે મંદિર સુધી ચાલી જવા જેટલી એનામાં તાકાત નથી રહી. બેહોશ જેવી હાલતમાં એ મંદિરના પાછલા ભાગના ચોકમાં પડ્યો છે. ત્યાં તો મંદિરના દરવાજા બંધ થતાં સંભળાયા પૂજારીએ એને જોઈને પૂછ્યું. અહીં કેમ પડ્યો રહ્યો છે ? હરિએ કહ્યું કે ભગવાનને મળવા પડ્યો રહ્યો છું.

પૂજારીએ તિરસ્કારમાં કહ્યું તારો ભગવાન તો સૂઈ ગયો. કાલે જાગે ત્યારે આવજે. દરવાજા બંધ થઈ ગયા. એમ કહી પૂજારી ચાલ્યો ગયો. એકલો-એકલો નિઃશ્વાસ નાંખતો તે પ્રાર્થના કરે છે. હે ભગવંત.

*બાળ તમારો કરે વિનંતી સાંભળજો*
*મહારાજ રે,*
*મુંજ અંતરમાં વાસ કરોને.....*
*નરનારાયણ દેવ રે..... અમી.*

હે દયાળુ આટેલ દૂરથી તમને સંભારતો-સંભારતો આપને મળવા આવ્યો છું. આપતો બહુ દયાળુ છો પ્રભુ ! મારાથી હવે ચાલી શકાતું પણ નથી. અને હવે તો દરવાજા પણ બંધ થઈ ગયા છે. માટે આપ મારો હાથ ઝાલો દયાળું !

ત્યાં તો મંદિરમાંથી અવાજ આવ્યો હરિ એ હરિ તું અહીં આવ. મારા તમામ દરવાજા તારે માટે ચોવીસે કલાક ખુલ્લા કરું છું. હરિ બોલ્યો તમે કોણ છો ? સામેથી જવાબ આવ્યો હું ભગવાન બોલું છું. હે પ્રભુ આ તમારા હરિથી હવે એક ડગલું પણ ચાલી શકાતું નથી. હું તો અહીં સુધી આવ્યો. હવે તમારે અહીં સુધી આવવું પડશે. આટલો તે બોલ્યો ત્યાં તો આખું મંદિર ફરી ગયું. દરવાજા આપો આપ ઉઘડી ગયા. ને ભગવાને બહાર આવી હરિને ઉંચકી લીધો અને ભેટી પડ્યા. ખૂબ જ રાજી થયાં. હરિને સુખી સુખી કરી દીધો અને સદાય તેને વશ થઈને ભગવાન તેની સાથે જ રહ્યા.

વ્હાલા ભક્તો ! હરિ ભગવાનની કથા, કીર્તન સાંભળવા જતો હતો તો તેમાંથી તેને ભગવાનમાં વિશ્વાસ અને શ્રધ્ધા દૃઢ થયા તો તેને ભગવાન મળ્યા અને તેને વશ થયા. તેમ આપણે પણ ભગવાનને રાજી કરવા કંઈક કરીએ તો આપણને પણ ભગવાન મળે અને સુખી કરે. પરમાત્મા તો ભોળા ભાવથી જે તેમને ભજે છે તેને અચૂક મળ્યા વિના રહ્યા જ નથી.

---

*(પાના નં.૧૨નું ચાલું)*

મહારાજનું પૂજન કર્યું અને ભેટ ધરી.

કોઠારીએ ભેટમાં આવેલી રકમ ગણી તો સાત હજાર રૂપિયા ઉપર અડધો રૂપિયો વધ્યો !" મહારાજે કહ્યું, "આ સાત હજાર તે લાલદાસના ! એમને પાછા દઈ દો !" "અને આ અડધો રૂપિયો કોનો ?" કોઠારી એ રમૂજમાં પૂછ્યું.

મહારાજ મંદ મંદ હસ્યા, બોલ્યા "એ આપણી સિલક !" એને મંદિરના ચોપડે જમા લઈ લો !" કોઠારી કહે, "મહારાજ ! આવડા મોટાં મંદિર માટે આ અડધા રૂપિયાની સિલકમાંથી શું કાર્ય સરશે ?" મહારાજે હસીને કહ્યું "હું ભેળો છું પછી ચિંતા શું કામ કરો છો ?"

**હું ભેળો છું પછી શા સારું ચિંતા કરો છો ?**

આ અમોઘ વચનનો નાદ સમગ્ર પ્રણાલિકા આજે પણ અવિરતપણે

**સત્સંગ સુરભિ : "હું ભેળો છું પછી ચિંતા શું કામ ?"**

સભામાં ગુંજી ઊઠ્યો. સૌના અંતરમાં જાણે સાક્ષાત્ મહારાજ વિરાજતા હોય એવી સૌને અનુભૂતિ થઈ આવી. બસ મહારાજ મારી ભેળા જ છે પછી મારે ચિંતા શું કરવાની ?

સર્વત્ર બ્રાહ્મણો એ મહારાજનો જય જયકાર કર્યો. મંદિર કર્યા પછી અને શ્રી નરનારાયણદેવને પધરાવ્યા પછી મહારાજે "હું તમારી ભેળો જ છું" એ હૈયા ધારણ આપી છે તે આ જ દિન સુધી શ્રી નરનારાયણદેવ સન્મુખ હજારો પાટોત્સવો અને ઉત્સવો ઉજવવામાં આવ્યા છે." ક્યારેક હજારો રૂપિયાની સામગ્રીથી તો ક્યારેક તુલસીપત્ર મૂકીને પણ પાટોત્સવ કરવો પણ કોઈને આગ્રહ કરીને પ્રેરવો નહિ."

આ પ્રેરણા, આ વચન અને આ ચાલતી આવી છે.

મહારાજને ભેળા રાખો તો બધી ચિંતા ટળી જાય. મહારાજનું જ્યાં નામ, મહારાજનો જ્યાં આશરો ત્યાં ચિંતા ઊભી થઈ શકે જ નહિ. કાળ કર્મ અને માયા જેનાથી થર થર કાંપે ત્યાં ચિંતાનું ગજું કેટલું ?

કલ્પતરું તો એવું વૃક્ષ છે જે પોતે ઈચ્છા કરી શકતું નથી, એની હેઠળ બેઠેલો ઈચ્છા કરે ત્યારે એ ફળે છે. પણ શ્રીજી મહારાજ તો એવું અદ્‌ભૂત કલ્પતરું છે જેની હેઠળ બેઠા એટલે બસ ! આપણો બધો ભાર એ કલ્પતરુ માથે ! મહારાજની શરણાગતિ એ જ કલ્યાણ. એ અડધા રૂપિયાની પ્રારંભિક સીલક અને મહારાજનાં આશીર્વાદથી આજે પણ શ્રી નરનારાયણદેવનો કોઠાર હર્યો ભર્યો રહ્યો છે !

# સાચું સુખ સત્સંગના સગપણમાં

## ધ્યાન ધર ધર્મના પુત્રનું

- પટેલ ગાંડાભાઈ મોહનલાલ (કોલ્હાપુર)

*ધ્યાન ધર, ધ્યાન ધર ધર્મના પુત્રનું,*
*જે થકી સર્વ સંતાપ નાસે,*
*કોટિ રવિ ચંદ્રની કાંતિ ઝાંખી કરે,*
*એવા તારા ઉર વિષે નાથ ભાસે.*

- મુક્તાનંદ સ્વામી

ભગવાન સાથે સંબંધ જોડવા કાજે, પરમ કૃપાળુ પરમાત્માના સગપણનો સાચો આનંદ અને સાચું સુખ મેળવવા કાજે માનવીના જીવનમાં ધ્યાનનું મહત્વ જેટલું છે તેટલું અન્ય કોઈ સાધનમાં નથી. આપણા જીવનના વિકાસનું એક માત્ર સાધન તે ધ્યાન જ છે. તેને બીજા શબ્દોમાં કહીએ તો અખંડ ચિંતન-મનન વગેરે. અખંડ ધ્યાન જ્યારે શ્વાસોશ્વાસમાં વણાય જાય છે ત્યારે જ શ્રીજી મહારાજનું સાંનિધ્ય આત્માને પ્રાપ્ત થાય છે.

તેના પર એક દ્રષ્ટાંત છે કે એક કીડાને ભમરી પકડીને તેના દરમાં લાવીને તેને વારંવાર ડંખ મારતી રહે છે, તેના કારણે કીડાને સતત ભમરીનું જ સ્મરણ થયા કરે છે. તેનાથી છેવટે તે કીડો ભમરી જ બની જાય છે !

આજ બાબત આધ્યાત્મિક માર્ગમાં અખંડ ધ્યાન કરવાથી બને છે. સતત અખંડ પરમ પરમાત્માનું ધ્યાન ચિંતન, મનન કરવાથી ધ્યાન્ત અંતે બ્રહ્મ - પ્રભુમય - બની જાય છે. બસ તેજ આત્માનો મોક્ષમાર્ગ, અક્ષરધામીને પામવાનો એજ માર્ગ !

ધ્યાન માત્ર શ્રીજી મહારાજની મૂર્તિનું જ થાય. તે વિના ગમે તેંવા બ્રહ્મનિષ્ઠ સંત-મહાત્મા હોય છતાં તેમનું ધ્યાન ના થાય. તેમની માત્ર પૂજા-અર્ચના થાય. આ મર્યાદા શ્રીજી મહારાજે પોતે વચનામૃતમાં કહેલ છે. વળી ધ્યાનનો અધિકારી પણ તેજ છે કે જેને શ્રીજી મહારાજમાં અનન્ય નિષ્ઠાને શ્રધ્ધા છે. તેમનો સદાય પક્ષ છે અને તેમની આજ્ઞામાં રહીને સતસંગને પાળે છે તેવા સત્સંગીજ શ્રીજી મહારાજનું ધ્યાન કરીને સર્વ સંતાપ દૂર કરી શકે છે ને પોતાના હૃદયમાં શ્રીજીને બેસાડી શકે છે.

હવે શ્રીહરિનું ધ્યાન કરવાનો શ્રેષ્ઠ સમયછે બ્રાહ્મ મુહૂર્ત ! એટલે કે વહેલી સવાર ! સત્સંગીએ ઉઠતા વેંતજ પ્રથમ જ શ્રીજી મહારાજની મૂર્તિનું ધ્યાન કરવું.

દરેક સત્સંગીએ પોતાના ઈષ્ટદેવ શ્રીજીમહારાજનું ધ્યાન પોતાના હૃદયમાં કરવાનું છે. તે પણ અખંડ ધ્યાનની ટેવ પાડવાની. તે કાજે જપ અને સ્મરણનો પ્રવાહ એક ધારો મૂર્તિને ધારીને કરતા રહેવાનું. મનના સંકલ્પો થંભાવી દેવાના, બુદ્ધિને તર્કથી દૂર રાખવાની, સર્વે ઈન્દ્રિયોને શ્રીજી મહારાજના ચિતમાં રાખવાની, તેમ ધ્યાન કરતાં કરતાં શ્રીજી મહારાજની મૂર્તિને પોતાના હૃદયમાં સ્થાપી દેવાની.

આપણા સંપ્રદાયમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિના ધ્યાન કરવાના ચાર પ્રકાર છે.

(૧) સ્વાંગ (૨) ઉપાંગ (૩) સપાર્ષદ (૪) સલીલ

આ ચાર પ્રકારો ધ્યાનના છે. તેનાથી શ્રીજી મહારાજનું ધ્યાન કરી શકાય છે. આવી રીતે ધ્યાન કરતાં કરતાં તેમની મૂર્તિ સ્વરૂપને હૃદયમાં બિરાજમાન કરવાની, તેવે સમયે સંસારની કોઈપણ આધી-વ્યાધિ-ઉપાધિને કે સુખનાં સ્વપ્નોનો જરાપણ સ્પર્શ થવા દેવાનો નહિ. જાણે આપણે બ્રહ્મરૂપમાં લીન થઈ ગયા છીએ તેવો જ ભાવ લાવીને શ્રીજીના સ્વરૂપનું ચિંતન-ધ્યાન કરે જવાનું. ધીરે ધીરે ધ્યાનની, એકાગ્રતાની ટેવ સુદૃઢ બનતી જશે, તેમ તેમ શ્રીજી મહારાજની મૂર્તિનું અપરા-પરાથી ઉર્ધ્વ સુખને પામતા જશો.

આજે ને આજે આવા ધ્યાનમાં સુખડાં મળવાનાં નથી. પરંતુ તમારી શ્રીજી મહારાજ પ્રત્યેની જેટલી દૃઢ નિષ્ઠા હશે, જેટલી અટલ શ્રધ્ધા હશે, જેટલી શરણાગતિ હશે, જેટલી વિરહની વેદના હશે, તેટલી જલદી અને વહેલી ધ્યાનની સફળતા પ્રાપ્ત

થશે. તેટલા વહેલા શ્રીજી મહારાજ તમારા ધ્યાનમાં આવશે, તમોને અને તમારા આત્માને દર્શનનાં અઢળક સુખડાં પ્રદાન કરશે. તે આજ નહીં તો આવતી કાલે, એટલે કે મહિને, વરસે, કેટલાક વરસે, આ જન્મે કે કેટલાક જન્મે પણ તમારા ધ્યાનમાં શ્રીજી મહારાજ જરૂરથી આવશે ખરા, ખરાને ખરા !

**(૧) સ્વાંગધ્યાન** : આ ધ્યાનમાં શ્રીહરિની મૂર્તિના ચરણારવિંદથી શિખા પર્યન્તનાં સમગ્ર અંગોનું પૃથક પૃથક પણે અલગ અલગ રીતે ભરપૂર આનંદ ઉઠાવતા ચિંતન કરવું તે ચિંતન-ધ્યાન કરતાં શ્વાસોશ્વાસે ભગવાન શ્રી સ્વામિનારાયણના નામનો સતત મનથી અખંડ જપ-સ્મરણ કરતા જવાનું, આમ વારંવાર ધ્યાન કરતાં શ્રીહરિની મૂર્તિમાંથી અપાર ખૂબજ તેજોમય પ્રકાશ નીકળશે. તે તેજોમય વાતાવરણમાં તમો તમારા દેહનું ભાન ભૂલી જશો. આત્મસત્તાનો અનુભવ થશે. તેના કારણે તમો પણ તે પ્રકાશ-પ્રકાશના વલયોના વાતાવરણમાં અઢળક સુખનો આનંદ ભોગવશો. તે આનંદ સાગરની લહેરોમાં તમારા હૃદયનાં રોમરોમ પ્રફૂલ્લિત થઈ જશે. બ્રહ્મ કમળ ખીલતાં તમો પ્રભુમય બનીને બ્રહ્મમહોલના ભાગી બનશો. ત્યારે આસ્તે આસ્તે તમોને મૂર્તિ સહ એકરૂપતાનો પરમ અનુભવ થશે.

**(૨) ઉપાંગ ધ્યાન** - આ ધ્યાનમાં શ્રીહરિની મૂર્તિના અદ્‌ભૂત, અદ્વિતિય, શોભાયમાન, શણગારનું ધ્યાન-ચિંતન કરવાનું છે.

મારા શ્રી પ્રભુને ચરણોતળે લાલમલાલ કંકુ ઢોળ્યાં છે, પીળાં રેશમી સોનેરી કિનારવાળાં પીતાંબર પહેરેલ છે. પગમાં તોડાને સાંકળા ધારણ કરેલ છે. આંગળીઓ વેઢે ભરેલ છે. મારા વ્હાલાની કેડે સોનેરી કંદોરો, તેમાં ઝૂલતી રણકતી ઘૂઘરીઓ શોભે છે. નાભી ગોળ ગંભીર ઊંડીને વિશાળ છે. કમ્મરે ત્રિવલી પીપરપાન જેવી છે. સોનેરી રેશમી વાઘાને શેલુ ધારણ કરેલ છે. માથે રજવાડી પાઘ શુરવીર સાફો કે મોર મુગુટ ધારણ કરેલ છે. કંઠે સોના-હીરા-મોતીના હાર, ટુંપિયો ભારી ભારીને સાતશેરની લાંબી કંઠીઓ લટકે છે. શોભા વધારતી, કાને મકરાકાર કુંડળ, એક હાથમાં રેશમી રૂમાલને બીજા હાથે સોનેરી છડી ધારી છે. હાથે કડાં, પહોંચીને બાજુબંધ શોભે છે. આંગળીઓએ વીંટીઓને વેઢ ભરેલ છે. સર્વ અંગે આભૂષણોમાં ચળકે છે ચમક ચમક હીરાની જોડો.

ઉપરથી પહેર્યા છે સુગંધી મઘમઘતાને લાલ - પીલા રંગીન ગુલાબ મોગરા જાઈ, જુઈ, પારિજાતના ફૂલોના ડબલ શેરના હાર ઉપડતી છાતીએ, હાથે અને પાઘે લટકે છે. ફૂલોના મહેંકતા ગજરા વિશાલ ભાલે શોભે છે. લાલ મોટો ગોળ ચાંદલો ને પીળા ગોપીચંદનનું તિલક શાન ઈશારે બોલાવતી કાળી ભમ્મર નયનો! મરક મરક મંદ હસતી હોઠોની ગુલાબી પાંખડીઓ ! ત્યારે પડે છે ડાબા ગાલે આણં ખંજન, ડાબે લમણે કરી છે કાળી મેસની ટીંબકડી, નજરના લાગે મ્હારા વ્હાલાને ! સદાય અભયદાન દેતા કમળ જેવા કર છે, સર્વત્ર પ્રસરતું તેજ તેજનાં વલયો વચ્ચે તેજોમય શોભાયમાન શ્રીહરિની મંગળ મૂર્તિ !

આવી શોભાયમાન મંગલ મૂર્તિનું હૃદયમાં ધ્યાન કરવું તે પરમ ભાગ્યશાળીને પુણ્યશાળીને લ્હાવો જ છે. તેથીય વધુ તો જગતના સુખ-દુઃખને ભૂલાવનારું એક માત્ર દર્શન છે. તેથી જ તે શ્રીહરિના શરણનું માત્ર કારણ બનીને રહી જાય છે. જાણે બસ નિરખ્યાજ કરો ! જોયા જ કરો ! તમારી નયનોને તૃપ્તિજ નહિં થાય. તે દર્શન તો તમારા નયનોનો શણગાર બનીને રહેશે. મનનો સંકલ્પ માત્ર બનશે. બુદ્ધિનો આશ્ચર્ય બનશે, અને હૃદયના કોઈ ખૂણે ઠરીઠામ બની બિરાજમાન થશે. ત્યારે જ ધ્યાનની પરાકાષ્ઠા અનુભવાશે.

**(૩) સપાર્ષદ ધ્યાન** - આ ધ્યાનમાં શ્રી સહજાનંદ સ્વામી ભગવાનના દરબારનું ધ્યાન છે. શ્રીજી મહારાજ ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં ઉત્તરાદે મુખારવિંદે સુંદર ગાદી તકીયા નંખાવીને ઢોલીયા ઉપર બિરાજમાન છે. તેમની સમક્ષ અનંતકોટી મુક્તો, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતો, મુકુંદ બ્રહ્મચારી જેવા અખંડ સેવાધારી, મયારામ, ભટ્ટ, દાદાખાચર જેવા

*(અનુસંધાન પાના નં. ૨૨ પર)*

# ત્રિમૂર્તિ સ્વરૂપનાં સાનિધ્ય

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

અષાઢ વદી દશમને શનિવાર તારીખ ૩૦-૭-૨૦૦૫ના રોજ અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરના દિવ્ય સભા મંડપમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજનો ૮મો પ્રાકટ્યોત્સવ ખૂબ સુંદર રીતે ઉજવવામાં આવ્યો. પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, વિદ્યામાન આચાર્ય પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા જેમનો જન્મોત્સવ ઉજવવામાં આવ્યો તે પ.પૂ. ૧૦૮ લાલજી શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એ ત્રણેય સ્વરૂપોની "ત્રિમૂર્તિ" આ પ્રસંગે અતિ શોભાયમાન બની સભા મધ્યે દર્શન આપતી જોવી, માણવી અને અંતરમાં ઉતારવી તે અમૂલ્ય સંભારણું બની રહી.

આજે જગત આખામાં ખૂણે ખાંચરે દૃષ્ટિપાત કરી જુઓ તો જણાશે કે દરેક જગ્યાએ ભગવાનની હાજરીની માત્ર કલ્પના જ કરવામાં આવે છે. માત્ર શ્રી સ્વામિનારાયણ ભગવાને જ મનુષ્યદેહ ધારણ કરી કંઈ કેટલાક કષ્ટો સહન કરી મંદિરો બંધાવ્યા. અનેક લોકોને તાર્યા અને સૌથી અગત્યનું એ કે તેમણે પોતાનાં વંશસ્વરૂપો ને પરોપકારના પાવન કાજે આપણને ભેટ સ્વરૂપે આપ્યાં. જે આજે પણ વિશ્વવનંદનીય પ.પૂ.મોટા મહારાજશ્રી, પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પૂ. લાલજી મહારાજશ્રી એ ત્રણેય જાણે કે ત્રિમૂર્તિ સ્વરૂપે રહી, ભગવાન શ્રી સ્વામિનારાયણનાં એ અપ્રતિમ પરોપકારનાં મહાન કાર્યને આગળ ધપાવી રહ્યાં છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાન સર્વોપરિ છે, એમણે સ્થાપેલી શ્રી નરનારાયણદેવ દેશ તથા શ્રી લક્ષ્મીનારાયણદેવ દેશની ગાદી સર્વોપરિ છે અને એ ગાદીના અધિપતિ એવા ધર્મવંશના આચાર્યશ્રી તે પણ સર્વોપરિ છે. જગતનાં આચાર્યો, ગુરુઓ કે મહંતો કરતા આ પદ એક અદ્વિતીય અને વિશિષ્ટ પદ છે. આ પદનું સિલેકશન સીધું અક્ષરધામથી થાય છે. અને શ્રીહરિ સ્વયં એ પદની નિમણૂંક કરે છે. અહીં કોઈ ચૂટણી કે બહુમતી પ્રથા નથી.

શ્રી સ્વામિનારાયણ ભગવાને આચાર્યપદની ઘોષણા કરીને સંપ્રદાયને સાક્ષાત્ પોતાની અનુભૂતિની જાણે લ્હાણી કરી દીધી છે. જન્મોત્સવ કે પ્રાકટ્યોત્સવ પ્રસંગની ઉજવણી તો એક નિમિત્તમાત્ર છે. એની પાછળનો આશય તો સત્સંગીને ત્રિમૂર્તિ સ્વરૂપનાં દર્શન થકી, નિષ્ઠા અને આસ્થાને દૃઢ કરવાનો જ છે.

પ્રથમ તો એ સ્વરૂપને વિષે લેશમાત્ર પણ અંતરાય હોય તો તે દૂર કરવાનો જ છે. હરિભક્ત તરીકે શ્રી નરનારાયણદેવમાં ભલે દૃઢ શ્રધ્ધા ધરાવતા હોઈએ સંનિષ્ઠ સંતો અને હરિભક્ત માત્રમાં ગુણભાવ ભલે ધરાવતા હોઈએ, પરંતુ એમણે જ નિયુક્ત કરેલી ગાદીના આચાર્યશ્રી કે લાલજી મહારાજશ્રીના સ્વરૂપને વિષે એટલી દૃઢ નિષ્ઠામાં જો કાચ્યપ હશે તો સત્સગંમાં દિવ્યતા ક્યારેક આવી શકશે નહિ. અને અંતર હર હંમેશ ગોબરું જ રહેશે.

અપર સ્વરૂપને વિષે આપણે જેવા ભાવ ધરીએ એવા ભાવશત્રુ આપણા અંતરમાંથી ક્યારેય ખસતા નથી. અને તો પછી વિવેકી ભક્તજનની વ્યાખ્યામાં ક્યારેય આવી શકીશું નહિ. મોટા સંતની કૃપા થાય તો સત્સંગ અને શ્રીહરિની ઓળખાણ થાય પરંતુ ભૂલેચૂકેય એમણે નિયુક્ત કરેલા ત્રિમૂર્તિ સ્વરૂપમાંથી કોઈપણ એક સ્વરૂપને વિષે જો મનુષ્યભાવ આવે તો કલ્યાણમાં એટલી ખામી રહેવાની.

આપણા સર્વેના અહોભાગ્યનો તો પાર આવે તેમ નથી. સંપ્રદાયમાં આ પહેલાં ક્યારેય, ત્રિમૂર્તિ અપર સ્વરૂપનું આવુ રૂડું સાનિધ્ય પ્રાપ્ત થયું નથી. પૂ. લાલજી મહારાજશ્રીની તેજસ્વીતા તો પારખીએ ત્યારે જણાય. આટલી નાની ઉંમરે, બધા જ હરિભક્તો અને સંતોને નામથી ઓળખવા એ જગતનાં જીવનું કામ નથી.

કંઈક થોડાંક મનુષ્યો જો પગે લાગતાં થાય, માનતા થાય અને માન

આપતા થાય તો આ જીવ ફૂલીને ફાળકો થઈ જાય છે. જેણે જેણે જ્યારે જ્યારે જન્મોત્સવ મહોત્સવ કે પાટોત્સવ પ્રસંગોએ સભા મધ્યે બિરાજતાં એ ત્રિમૂર્તિ સ્વરૂપોનાં દર્શન કર્યા છે, એમનું સાનિધ્ય માણ્યું છે એ સર્વે એક વાતમાં અચૂક સહમત થશે કે એ ત્રણેય સ્વરૂપો આવડાં મોટાં અને દિવ્ય પદે બિરાજતાં હોવા છતાં અને અસંખ્ય હરિભક્તો હરહંમેશ એમને પગે લાગતા હોવા છતાં એમના મુખ કમળ ઉપર ક્યારેય મિથ્યાભિમાન કે માન-મોટપનાં શેરડા પડતાં જોવાં મળતા નથી. એ પદ, એ ગાદી, એ પાઘ અને એ સ્વરૂપનો એવો પ્રતાપ છે. એટલું તો ચોક્કસ અનુભવી શકાય છે કે પાઘ ધારણ કરીને આ પદ ઉપર વિરાજમાન થયા પછી સ્વયં શ્રી સહજાનંદ સ્વામી એમાં અખંડ બિરાજતાં જોઈ શકાય છે. આમાં કશી જ અતિશયોક્તિ ને કોઈ અવકાશ નથી.

ગૃહસ્થનાં ધર્મો તો આમેય ખૂબ કઠણ છે અને એમાંય આચાર્ય અને ગૃહસ્થ એમ બંન્નેનાં ધર્મોને સાથે સાથે સંભાળવા અતિ કઠણ છે. એક પગે ઉભા રહીને જંગલમાં વર્ષો સુધી તપ કરવાનું કદાચ કઠણ નથી પરંતુ આચાર્યપદને શોભાવવું ખૂબ મુશ્કેલ કાર્ય છે. અત્યારે જ્યારે સંપ્રદાય અને શ્રી સ્વામિનારાયણ ભગવાનને નામે જગતમાં ચારેય બાજુ જાણે સ્પર્ધાઓ જામી રહી છે ત્યારે નીજ ધર્મની મર્યાદામાં રહીને પૂ. મોટા મહારાજશ્રીએ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની તેજસ્વીતાને જગત આખામાં પ્રસારી છે. અને વિદ્યમાન આચાર્ય એવા પ.પૂ.ધ.ધુ. શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પણ એમનાં પિતાશ્રી અને આદિ પિતાશ્રી એવા શ્રીહરિનાં ધર્મ પ્રસારણ અને વિચરણનાં કાર્યને એવા જ કૌશલ્યથી આગળ ધપાવી રહ્યાં છે.

ચોમાસું આવે એટલે ખેતરમાં ધાન્ય ભેગું નીંદણ પણ ફૂટી નીકળે છે. દેખાવમાં બધા જ અંકૂરો લીલાંછમ્મ અને રૂડાં લાગે પરંતુ ડાહ્યો અને સમજુ ખેડૂત ધાન્ય અને નીંદણના ભેદને બરાબર જાણે છે અને જેવાં ફૂટે કે નીંદામણને તાત્કાલિક દૂર કરે છે.

જગતમાં પણ આવું જ ચાલી રહ્યું છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનના નામે કંઈક કેટલાંય નીંદણો ફૂટી નીકળ્યા છે. પરંતુ સમજુ હરિભક્ત ક્યારેય ધાન્યને છોડીને નીંદણને બચાવે નહિ. એય સમજે છે કે ધાન્ય છે તો જીવન છે. તેમ શ્રીહરિ એ પ્રસ્થાપેલી પ્રણાલિકાનાં આ ત્રિમૂર્તિ સ્વરૂપો છે તો જ સંપ્રદાય છે અને તો જ જીવનમાં ધન્યતા છે. બાકી એ સ્વરૂપોને વિષે મનુષ્યભાવ કલ્પી એ સ્વરૂપોની બાદબાદી કરીને સત્સંગમાં રહેવું એ તો નરી પંગુતા જ છે.

ઉત્સવ મહોત્સવ કે જન્મોત્સવ તો આવે છે આવતાં રહે છે અને આવતા રહેવાનાં. એની વર્ષોવર્ષ ઉજવણી કરવી એ તો શ્રીહરિની આજ્ઞા છે.

જોવાનું તો એ રહે છે કે આવા પ્રસંગે હાજર રહી, ત્રિમૂર્તિ સ્વરૂપનું સાનિધ્ય અચૂક પ્રાપ્ત કરી લેવું અને શ્રીહરિના અપર એવા ત્રિવેણી સ્વરૂપમાં મનને ઝબોળી લેવું. બીજી કશી કડાકૂટમાં પડવાની જરૂર નથી. આમ કરવાથી અંતરમાં શ્રીહરિ સ્વરૂપનાં સ્હેજ સ્હેજે ટાઢા શેરડાં પડતાં અનુભવી શકાય છે. પ્રસંગના સમાપન પછી હરોળબંધ ઊભા રહીને એ ત્રિવેણી અપર સ્વરૂપોનાં ચરણોનાં ચરણસ્પર્શને પામ્યા પછી અંતરમાં તપાસી લેજો. કશી ખામી બાકી નહીં રહે.

બસ કસરમાત્ર ટાળીને શ્રધ્ધાએ સહિત અને ઈર્ષ્યાએ રહિત બની શ્રીહરિનાં અપર સ્વરૂપોને આશરે રહીશું તો પછી બીજાં સાધન પાછળ દોડવાની ખાસ જરૂર રહેતી નથી. સર્વે સાધનના સાધ્યરૂપ એવા શ્રીહરિનું સ્વરૂપ આપો આપ ઓળખાઈ જાય છે. પ્રથમનાં જ વચનામૃતમાં શ્રીહરિએ આ બાબત સ્પષ્ટ કરી છે કે "ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત છે તે ભગવાનની ઈચ્છાએ કરીને બ્રહ્મમય દેહને પામે છે."

એટલું અવશ્ય યાદ રાખીએ કે ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમણે જાતે નિયુક્ત કરેલા તેમનાં વંશનાં આચાર્યો વચ્ચે લેશમાત્ર અંતર નથી. આટલું જ જો સમજાઈ જાય પછી અંતર આપો આપ બોલી ઉઠશે કે :

*"મોટા દેવને મોટાં મંદિર આચાર્ય*
*અમારા મોટા રે....*
*હથેળીમાં પણ ચાંદ બતાવે તોયે અન્ય*
*પ્રહરી ખોટાં રે....."*

# અમારા આવા ભાગ્ય ક્યાંથી ?

- જયદિપ એચ. પટેલ (વિરાટનગર)

એકવાર મહારાજ એક ગામમાં પધાર્યા હતા. ગામના કાઠી દરબારને ત્યાં એમનો ઉતારો થયો. સૌ ત્યાં મહારાજના દર્શન કરવા જાય. એમાં એક ગરીબ ખેડૂત. ખેડૂતને એના પત્નિ કાવળબાઈ બેઉ ભારે ભાવિક. મહારાજના દર્શન કરતા ધરાય જ નહિ. દર્શન કરતા કરતા મનમાં વિચાર કરે, મહારાજ અમારા ગરીબના ઘરમાં પધારે ખરા ? મહારાજ અમારું આંગણું પાવન કરે તો ! આહાહા ! અમારા એવા ભાગ્ય ક્યાંથી ? ખેડૂતને તો એવો હરખ વ્યાપી ગયો કે ન પૂછો વાત ! અને, બીજે દિવસે સવારે તો મહારાજ ભક્ત મંડળી સાથે ઘર પૂછતાં પૂછતાં એ ગરીબ ખેડૂતના આંગણામાં આવી ઉભા. ખેડૂત તો આવરો-બહાવરો થઈ ગયો. ઘરની અંદર તો અંધારું હતું, ઓશરીમાં થોડું અજવાળુ હતું. ખેડૂતે ઝટઝટ ખાટલો ઢાળી ઉપર ગોદડું પાથરી દીધું, ને મહારાજને એની ઉપર બિરાજમાન કર્યા. મહારાજ મરક મરક હસ્યા ને કહે : 'વાહ, આ ગાદી મને ગમી !'

ખેડૂતની પત્નિ રસોડામાં જઈ દૂધનું બોધરણું લઈ આવી, તેણે દૂધનો કટોરો ભરી મહારાજ સામે ધર્યો. મહારાજ પીતા પીતા કહે : 'વાહ, શું સરસ દૂધ છે ! એમાં સાકર નાખી છે કે શું ? ખેડૂતની પત્નિના હરખનો પાર નથી. એ બોલી : 'ઘરની ભેંસનું દૂધ છે, મહારાજ ! કેટલી કાળજી લઉ છું, પછી દૂધ ન હોય આવુ ?' મહારાજ કહે : 'તો એક બીજો કટોરો ભરી દો.' મહારાજ બીજો કટોરોયે પી ગયા, ને માગીને ત્રીજો કટોરો પણ લઈ ને પીધો. બોધરણું ખાલી થઈ ગયું ! ખેડૂતને ખેડૂતના પત્નિ કહે : 'વાહ, મહારાજે આજે આપણને ન્યાલ કરી નાખ્યાં ! આટલી બધી એમની કૃપા અમે રાખશું ક્યાં ?' આંગણે પધારેલ ભક્તમંડળીનો યે સત્કાર કરવો જોઈએ ને ? દૂધ નથી, પણ છાશ તો છે ને ? છાશનું આખું બોધરણું રસોડામાં ભરેલું છે. ભક્તોને એ છાશ પાઉં, આવો વિચાર કરી ખેડૂતની પત્નિ રસોડામાં છાશનું બોધરણું લેવા ગઈ. ત્યારે એને ખબર પડી કે આ છાશનું બોધરણું નહોતુ, દૂધનું બોધરણું હતું. અને છાશ તો બધી મહારાજને પિવડાવી દેવાઈ હતી. આ જોઈ ખેડૂત પત્નિના વલોપાતનો પાર ન રહ્યો. ધડ ધડ ધડ તેણે બેય હાથે પોતાના બેય ગાલ પર ઉપરાઉપરી તમાચા મારી દીધા ! પછી મહારાજ પાસે આવી રોતી રોતી બોલી : 'મહારાજ, મારી ભૂલ થઈ, મને માફ કરો. મેં દૂધને બદલે આપને છાશ પાઈ દીધી છે. દૂધનું બોધરણું તો આ અકબંધ પડ્યું. મહારાજ, મને ગાંડીને માફ કરો !' મહારાજે હસીને કહ્યું : "અત્યારે તમે કહો છો ત્યારે હું જાણુ છું કે એ છાશ હતી. બાકી મને તો એ દૂધ જ લાગ્યું હતું. દૂધ કરતા યે ગળ્યુ !"

આવા હતા મહારાજ ! એ ભક્તનો ભાવ જોતા હતા. માણસ ગરીબ છે કે તવંગર, કાણો છે કે રાણો એ નહોતા જોતા. ભક્તના દિલનો ભાવ પારખી, વગર નિમંત્રણે એને ઘેર જઈ ઊભા રહેતા. એમને પોતાને ઘેર પધારેલ જોઈ ભક્તનું હૈય નાચી ઉઠતું. તેમ ભક્તને જોઈ ભગવાનનું યે હૈયુ નાચી ઉઠતું. મહાભારતમાં કથા છે કે શ્રીકૃષ્ણ ભગવાન દૂર્યોધનનું રાજભવન છોડી ગરીબ વિદૂરની ઝૂંપડીમાં જઈ રહ્યા હતા, અને તે વખતે વિદૂરપત્નિ એવા હરખઘેલા બની ગયા હતા કે એમણે ભગવાનને કેળાની છાલ ખવડાવી હતી, ને ગર્ભ ફેંકી દીધો હતો. ભગવાન પણ હોંશે હોંશે છાલ ખાઈ ગયા હતા. અહીં પણ તેવું જ બન્યુ હતું ને ! ખેડૂત પત્નિએ દૂધ સમજી છાશ પાઈ અને મહારાજે છાશ પી દૂધના ઓડકાર લીધા.

આવા હતા મહારાજ ! ભાવના ભૂખ્યા ! ભાવના ઘણી !

ખેડૂતને ઘેર પધારી મહારાજે ભાવથી છાશ પીધી, ને ભક્તમંડળીને દૂધ પાયુ !

ખેડૂત અને ખેડૂત પત્નિ કહે : 'વાહ

મહારાજે અમારુ આંગણુ પાવન કર્યું ! અહોહો ! અમારા આવા ભાગ્ય ક્યાંથી ?'

વ્હાલા હરિભક્તો ! અહીં જરા ધ્યાનથી થોડો પણ દ્રષ્ટિપાત કરી જુઓ, મહારાજ ઉપરની પંક્તિઓમાં કેવા પોતાના દયાળુ સ્વભાવના દર્શન કરાવે છે અને કહે છે કે "અત્યારે તમે કહો છો ત્યારે હું જાણું છું કે એ છાશ હતી. બાકી મને તો એ દૂધ જ લાગ્યું હતું. દૂધ કરતાયે ગળ્યુ !" મહારાજને પણ પોતાના ભક્ત પ્રત્યે કેટલો ભાવ રહે છે. અને આવા અતિ દયાળુ સ્વભાવ અને અંતર્યામી ભગવાનના દર્શન આપણને હાલ સ્વામિનારાયણ ભગવાનમાં એટલે કે આપણા પ.પૂ. બાંપજી અને વર્તમાન પ.પૂ. આચાર્ય મહારાજશ્રીમાં થાય છે. એમાં કંઈ વધારે લખવાની કે કહેવાની જરૂર જ ન પડે. પરંતુ દર્શન સ્મરણ માત્રથી જ સમજાય જાય.

(પાના નં.૨૪નું ચાલું) **સત્સંગ બાલવાટિકા**

ફક્ત એક તપેલી પણ જો ઉપયોગી નિવડતી હોય તો સમય વખતે જેની જરૂર પડતી હોય તેવા ભક્તો આ સત્સંગમાં છે. આ સત્સંગમાં ક્યાંય કોઈનો દોષ જોઈ તજી દેવો એ તો જેમ દૂઝણી ગાયને તજ્યા બરાબર ગણાય. માટે જ વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે, "ગમે તેવો સ્વભાવ હોય પણ જો તે હરિભક્ત સેવા કરતો હોય તો તેના દોષ ન જોવા." અને "જેને સત્સંગમાં આગળ વધવું હોય તેને પોતાના દોષ જોવા અને બીજાના ગુણ જોવા. આવી જેની પ્રકૃતિ હોય તે તો દિવસે દિવસે સત્સંગમાં વધતો જાય છે." માટે ભગવાનના નાનાં મોટા બધા જ ભક્તો વંદનીય છે.

(પાના નં.૧૮નું ચાલું)

## સાચું સુખ સત્સંગના સગપણમાં

## ધ્યાન ધર ધર્મના પુત્રનું

ગૃહસ્થો અને શ્રીજી મહારાજ પાછળ પાર્ષદો ઉભા છે ને ગામના અને બહાર ગામના હરિભક્તો, સત્સંગીઓ બેઠેલા છે. શ્રીહરિનું ચંદન પુષ્પાચારથી પૂજન થાય છે. તેમની પ્રાર્થના થાય છે. તાલ બધ્ધતાથી ભજનો થાય છે. ત્યારે શ્રીજી મહારાજ કહે છે કે હવે ભજન-કીર્તન રાખો. થોડી કથાવાર્તા કરીએ. અંદરો અંદર પ્રશ્નોતરી કરીએ. આમ શ્રીજી મહારાજની અમૃતવાણી વચનામૃત સ્વરૂપે સાંભળવા મળે છે. તે સર્વે નિષ્ઠાથી સાંભળે છે ને અપાર આનંદ પામે છે.

આવા શ્રીજી મહારાજના સપાર્ષદ દરબારનું ધ્યાન કરવું ને જગતને ભૂલી જવું તે સપાર્ષદ ધ્યાન કહેવાય. ત્યારે જાણે આપણે સત્સંગ સભામાં બેઠા છીએ અને શ્રીજીના વચનામૃત સસ્નેહે પી રહ્યા છીએ તેવું ધ્યાનમાં વર્તાય છે.

**(૪) સલીલ ધ્યાન** - આ ધ્યાનમાં શ્રીહરિનું પ્રવાહિત જીવન લીલા ચરિત્રનું ધ્યાન-ચિંતન છે. જેમ કે શ્રીહરિ ઘનશ્યામની છપૈયામાં બાળ લીલા, શ્રી નીલકંઠવર્ણીની વન વિચરણ લીલા, વર્ણીનું મુક્તાનંદ સ્વામી સાથે આશ્રમમાં રહેવું, ગુરુ રામાનંદ સ્વામીનું મિલન તેમની દીક્ષા તેમની ગાદી સોંપણી. સ્વામી સહજાનંદ રૂપે સત્સંગ કરવો. ગામે ગામ વિચરણ શ્રીજીનો ગઢડા નિવાસ, દાદા ખાચરનું હેત, સંતો સાથે ઘેલા નદીમાં સ્નાન ક્રિડા, લક્ષ્મીવાડીમાં સંતો સાથે ક્રિડા માણકી ઘોડી પર બેસી હરિભક્તોને દર્શન આપે, સંતો સાથે હોળી ખેલે, રંગ-ગુલાલ ઉડાડે, પંચાળે રાસ ખેલે સંતો ભક્તોને હોંશે હોંશે જમાડતા પંક્તિમાં પોતે પીરસે. સભામાં જ્ઞાનવાર્તા કરતા હસી-મજાક કરે. કોઈને કોઈ ભજનગાવાનું કહે ઓચિંતા કોઈ હરિભક્તને ત્યાં જઈ ખાવાનું માગે - વગેરે શ્રીહરિની લીલાઓ સંભારતાં સંભારતાં શ્રીજીનું ધ્યાન કરવું તે પરમ આનંદ પામતાં શ્રીજીમાં ખોવાઈ જવું તેને સલીલ ધ્યાન કહેવાય.

આ પ્રમાણે ધ્યાન દરેક સત્સંગીએ પોતાની અનુકુળતા પ્રમાણે જે રીતે ફાવે તેમ નક્કી કરવું. આ ધ્યાન જ શ્રીજીનું સાનિધ્ય પ્રાપ્ત કરાવી શકે છે. તમારા સર્વ સંતાપ દૂર કરે છે અને જીવનમાં પરમ આનંદ આનંદ વર્તાય છે. તેમાંથી સર્વે ધ્યાનમાંથી સ્વાંગ ધ્યાન તે શ્રેષ્ઠ છે. તેનાથી તમોને સમાધિ દશા પ્રાપ્ત થઈ શકે છે.

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## તેને આસુરી જીવ કહેવાય

- શાસ્ત્રી હરિસ્વામી (ગાંધીનગર)

ચોમાસાની ઋતુ કેવી સરસ ! ત્રણે ઋતુમાં ચોમાસાને સાત્વિક ગણવામાં આવ્યું છે. માટે જ તો આપણા સંતોએ ચોમાસાની ઉપમાઓ ખૂબ આપી છે. અષાઢ મહિનો ચાલતો હોય, આકાશ વાદળોથી ઘેરાયેલું હોય, ઝરમર ઝરમર વરસાદના છાંટણા પડતાં હોય અને ભગવાનને હીંડોળામાં પધરાવ્યા હોય ત્યારે કવિ હૃદય બોલી ઉઠે -

*"ઝરમર ઝરમર મેહુલો વરસે,*
*ગરજે ગંભીરે... નાથજીને ઝુલાવુ ધીરે."*

આવી સુંદર ચોમાસાની રૂતુમાં એક ભેડૂત પોતાના નાના પુત્રને લઈને ખેતરમાં જઈ રહ્યો હતો. આજે સ્કુલમાં રજા હતી તેથી આ છોકરો પિતા સાથે ફરવા આવ્યો. તેનું નામ ગૌરવ હતું. ગૌરવ ખૂબ ડાહ્યો, ઉત્સાહી, હોંશીયાર અને જીજ્ઞાસુ હતો. તેને જોવા જાણવાનો ખૂબ જ શોખ. રસ્તામાં ચાલતાં ચાલતાં એક મોટું વૃક્ષ આવ્યું એટલે ગૌરવે પૂછ્યું, પિતાજી ! આવડું મોટું વૃક્ષ શાનું છે ? પિતાજીએ કહ્યું, પુત્ર ! એને આંબો કહેવાય. આપણે ઉનાળામાં મીઠો મધ જેવો કેરીનો રસ જમીએ છીએ ને તે કેરી આ આંબા ઉપર થાય. પિતાજી ! અત્યારે કેમ કેરી નથી ? પુત્ર ! વસંત ઋતુમાં ફુલ આવે પછી કેરીઓ બેસે. અને ઉનાળામાં પાકે ત્યારે આપણને મળે. બહુ સરસ, ગૌરવને તો મજા પડી ગઈ. પછી તો વડ, પીંપળ, આંબલી, ખજુરી, મહુડો, આસોપાલવ ઉંબરો, લીંબુડી, કેળ, બોરડી, તાડ વગેરે વગેરે કેટલાય વૃક્ષો વિશે ગૌરવે જાણ્યું.

ત્યાં તો ઓચિંતો સરસ ટહુકારો સંભળાયો. એક વૃક્ષ પર કાળુ નાનું પક્ષી બેઠું હતું. પિતાજી ! આ પક્ષીનું નામ ? પુત્ર ! એને કોયલ કહેવાય. કેવું સરસ બોલે છે નહીં ! પિતાજી ! મારે એવું બોલવું હોય તો ? અને એણે મોઢેથી નકલી અવાજ કાઢવા પ્રયત્ન કર્યો પણ ફાવ્યું નહિ. ત્યારે પિતાજીએ કહ્યું તું સંગીત શીખીશ એટલે તારો પણ એવો જ અવાજ નીકળશે. તો પિતાજી હું જરૂર સંગીત શીખીસ.

પિતા-પુત્ર આ રીતે વાતો કરતા લીલી લીલી વનરાજી જોતા આગળ વધી રહ્યા હતા. ત્યાં ગૌરવની નજર એક નાનકડા સુકાયેલા જેવા છોડ ઉપર પડી. એટલે બુમ પાડી. પિતાજી... પિતાજી.... ! જુઓ તો ખરા, પેલા છોડવાની તબિયત બગડી ગઈ લાગે છે. બધાં જ વૃક્ષો લીલાંછમ દેખાય છે. બધાજ છોડવા લીલા છે અને આ એક બિચારો સુકાઈ રહ્યો છે. એને દવા ખવડાવોને. મારી તબિયત બગડે છે ત્યારે તમે મને દવા ખવડાવો છો. પછી મને સારૂં થઈ જાય છે. તો એને પણ સારૂ થઈ જશે.

ત્યારે પિતાજીએ કહ્યું, ગૌરવ ! તારી વાત સાચી પણ એ છોડ બિમાર નથી. ઊંધી પ્રકૃતિનો છે. એ વનસ્પતિનું નામ "જવાસો" છે. જેમ લજામણીના છોડને અડકીએ અને તરત મુરજાઈ જાય તેમ આ છોડ જ એવો છે કે પાણી મળે એટલે સુકાઈ જાય. પાણી એ તો મનુષ્ય, પશુ-પક્ષી, વનસ્પતિ માત્રનું જીવન છે. જેમ જેમ પાણી મળે તેમ તેમ બધીજ વનસ્પતી લીલા અને તાજી બને છે. જ્યારે આ જવાસો જ એવી વનસ્પતિ છે કે પાણી મળવાથી સુકાઈ જાય છે. એમાં પાણીનો દોષ નથી એ છોડનો દોષ છે. સમજ્યો પુત્ર ! હા, પિતાજી ! આ તો મને નવું સરસ જાણવા મળ્યું.

તો સાથે સાથે એ પણ જાણી લે કે આ છોડને તો નિષ્કુળાનંદ સ્વામી પણ જાણતા હતા. એટલે તો આ વાતને તેઓએ કાવ્યમાં ગુંથી લીધી.

*"જવાસો જેમ જળ મળે, જાય*
*સમુળો સુકાઈને,*
*તેમ અભાગી આ કથાથી, દુષ્ટ જાશે*
*દુઃખાઈને."*

અમૃત જેવું જળ મળવાથી જવાસો વનસ્પતિ સુકાઈ જાય છે એને જેમ અનુકુળ નથી આવતું તેમ કેટલાક જીવો આ જવાસો જેવા હોય એને ભગવાનની ભક્તિ-ભજન, કથા-વાર્તા, સત્સંગ એ બધું અનુકુળ નથી આવતું

જ્યારે મુમુક્ષુ જીવોને આ બધાથી આનંદ મળે છે અને જવાસો જેવા હોય તે દુઃખી થાય છે. તેને આસુરી જીવ જાણવા.

મિત્રો ! સ્વામિનારાયણ ભગવાનની ભક્તિ-ભજન, કથા-સત્સંગમાં કોને આનંદ ન આવે ? જવાસો જેવા હોય તેને. આપણને તો ખૂબ મજા આવે છે. માટે પ્રેમથી ભગવાનનું ભજન-દર્શન નિયમિત કરવા.

## ભગવાનના ભક્તો વંદનીય છે


- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

આ એક પ્રવાસીની વાત છે. મુસાફરી કરવા તો બધા જાય. જેને ફરવાની ઈચ્છા હોય તે સમય કાઢીને ફરવા જાય. ડાહ્યો પણ પ્રવાસ જાયને ગાંડાને પણ કોઈ પ્રવાસે લઈ જાય. પણ જવા જવામાં ફેર ! બધાના વિચારો કાંઈ સરખા હોતા નથી. એક મુસાફીર હતો. તે મુસાફરી કરવા નીકળ્યો. એની પાસે વાસણમાં ફક્ત એક તપેલી તેણે રાખી હતી. પણ હવે થાય શું ? વાત એમ બની કે જ્યાં પહોંચવાનું હતું ત્યાં પહોંચી શકાયું નહીં અને નજીકના કોઈ ગામમાં ઉતારો લીધો. ચાલો રાત વાસો અહીં કરીશું. ક્યાંકથી મુઠ્ઠી ખીચડી રાંધવા માટે માગી લાવ્યો. ત્રણ પથ્થરા ગોઠવી ચૂલો બનાવ્યો. ગામને કૂવેથી પાણી લાવી ખીચડી ધોઈ. ખીચડીને ચૂલે ચડાવી. આ મુસાફીરને ખીચડી બનાવતા આવડતી નહતી. પણ ભૂખનું દુઃખ ટાળવા જાતે મથતો હતો. હવે થયું એવું કે આ ચૂલે ચઢાવેલી ખીચડી બળવા લાગી તેનું તેને ભાન ન રહ્યું. બળવાની વાસ આવવાથી ખબર પડી કે આ તો દાઝે છે. પછી તો તરત ઝટ તપેલી ચૂલેથી ઉતારી. ખીચડી ખાધી. ખીચડી ખાવાની મઝા તો મરી ગઈ પણ ભૂખ મીટાવા શું કરવું. જેવી હતી તેવી ખાધી. રાત ઢળતી જતી હતી. એટલે તપેલી માંજવામાં આળસ કરી. કાલ કરીશું. માણસને ભાગ્યમાં મોટામાં મોટું વિઘ્ન આળસ જ છે. જે સમયે જે કામ કરી લે તેજ હિતમાં છે. જે સમયે જે તક ઝડપી લે તેજ સાચી સફળતા. બાકી આળસું માણસ ક્યારેય પણ આગળ આવી ન શકે. બીજા દિવસે સવારે આ મુસાફીર ઉઠીને તપેલી માંજવા બેઠો તો પણ તપેલીમાં ઘણા ડાઘા પડી ગયેલા તે કેમ જાય ! તપેલીને ખૂબ ઘસી ઘસીને થાક્યો પણ તપેલીમાં ડાઘા તો એટલા બધા બાકી રહ્યા કે ન પૂછો વાત. પછી તો આ મુસાફીરને રીસ ચડી તપેલી પર. એમાં તપેલીનો શું વાંક ! ભૂલ પોતાની અને રીસ બીજા ઉપર ઉતારવાની ! તપેલી પર રીસ ચડી તો સામી દિવાલની સાથે તપેલી પછાડી ! હજું બાકી રહેતું હતું તે તપેલીને ફરી પાછી ઉંચકીને પથરાથી તપેલીને કૂટવા લાગ્યો. રીસ અને ગુસ્સામાં શું કરી નાખે તેનું કોઈને કંઈ ભાન નથી રહેતું. તપેલીમાં ગોબા પડ્યા, તપેલીમાં બાખા પણ પડ્યા. સાવ નકામી તપેલી થઈ ગઈ. ભંગારમાં પણ કામ ન લાગે પણ હવે ખરી વાત બને છે. બપોરનો સમય થયો. ભૂખતો લાગેને ! અનાજ તો મળ્યું પણ રાંધવાનું શામાં ? પછી ગામમાં વાસણ માગવા ગયો કોણ આપે વાસણ ? એને વાસણ કોઈએ ન આપ્યું. પસ્તાવો થયો એટલે રડવા લાગ્યો. તૂટેલી તપેલી હાથમાં રાખી અને રડવા લાગ્યો. "હે ભગવાન ! મેં આ શું કર્યું ? હવે હું શેમાં રાંધીશ ? કેમ બનાવીશ ?" પોતાની જાતને ધિક્કારવા લાગ્યો. ગાળો દેવા લાગ્યો. પણ એથી કાંઈ તપેલી સાજી થાય ! આને રડતો જોઈ કોઈએ કારણ પૂછયું એટલે તેણે પોતાની હકીકત જણાવી. બધા તેની ઉપર હસવા લાગ્યા ! ગાંડા જેવો છેને પોતે તપેલી તોડીને હવે પસ્તાય છે ને રડે છે.

*જેથી સ્વારથ આપણો જરીએ રે,*
*સુણો સાહેલિયો*
*તેની ઉપર ક્રોધ ન કરીએ રે,*
*સુણો સાહેલિયો*
*લાત દુઝતી ગાયની ખમીએ રે,*
*સુણો સાહેલિયો*
*તેને તજીએ તો દૂધ ક્યાં જમીએ રે,*
*સુણો સાહેલિયો*
*કોઈની સાથે ટૂંકારે લડીયે રે,*
*સુણો સાહેલિયો*
*એમાં આપણે હલકાં પડીએ રે,*
*સુણો સાહેલિયો*
*સાંખી ચાલે તે માણસ મોટું રે,*
*સુણો સાહેલિયો*
*દલપત કહે નથી ખોટું રે,*
*સુણો સાહેલિયો*

(અનુસંધાન પાના નં. ૨૨ પર)

# ????????????પ્રશ્નપેટી????????????




***સાધુ ભક્તિનંદનદાસ ગુરુ પી.પી. સ્વામી (જેતલપુર ગુરુકુળ)***

**પ્રશ્ન : ૧** મુકુંદરાયને નૈષ્ઠિકવ્રતધારી ગુરુ જોઈતા હતા તેના માટે તે પ્રથમ કોની પાસે જાય છે ?

**પ્રશ્ન : ૨** નરસીભાઈને ઘરભંગ થયા પછી બીજા લગ્ન કરવા હતા પણ બધા ના પાડતા હતા ત્યારે તે તેમના ગુરુ પાસે ગયા પછી તેમના ગુરુએ શું કહ્યું ? તેમના ગુરુનું નામ શું હતું ?

**પ્રશ્ન : ૩** નિજાત્માનં બ્રહ્મસ્મં દેહત્રય વિલક્ષણમ્ ।
વિભાવ્ય તેન કર્તવ્યા ભક્તિ: કૃષ્ણસ્ય સર્વદા ॥
આ શ્લોકનો ઉલ્લેખ શ્રીહરિએ ક્યા શાસ્ત્રમાં કર્યો છે ?

**પ્રશ્ન : ૪** લોજમાં નિલકંઠવર્ણીને ક્યા નામથી બોલાવવામાં આવતા હતા ?

**પ્રશ્ન : ૫** "સત્સંગ કરે છે તેને શુળી જેટલું દુ:ખ હોય તો કાંટે મટે છે" - શ્રીહરિએ ક્યા વચનામૃતમાં કહ્યું છે ?

**પ્રશ્ન : ૬** નિષ્કુળાનંદ સ્વામી પૂર્વે કોણ હતા ? તેમણે ક્યા કીર્તનમાં ક્યા પદમાં પૂર્વની વાત કહી છે ?

**પ્રશ્ન : ૭** આપણો સંપ્રદાય ક્યો ?

**ઓગસ્ટ-૨૦૦૫ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ**

(૧) શિક્ષાપત્રીમાં ૧૦૮ માં શ્લોકમાં. (૨) સ.ગુ. ગોપાળાનંદ સ્વામીએ. (૩) સંવત ૧૮૩૯ની સાલમાં અને પ્રભુની ઉંમર ૩ વર્ષની હતી. (૪) વચનામૃતમાં પ્રથમના ૬૩માં નૃસિંહાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને ગઢડામાં પ્રશ્ન પૂછ્યો હતો. (૫) "જનુની જીવો રે ગોપીચંદની પુત્રને પેર્યો વૈરાગ્યજી" કીર્તનની કડી છે. તેના રચયિતા નિષ્કુળાનંદ સ્વામી છે. (૬) કાયાભાઈથી કૂતરાની પૂંછડી દબાઈ ગઈ ત્યારે કાયાભાઈએ કૂતરાનો અપરાધ થયો જાણીને તેને દંડવત કરવા લાગ્યા તે કાયાભાઈ ગોંડલ તાલુકાના કમઢીયા ગામના મુસલમાન સિંધી હતા. (૭) ૧. મશ્કરીમાં, ૨. વિવાહ પ્રસંગમાં, ૩. જીવિકા માટે, ૪. પ્રાણ સંકટમાં હોય ત્યારે, ૫. ગાય માટે, ૬. બ્રાહ્મણ માટે, ૭. હિંસા થતી હોય ત્યાં, ૮. ગુરુ માટે, ૯. સ્ત્રી આગળ, ૧૦. સ્વધર્મનું પાલન કરવા માટે આ તમામ અર્થે જુઠું બોલવામાં પાપ દોષ લાગતો નથી.

૧. શ્રી ચંદ્રિકા, શોભના, જયેશ (જીરાગઢ)
૨. શ્રી વૈશાલી, નીતા, શ્રુતિ (જીરાગઢ)
૩. શ્રી સાકરબેન નટવરભાઈ પટેલ (નાંદોલ)
૪. શ્રી કંચનબેન તથા બાબુભાઈ, નિલેષ, શૈલેષ (રતનપર - મૂળી દેશ)
૫. શ્રી શોભનાબેન મનીષભાઈ પરમાર (રાજકોટ)
૬. શ્રી શારદાબેન કાંતિભાઈ પટેલ (નાંદોલ)
૭. શ્રી નાગજીભાઈ વી. પટેલ (ચાંદલોડીયા)
૮. શ્રી પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૯. શ્રી પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૧૦. શ્રી અમૃતલાલ મોદી (સોજા)
૧૧. જેતલપુર મંદિરના વિદ્યાર્થીઓ (જેતલપુર)
૧૨. શ્રી સોની ભગવાનદાસ વેલજીભાઈ (મોરબી)

**નોંધ :** જવાબો મોકલનારે લીટીવાળા પેપર પર અને સ્વચ્છ અક્ષરે લખી મોકલવા અને પોતાનું નામ સ્પષ્ટ વંચાય તેવું લખવું.

# સત્સંગ સમાચાર

### અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં શ્રાવણ વદ-૮ના રોજ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના આખો દિવસ હરિભક્તોએ દર્શન કરી દિવ્ય લાભ લીધો હતો. રાત્રે શ્રી નરનારાયણદેવ સમક્ષ ઓચ્છવ મંડળે ઓચ્છવ કરેલ. અને સભા મંડપમાં કીર્તન ભક્તિની સુંદર રમઝટ બોલાવી હતી. રાત્રે ૧૨-૦૦ કલાકે શ્રીકૃષ્ણ જન્મોત્સવની આરતી ધામધુમથી થઈ હતી. જેના દર્શન હજારો હરિભક્તોએ કર્યા હતા. આ પ્રસંગે પૂ. મહંત સ્વામીના પ્રતિનિધિ રૂપે કોઠારી ધર્મપ્રકાશદાસ અને શાસ્ત્રી સ્વામી સત્યપ્રકાશદાસજીના માર્ગદર્શન હેઠળ કોઠારના સ્ટાફે અને સંત-મંડળે સરસ આયોજન કર્યું હતું. *(વિનોદ પટેલ)*

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા

શ્રીહરિના દિવ્ય ચરણોથી અંકિત અમદાવાદના કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ માહરાજના શુભ સાંનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અષાઢ વદ-૨થી શ્રાવણ વદ-૨ પર્યન્ત ભગવાનને વિવિધ પ્રકારના હીંડોળામાં ઝુલાવીને હરિભક્તોને દર્શન કરાવવામાં આવતા હતા.

શ્રાવણ સુદ-૧ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સિધ્ધેશ્વર મહાદેવજીને દૂધ અને ગંગાજળથી અભિષેક કરીને બાલ સ્વરૂપ કષ્ટભંજનદેવની આરતી ઉતારી હતી અને મંદિર ઉપર હરિકૃષ્ણ મહારાજને ઝુલાવીને ઓચ્છવ મંડળની સભામાં દર્શન આપવા પધાર્યા હતા. હરિભક્તો પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના દર્શન કરીને ધન્ય બન્યા હતા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સાથે મહંત સ્વામી નિર્ગુણદાસજી અને સંત મંડળ પધારેલ. સંધ્યા આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ઉતારીએ સૌને વિશેષ દર્શનનો લાભ આપ્યો હતો. આ પ્રસંગે મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી અને કોઠારી આનંદ સ્વામીની પ્રેરણાથી કાર્યક્રમ સુંદર રીતે સંપન્ન થયો હતો. પૂજારી સ્વામી દેવકૃષ્ણદાસજીએ ઠાકોરજીને અવનવા સુંદર શૃંગાર કરીને દર્શન કરાવીને હરિભક્તોને રાજી કર્યા હતા.

*(કોઠારી આનંદ સ્વામી)*

### વાલી (રાજસ્થાન) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીનરનારાયણદેવની મૂર્તિ પ્રતિષ્ઠા

તા. ૧૫-૬-૨૦૦૫ના રોજ વાલીના નિજ મંદિરમાં શિખરમાં શ્રી નરનારાયણદેવની પ્રાણ પ્રતિષ્ઠા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

અત્રેના મહંત સ્વામી નિર્મળદાસજી સ્વામી દેવપ્રસાદદાસજી, કોઠારી હરિપ્રસાદદાસજી અને સ્વામી ઘનશ્યામજીવનદાસજીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવની મૂર્તિના યજમાન પ.ભ. દિવાળીબેન વિઠ્ઠલદાસ કરશનદાસ પેપળીયા પરિવાર (ઉંઝા) રહ્યા હતા. અને સિંહાસનના યજમાન ડાંગરવા ગામના સમસ્ત હરિભક્તો રહ્યા હતા. અને કથાના યજમાન વરજાંગરામ સોનાજી માળી (વાલીવાળા હા. મેરાભાઈ) રહ્યા હતા. વાલી મંદિરમાં સંવત ૧૯૮૫માં શ્રીરાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજશ્રીએ કરી હતી. ત્યારથી વાલી અને મારવાડનો સત્સંગ વધુને વધુ વિસ્તરતો ગયો છે. આ મંદિરનું નિર્માણ કાર્ય અ.નિ. સ્વામી ભક્તિનંદનદાસજીના શિષ્ય અ.નિ. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ કરાવેલ. મારવાડના સત્સંગની તો સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ ભક્ત ચિંતામણી ૧૨૦માં પ્રકરણમાં સુંદર મહિમા ગાયો છે.

*મોટા ભક્ત મરુદેશના, વળી મોટા છે*
*જેના મન, સંગ કુસંગને ઓળખી,*
*વળી થયા હરિના જન, લેશ નહીં જેહ*
*દેશમાં, સમજ્યા સુધીની રીત*
*તેવા દેશમાં ઉપજી, જેણે કરી હરિ શું પ્રીત,*
*વાલી ગામે વસે,*
*બહુજન ઓઝા વિરમ ભગત,*
*પાવન દ્વિજ ભક્તો ગામ જોધાવાસ,*
*મેઘરાજ ભક્ત કાવે.*

*(ભંવરલાલ ખેતાજી પુરોહિત જોધાવાસ)*

**સેટેલાઈટ વસ્ત્રાપુર વિસ્તારમાં વિશેષ ભક્તિ સંગીતનો કાર્યક્રમ**

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અમદાવાદના સેટેલાઈટ વસ્ત્રાપુર વિસ્તારમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ ઉપસ્થિતિમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા 'ભક્તિ સંગીત'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.**

**તા. ૨૫-૯-૨૦૦૫ રવિવાર**

**સાંજે ૬-૦૦ થી ૮-૩૦**

**સ્થળ : સપ્તપદી હોલ,**
**જોધપુર ચાર રસ્તા પાસે, ગોલ્ડ કોઈન કોમ્પ્લેક્ષમાં સેટેલાઈટ, અમદાવાદ.**

**સેટેલાઈટ, વસ્ત્રાપુર અને નવરંગપુરાના હરિભક્તોને ખાસ લાભ લેવા અનુરોધ છે.**

### મથુરા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ગુરુ પૂર્ણિમા ઉત્સવ ઉજવાયો

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીરાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના સાંનિધ્યમાં ગુરુ પૂર્ણિમાના રોજ સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી

મહારાજની તસ્વીર સિંહાસનમાં પધરાવીને સંત-હરિભક્તોએ પૂજન-અર્ચન કરી આરતી ઉતારી હતી. મહંત સ્વામી અખિલેશ્વરદાસે ધર્મવંશી ગુરુનો મહિમા માહાત્મ્ય કહ્યું હતું. આ પ્રસંગે ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું.

*(પૂજારી સર્વેશ્વરદાસ)*

**શ્રી નરનારાયણદેવ ધાર્મિક પરીક્ષા અંગે**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સંચાલિત શ્રી નરનારાયણદેવ ધાર્મિક પરીક્ષા તા. ૧૮-૧૨-૨૦૦૫ને રવિવારે જે તે કેન્દ્રો પરથી લેવામાં આવશે. દરેક કેન્દ્ર સંચાલકોએ પરીક્ષાર્થીનું લીસ્ટ વહેલાસર મોકલી આપીને અત્રેથી ફોર્મ તથા સપ્લીમેન્ટરી મેળવી લેવી.

સંચાલકશ્રી,
શ્રી નરનારાયણદેવ ધાર્મિક
પરીક્ષા વિભાગ
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,
અમદાવાદ.
(સમય : સવારે ૮ થી ૧૦)

**મહેસાણા શ્રી સ્વામિનારાયણ મંદિર**

મહેસાણાના નિર્માણ થઈ રહેલા ભવ્ય શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ઠાકોરજીને વિવિધ પ્રકારના હીંડોળામાં ઝુલાવીને અદ્‌ભૂત દર્શન કરાવવામાં આવ્યા હતા. ૧૫ ઓગસ્ટના રાષ્ટ્રચિન્હના હીંડોળાના દર્શન કરાવવામાં આવેલ. ચાતુર્માસમાં દર એકાદશીના મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજી અને મહંત શાસ્ત્રી સ્વામી ઉત્તમપ્રિયદાસજી સમૂહ મહાપૂજા વિધિ કરાવીને હરિભક્તોને લાભ આપે છે. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા તા. ૧-૮-૨૦૦૫ના રોજ બાળકોને સુલેખન સ્પર્ધા તથા તા. ૧૪-૮-૨૦૦૫ના રોજ કીર્તન તથા દેશ ભક્તિની હરિફાઈ યોજવામાં આવેલ. પ્રથમ દ્વિતીય અને તૃતીય આવનાર હરિફને ઈનામ તથા આશ્વાસન ઈનામ આપવામાં આવેલ. આમ અત્રે મહેસાણા અને આજુબાજુના ગામના હરિભક્તો હીંડોળા દર્શન કરી ધન્ય બન્યા હતા. *(નારાયણ સ્વામી, મહંતશ્રી, મહેસાણા)*

**મહેસાણા શ્રી સ્વામિનારાયણ મંદિર**

અત્રે મહેસાણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રાવણ માસમાં પૂજ્ય પી.પી. સ્વામી અને પૂ. શા. આત્મપ્રકાશદાસજીની પ્રેરણાથી મહંત શાસ્ત્રી સ્વામી ઉત્તમપ્રિયદાસજી તથા શાસ્ત્રી નારાયણપ્રસાદદાસજીના માર્ગદર્શનથી શાસ્ત્રી ભગવતચરણદાસે શ્રીમદ્ ભાગવત કથાનું સુંદર કથામૃત પાન કરાવેલ. મહેસાણા શહેર અને આજુબાજુના હરિભક્તોએ કથામૃતનો અલભ્ય લાભ લઈ કૃતાર્થ થયા હતા.

*(શાસ્ત્રી વ્રજવલ્લભદાસ)*

**દિલ્હી મંદિરમાં પાટોત્સવ ઉજવાયો**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી આપણા દિલ્હી (ગુજરાત વિહાર - વિકાશમાર્ગ) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ-અભિષેક તા. ૧૪-૮-૦૫ને રવિવારે સવારે ૭-૩૦ કલાકે અત્રેના મહંત સ્વામી દેવપ્રસાદદાસજી અને વિદ્વાન વિપ્રના હસ્તે શોડષોપચાર વિધિથી ધામધુમથી સંપન્ન થયેલ.

જેની પૂજા વિધિમાં યજમાન ડૉ. ઉર્લાબેન ડો. ત્રિલોકભાઈ, પ.ભ. શરદભાઈ જનકભાઈ ટાંક વગેરે હરિભક્તોએ શ્રીહરિકૃષ્ણ મહારાજની પૂજાવિધિ કરીને દિવ્ય લાભ મેળવ્યો હતો.

પ્રાસંગિક સભામાં પૂજ્ય મહંત શાસ્ત્રી સ્વામી જગતપ્રકાશદાસજી (ધોળકા) અને શા.સ્વા. પૂર્ણપ્રકાશદાસજી (નારાયણઘાટ) એ બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજ અને તેમના કુળ શ્રી નરનારાયણદેવ પીઠના ત્રણે અપરસ્વરૂપોનો મહિમા શાસ્ત્રોકત વિધાનથી સૌને સુંદર રીતે કહ્યો હતો. રજાનો દિવસ હોવાથી મોટી સંખ્યામાં હરિભક્તોએ અભિષેક, શૃંગાર અને અન્નકૂટ દર્શન કરી પ્રસાદ લઈ ધન્ય ધન્ય બન્યા હતા.

આ પ્રસંગમાં માધવ સ્વામી, ઉત્તમ સ્વામી અને કોઠારી ભૂપત ભગતે ઉત્તમ સેવા કરીને મહારાજનો રાજીપો મેળવ્યો હતો. *(જયંતીભાઈ એલ. પટેલ)*

**અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં શ્રી નરનારાયણદેવ તાબાના હરિ મંદિરની ખાત વિધિ**

ઘાટલોડિયા-રન્નાપાર્ક વિસ્તારમાં શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન હરિભક્તો પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી છેલ્લા દશ વર્ષથી અહીંની એક સ્કુલમાં નિયમિત સત્સંગ સભા કરીને સત્સંગને જાગૃત કરવાનું અભિયાન ચલાવતા. જેમાં પ.ભ. સોમભાઈ પટેલ (ગુલાબપુરા) પ.ભ. પ્રવિણભાઈ પટેલ (વડુ) પ.ભ. કાંતિભાઈ (ધૂનવાળા) પ.ભ. નાગરભાઈ પટેલ, પ.ભ. અમૃતભાઈ પટેલ, પ.ભ. મનુભાઈ પટેલ, પ.ભ. પ્રભુદાસભાઈ વગેરે ઘણા હરિભક્તોએ ખૂબજ રસ લઈને ખાસ તો આ વિસ્તારમાં મંદિર કરવા માટે ખૂબજ પ્રયત્ન કરતા હતા. જેમાં ચારેક વર્ષ પહેલા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી (લાલજી મહારાજ સ્વરૂપે) એ અહીંના ૧૭૫ ઘરે પધરામણી કરીને હરિભક્તોના સંકલ્પને વધુ દ્રઢ બનાવ્યો અને અહીં મંદિર નિર્માણ થાય તે માટે બન્ને શ્રીહરિના અપર સ્વરૂપોએ સંકલ્પ કર્યો. અને થોડા સમયમાં જ અહીંના સુંદર રમણીય નિલકંઠ મહાદેવના મંદિર પાસેની જમીન મંદિર માટે પસંદ કરવામાં આવી. અને જગ્યા શ્રી નરનારાયણદેવ અમદાવાદ મંદિરના

તાબાની સંપૂર્ણ દસ્તાવેજ કરીને પછી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને ખાત મૂહુર્ત માટે પધારવા હરિભક્તોએ પ્રાર્થના કરી.

તા. ૮-૮-૨૦૦૫ના સવારે ૮-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શાસ્ત્રોક્ત વિધિથી મંદિરની ખાતવિધિ ધામધુમથી સંપન્ન થઈ. જેમાં યજમાનશ્રીએ પણ સુંદર સેવા કરી પૂજનનો લાભ લીધો.

પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, નારણપુરાના મહંત શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી અને સ્વામી સ્વયંપ્રકાશદાસજીએ ઘાટલોડિયા - ચાંદલોડિયા - રન્નાપાર્ક વિસ્તારના હરિભક્તોને આ મંદિર નિર્માણમાં સહભાગી થવા અનુરોધ કરીને મંદિર વહેલાસર પૂર્ણ થાય તે માટે શ્રીજી મહારાજને પ્રાર્થના કરી હતી.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે અહીં મંદિર નિર્માણ થશે એટલે યુવાનો મંદિરમાં આવતા થશે, જેનાથી વ્યસન છૂટશે. સંસ્કારની જાળવણી થશે. જેથી ઘરડા ઘરની જરૂર નહીં પડે. તેમ ટકોર કરીને સર્વોપરિ શ્રી નરનારાયણદેવ આ મંદિર વહેલાસર પૂર્ણ કરાવે અને આ વિસ્તારમાં શ્રી નરનારાયણદેવનો સત્સંગ વધુ વિસ્તરે અને નવા આશ્રિતો વધુ થાય તેવી પ્રાર્થના કરી હતી.

સભામાં ખાત મુહૂર્તના યજમાન, પૂ. મહારાજશ્રીના પૂજનના યજમાન, આરતી ભોજનના યજમાન પ.ભ. મફતલાલ હરગોવનદાસ અને પ.ભ. પ્રવિણભાઈ નારણદાસ (ગુલાબપુરવાળા) અને મંદિરની વહિવટી કમિટી અને દાતાઓએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનુ પૂજન-અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા. દરેક મહેમાન હરિભક્તો અને આ વિસ્તારનાં તમામ હરિભક્તોને પ્રસાદ જમાડવામાં આવેલ. સભા સંચાલન પ.ભ. ઘનશ્યામભાઈ એસ. પટેલે સંભાળ્યુ હતું. *(પ્રોફે. શનાભાઈ પટેલ તથા પ્રહલાદભાઈ પટેલ)*

**વડનગર શ્રી સ્વામિનારાયણ મંદિર**

શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગરમાં શ્રી ઘનશ્યામ મહારાજની છત્રછાયામાં મહંત સ્વામી હરિસેવાદાસજીની પ્રેરણાથી વિવિધ પ્રકારના હીંડોળામાં શ્રીહરિકૃષ્ણ મહારાજને ઝુલાવી હરિરસની હેલી માણી ધન્યતા અનુભવે છે. શાસ્ત્રી વિશ્વપ્રકાશદાસજી દરરોજ સવાર-સાંજ શ્રીમદ્ સત્સંગિજીવનની કથા દ્વારા ભક્તજનોને શ્રીહરિનો મહિમા સમજાવી કથામૃતનું પાન કરાવે છે. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા દર એકાદશી રવિવારે સભા-કીર્તન ભક્તિ દ્વારા સત્સંગ વૃદ્ધિના કાર્યક્રમ કરી ચાતુર્માસની સાર્થકતા પ્રાપ્ત કરે છે. *(શાસ્ત્રી નારાયણવલ્લભદાસજી, વડનગર)*

**શ્રી સ્વામિનારાયણ મંદિર લુણાવાડા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ૧૪મો વાર્ષિક દિન શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સમૂહમાં કથા-વાર્તા ભજન કીર્તન અને હરિ સ્મરણ સાથે ધામધુમથી ઉજવ્યો હતો. પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૮મો પ્રાકટ્ય ઉત્સવ પણ મંદિરમાં ધૂન-ભજન કીર્તન કરીને ઉજવીને સૌને પ્રસાદ આપીને ધામધુમથી ઉજવેલ. *(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, લુણાવાડા)*

**માધવગટ (પ્રાંતીજદેશ)**

અહીંના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રાવણ માસમાં હરિભક્તોએ શ્રીહરિકૃષ્ણ મહારાજને નાના પણ સુંદર, શોભાયમાન હીંડોળા બનાવીને ભગવાનને ઝુલાવ્યા હતા. તલોદ બજારના હરિભક્તોએ પણ આ પ્રસંગે સેવા કરી સુંદર લાભ લીધો હતો. *(ભલાભાઈ)*

**શ્રી સ્વામિનારાયણ મંદિર ચલોડા (ધોળકા દેશ)**

શ્રીહરિ સમકાલિન જીતબાના ચલોડા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની પૂર્ણ કૃપાથી અને ધોળકાના મહંત શાસ્ત્રી સ્વામી જગતપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી બહેનો અને ભાઈઓએ ઠાકોરજીને અવનવા વિવિધ હીંડોળા બનાવીને ઝુલાવ્યા હતા. રાત્રે હરિભક્તો ઓચ્છવના પદો ગાઈને ભગવાનને રાજી કરતા હતા.

જન્માષ્ટમીના ધોળકા મંદિરના મહંત સ્વામી જગતપ્રકાશદાસજી સંત મંડળ સાથે જન્મોત્સવની આરતી કરવા પધાર્યા હતા. *(જયંતીભાઈ પટેલ)*

**મીઠાખળી (અમદાવાદ) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દશમસ્કંધ પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને અમદાવાદ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના માર્ગદર્શનથી અને શાસ્ત્રી સ્વામી સત્યપ્રકાશદાસજી (મૂળીધામ)ની પ્રેરણાથી અત્રે શ્રાવણ સુદ-૭ થી શ્રાવણ સુદ-૧૩ પર્યન્ત રાત્રે ૯ થી ૧૧ દરમ્યાન શાસ્ત્રી સ્વામી બ્રહ્મવિહારીદાસજી (મૂળીવાળા)એ શ્રીમદ્ ભાગવત દશમસ્કંધની કથા કરીને હરિભક્તોને હરિરસમાં તરબોળ કર્યા હતા. છેલ્લે પૂર્ણાહુતિના દિને નારાયણઘાટ મહંત ઘનશ્યામસ્વામી, માણસા મહંત સ્વામી આદિ સંતો ઉપસ્થિત રહ્યા હતા. શાસ્ત્રી સ્વામી સત્યપ્રકાશદાસજીએ આ પ્રસંગે પોતાની લાક્ષણિક શૈલીમાં હરિભક્તોને સુંદર ઉદ્બોધન કર્યું હતું. *(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ મીઠાખળી)*

**શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજ પાર્ક**

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૧૧-૮-૦૫ થી તા. ૧૯-૮-

૦૫ પર્યન્ત શ્રી નિષ્કુળાનંદ કાવ્યની (ધીરજ આખ્યાન રાત્રી પારાયણ) પારાયણ શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તા પદે યોજાયેલ. જેનો લાભ મોટી સંખ્યામાં હરિભક્તોએ લીધો હતો. આ પ્રસંગે ધો. ૧ થી ૧૨માં સારા ટકાએ ઉતિર્ણ થનાર વિદ્યાર્થીઓને પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી પ્રજેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ્ હસ્તે શિલ્ડ - મોમેન્ટો થી સન્માનિત કરવામાં આવેલ. તા. ૨૩-૭-૦૫ થી ૨૧-૮-૦૫ પર્યન્ત મંદિરમાં ભવ્ય હિરના હીંડોળા દર્શન ખુલ્લા મુકવામાં આવ્યા હતા. આ પ્રસંગે સમસ્ત ધર્મવંશી ધર્મકુળ પરિવારે દર્શન કરીને હરિભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. હજારો હરિભક્તો હિંડોળાના દર્શન કરી ભાવ વિભોર થઈ ગયા હતા.

*(ધનંજય ઠક્કર, શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)*

### અમદાવાદ નારણપુરાના ડી.કે. પટેલ હોલમાં પુરુષોત્તમપ્રકાશ ગ્રંથની પારાયણ સંપન્ન થઈ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અમદાવાદના પોશ વિસ્તાર નારણપુરાના વિશાળ ડી.કે. પટેલ હોલમાં પૂજ્ય શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર)ના વક્તાપદે સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત પુરૂષોત્તમપ્રકાશ ગ્રંથની સપ્તાહ પારાયણ શ્રાવણ સુદ ૧ થી શ્રાવણ સુદ-૭ પર્યન્ત સંગીતના સુર સાથે કથાનો દિવ્ય લાભ (રાત્રે ૮-૩૦ થી ૧૧-૦૦) રોજ ૧૨૦૦ જેટલા ભાવિક ભક્તોએ લઈને જીવનને ધન્ય બનાવ્યું. છેલ્લા બે વરસથી અહીં શ્રાવણ માસમાં નિયમિત કથા યોજાય છે. હવે દર વર્ષે આ સ્થળે આજ સમયે કથાનું આયોજન નક્કી કરવામાં આવ્યું છે. શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપોના રાજીપા અને આજ્ઞાથી આ સત્સંગ પ્રવૃત્તિને ખૂબજ વેગ મળ્યો છે. *(શાસ્ત્રી વિશ્વપ્રકાશદાસ)*

### જેતલપુરધામમાં શ્રાવણ માસમાં શ્રીમદ્ ભાગવત કથા પારાયણ

પવિત્ર શ્રાવણ માસમાં જેતલપુર ધામમાં સર્વોપરિ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના શુભ સાનિધ્યમાં મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા મહંત કે.પી. સ્વામીની પ્રેરણાથી શ્રીમદ્ ભાગવત શાસ્ત્રની કથા શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસ (કોઠારી મહેસાણા મંદિર)ના વક્તાપદે સંગીતના સુમધુર સૂર સાથે થઈ હતી. જેતલપુર અને આજુબાજુના ગામના ભાવિકોએ કથાનો લાભ લઈ અતિ રાજી થયા હતા.

*(શાસ્ત્રી ભક્તિનંદનદાસ)*

### દહેગામ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં હીંડોળા ઉત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર દહેગામમાં શ્રાવણ માસમાં ઠાકોરજી સમક્ષ વિવિધ પ્રકારના અવનવા હીંડોળા બનાવીને ભગવાનને ઝુલાવવામાં આવ્યા હતા. આ પ્રસંગમાં કોઠારી અરવિંદભાઈ, કુલવદન, બ્રહ્મભટ્ટ, રાઠોડ ખન્નાભાઈ અને હસમુખભાઈ પટેલે સારી સેવા બજાવીને ભગવાનને રાજી કર્યા હતા.

*(હર્ષદ કાકા પટેલ, સ્ટોર કિપર)*

### ધોળકા મંદિરમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો

અત્રે ધોળકા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સમસ્ત ધર્મવંશી પરિવારની કૃપા-આશિષથી શ્રાવણ સુદ-૮ જન્માષ્ટમીના શ્રી મોરલી મનોહરદેવ હરિકૃષ્ણ મહારાજ સમક્ષ સુંદર પારણું શણગારવામાં આવ્યું હતું. ખરેખર મંદિરની શોભા અવર્ણનીય અને અદ્‌ભૂત હતી ! રાત્રીના ૮ થી ૧૨ દરમ્યાન ઓચ્છવ મંડળનો ઓચ્છવ માણવા જેવો અને જીવનમાં ઉતારવા જેવો હતો. બંને મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી જગતપ્રકાશદાસજી અને મહંત સ્વામી વિષ્ણુપ્રસાદદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રીકૃષ્ણ જન્મોત્સવ અતિધામધુમથી ઉજવાયો હતો. ધોળકાના હજારો ધર્મપ્રેમીજનોએ દર્શનનો દિવ્ય લાભ લઈ ખૂબજ હર્ષની લાગણી અનુભવતા હતા. ધોળકાના વડીલ હરિભક્તો અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મંદિરના સંત મંડળે આ પ્રસંગે શ્રધ્ધા-ભક્તિથી સુશોભન સેવામાં સુંદર પ્રસંશનીય સેવા બજાવી હતી. ધોળકાના ગાંધીવાડા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પાર્ષદ પૂજારી બચુ ભગતે પૂ. મહંત શાસ્ત્રી સ્વામી જગતપ્રકાશદાસજીની પ્રેરણાથી જન્માષ્ટમી મહોત્સવ ધામધુમથી ઉજવ્યો હતો. *(રાકેશભાઈ યુવક મંડળ)*

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### મૂળી મંદિરમાં જન્માષ્ટમીનો સમૈયો પરંપરાગત રીતે ધામધુમથી ઉજવાયો

ઝાલાવાડના હાર્દ સમા સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીના મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના શુભ સાંનિધ્યમાં અને શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી શ્રીકૃષ્ણ જન્માષ્ટમીનો પરંપરાગત સમૈયો ધામધુમથી ઉજવાયો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સમસ્ત ધર્મવંશી પરિવાર વિદેશ ધર્મયાત્રાએ પધાર્યા હોવા છતાં ઝાલાવાડ હાલારના સંત-હરિભક્તોને ધર્મકુળ હૃદયમાં જ હોવાથી પ્રત્યક્ષ દર્શન જેવું સુખ મેળવ્યું હતું. હજારો ભાવિકોએ રાત્રે ૧૨-૦૦ કલાકે જન્મોત્સવના દર્શનનો મહા લાભ લઈ અતિ ધન્ય બન્યા હતા. મહંત સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી અને સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીની પ્રેરણાથી મહંત સ્વામી નરેન્દ્રપ્રસાદદાસજી, કોઠારી

જયપ્રકાશદાસજી, અનિરૂધ્ધ સ્વામી, ચંદુ ભગત અને ભરત ભગતે સુંદર સેવાનું આયોજન પુરુ પાડ્યું હતું. *(શા. લક્ષ્મીનારાયણદાસજી, ચરાડવા)*

## વિદેશ સત્સંગ સમાચાર

### મિડવેસ્ટ I.S.S.O. શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૭મો પાટોત્સવ ઉજવાયો.

સર્વાવતારી શ્રીહરિની કૃપાથી અને શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પૂજ્ય મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને મહંત શાસ્ત્રી સ્વામી ધર્મવલ્લભદાસજીની પ્રેરણાથી શિકાગો મંદિરનો ૭મો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૨૬-૭-૦૫ થી તા. ૩૦-૭-૦૫ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિ ભૂષણ પારાયણ શાસ્ત્રી સ્વામી ધર્મવલ્લભદાસજીના વક્તાપદે સંપન્ન થઈ હતી. જેના યજમાન પ.ભ. જોઈતારામ આત્મારામ પટેલ તથા પ.ભ. જસવંત આત્મારામ પટેલ (મોખાસણ) પરિવારે તેમના માતુશ્રી અંબાબેનની જીવન ચર્યા નિમિત્તે લાભ લીધો હતો. સાંજે કથામાં ઘનશ્યામ જન્મોત્સવ ધામધુમથી ઉજવ્યો હતો. હરિયાગની પૂજન વિધિ શ્રી દિનેશભાઈ જોશીએ કરાવી હતી. તેજ દિવસે આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજનો જન્મોત્સવ નાના બાળકોએ અને યુવાન હરિભક્તોએ ધામધુમથી ઉજવ્યો હતો. તા. ૩૧-૭-૦૫ના ઠાકોરજીનો પાટોત્સવ-અભિષેક વેદ વિધિસર રીતે કરવામાં આવેલ. અભિષેક, અને અન્નકૂટ દર્શનમાં શિકાગો અને અન્ય સ્ટેટના હજારો હરિભક્તો જોડાયા હતા.

પ્રાસંગિક સભામાં શા. સ્વામી સૂર્યપ્રકાશદાસ, પૂજારી હરિનંદનદાસ અને શ્રી વિવેક બ્રહ્મભટ્ટે પ્રસંગોચિત પ્રવચન કરેલ. બહેનોની અન્નકૂટ સામગ્રીની અદ્‌ભૂત સેવા હતી.

આભાર વિધિ પ્રમુખશ્રી જગદીશભાઈએ કરી હતી.

*(ધીરુભાઈ ભુંગળીયા)*

### હ્યુસ્ટન (ટેકસાસ I.S.S.O.) શ્રી સ્વામિનારાયણ મંદિર

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી મહંત મુનિ સ્વામી અને જ્ઞાન સ્વામીની પ્રેરણાથી તા. ૨૪-૭-૦૫ રવિવારના ગુરુપૂર્ણિમા ઉત્સવ અત્રે મંદિરમાં ધામધુમથી ઉજવાયો હતો. સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની તસ્વીરનું હરિભક્તોએ શિસ્તબધ્ધ પૂજન-અર્ચન કરી આરતી ઉતારી ગુરુ પૂજન કર્યું હતું.

તા. ૩૦-૭-૦૫ના પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રાકટ્ય ઉત્સવ પ્રસંગ સ્વામી જ્ઞાનપ્રકાશદાસજીની પ્રેરણાથી યુવક મંડળે મંદિરને શણગારીને સુશોભિત કરીને મંદિરમાં ધાર્મિક - સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. યુવા હરિભક્તોએ કેક કાપીને પૂ. લાલજી મહારાજનો જન્મોત્સવ ઉજવ્યો હતો.

વિવિધ પ્રકારના સુંદર બેનમુન હિંડોળા બનાવીને ભગવાનને ઝુલાવવામાં આવ્યા હતા. જેના દર્શન કરીને હરિભક્તો તૃપ્ત થતા ન હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે FUNDAY પ્રસંગ ઉજવવામાં મુનિ સ્વામી, જ્ઞાનપ્રકાશ સ્વામી, કારોબારી સભ્યો તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળે ખૂબજ શ્રધ્ધા ભાવનાથી સેવા કરીને શ્રીહરિને રાજી કર્યા હતા. *(રમેશભાઈ ટી. પટેલ)*

### શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની (I.S.S.O. ઓસ્ટ્રેલીયા)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં નીચે મુજબ સભા રાખવામાં આવેલ.

તા. ૧૧-૭-૦૫ પ.ભ. સુરેશભાઈ પટેલ તથા વર્ષાબેન પટેલ તરફથી, તા. ૩૧-૭-૦૫ એકાદશીની સભા પ.ભ. વિનોદભાઈ કેરાઈ તરફથી, જેમાં શ્રી અંજલેશભાઈએ એકાદશી ઉપર સુંદર પ્રવચન કરેલ. તા. ૬-૮-૦૫ શ્રીમદ્ ભાગવત ગીતાપાઠ પારાયણ શ્રી અમૃતભાઈના વક્તા પદે કરવામાં આવેલ. તા. ૩૧-૭-૦૫ના ઠાકોરજીને આઈસ્ક્રીમકોન ના સુંદર હીંડોળા બનાવી ઝુલાવવામાં આવેલ. તા. ૭-૮-૦૫ અને ૧૪-૮-૦૫ના પણ વિવિધ પ્રકારના હીંડોળામાં ભગવાનને ઝુલાવવાનો લાભ હરિભક્તોએ લીધો હતો. દરેક સભામાં સર્વોપરિ શ્રીહરિના મૂળ સિધ્ધાંત-આચાર્ય પરંપરાની સુંદર માહાત્મ્યની કથા નિત્ય નિયમ આદિ હરિભક્તો દ્વારા કરવામાં આવેલ. *(તેજસ બી. પટેલ)*

### વોશિંગ્ટન ડી.સી. (I.S.S.O. ચેપ્ટર)

બુવી (મેરીલેન્ડ) અત્રે તા. ૩૦-૭-૦૫ના રોજ શનિવારના સાંજે ૩-૦૦ કલાક સભામાં કથા - વાર્તા - ધૂન - ભજન - નિત્ય નિયમ સમૂહમાં હરિભક્તોએ કર્યા હતા. હરિભક્તોની સંખ્યા સારી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર ચાલે છે. પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજના પ્રાકટ્ય ઉત્સવ પ્રસંગે તેમની તસ્વીરનું પૂજન કરી આરતી ઉતારીને સૌએ વિશેષ ધૂન-ભજન કરી તેમના અંતરના આશીર્વાદ મેળવ્યા હતા. *(કનુભાઈ પટેલ)*

# શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

| | | |
|---|---|---|
| ૨૫૧-૦૦ | શ્રી વિકલ્પ ધીરજલાલ કરશનભાઈ જન્મ દિવસ પ્રસંગે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | શ્રી સૂર્યકાંતભાઈ એમ. સોની ચંદ્રિકાબેન એસ. સોની તા. ૫-૬-૦૫ પુલ્હાશ્રમ યાત્રા નિમિત્તે | (દેવળીયાવાળા) |
| ૧૦૧-૦૦ | ચિ. જાહન્વીબેન નિલેશભાઈ સોની ૮માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે | મોરબી |
| ૧૫૦-૦૦ | શ્રી શ્રધ્ધા કેસેટ કું. (વડુવાળા) પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૮માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | શ્રી કૃપેન અમીન ઈ.સી.માં ૭૫ ટકાએ અને ચિ. ધરતી ૧૨ સાયન્સમાં પાસ થવા નિમિત્તે | નરોડા |
| ૧૦૧-૦૦ | શ્રી હેમાંગી કાંતિલાલ પટેલ એમ.એલ.ટી.માં એડમીશન મળવા નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | શ્રી ખેર ચંદુભાઈ આર. ચિ. અંજલકુમારને વેટનરી કોલેજ દાંતીવાડા એડમીશન મળવા નિમિત્તે | (બળોલવાળા) |
| ૧૦૧-૦૦ | શ્રી કે. એન. પટેલ મોડાસામાં મિકેનિકલ એન્જીમાં. એડમીશન મળ્યુ તે નિમિત્તે | ઘનશ્યામનગર |
| ૧૦૦-૦૦ | શ્રી ઈશ્વરભાઈ ભુલાભાઈ પટેલ નવી આલ્ટો ગાડી લાવ્યા તે નિમિત્તે | મેમનગર |
| ૧૦૧-૦૦ | શ્રી રોહિતભાઈ શનાભાઈ મીસ્ત્રી પુત્રને સ્કુલે બેસાડ્યો તે નિમિત્તે | |
| ૫૦૧-૦૦ | શ્રી ઘનશ્યામ મંડળ ગુરુપૂર્ણિમા પ્રસંગે ધર્મવંશી ગુરુના પૂજન પ્રસંગે | ખણુસા (તા. વિજાપુર) |
| ૧૦૧-૦૦ | શ્રી અંક્તિભાઈ વિક્રમભાઈ પટેલ નવુ બાઈક લાવ્યા તે નિમિત્તે | વહેલાલ |
| ૧૦૧-૦૦ | શ્રી વિક્રમભાઈ ઠાકોરભાઈ પટેલ નવુ મકાન લીધું તે નિમિત્તે | વહેલાલ |
| ૧૦૧-૦૦ | શ્રી પ્રણવ પ્રતાપસિંહ પરમાર એમ.સી.એ. ફાયનલ વર્ષમાં ૬૮ટકાએ ઉતિર્ણ થયા તે નિમિત્તે | (બળોલવાળા) |
| ૧૦૧-૦૦ | શ્રી સુરેશભાઈ હરજીવનભાઈ નવું ખેતર લીધું તે નિમિત્તે | ટીંબા |
| ૧૦૧-૦૦ | શ્રી હસમુખભાઈ લક્ષ્મીચંદભાઈ ભાવસાર નવો ફ્લેટ અમદાવાદમાં લીધો તે નિમિત્તે | કલોલ |
| ૨૫૧-૦૦ | અ.નિ. પ.ભ. પ્રભુદાસભાઈ ઉમેદભાઈ પટેલ પરિવાર નવી હોન્ડા સીટી ગાડી લાવ્યા તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | શ્રી ભરત કનૈયાલાલ ચૌહાણ જન્મ દિવસ પ્રસંગે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | શ્રી અનિષા સુનીલકુમાર ચિનુભાઈ પટેલ પ્રથમ વર્ષ ગાંઠ નિમિત્તે | રાણીપ (મોખાસણ) |
| ૧૦૧-૦૦ | શ્રી વૈશાલી હરિકિશન ભાવસાર જન્મદિવસ પ્રસંગે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | શ્રી મહેન્દ્રભાઈ અમૃતલાલ મીસ્ત્રી ચિ. વૈશાલી તથા વિજય ને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે | રાણીપ |
| ૧૦૦-૦૦ | શ્રી ભૂપેન્દ્ર જયંતીલાલ પટેલ નવી રીક્ષા લાવ્યા તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | શ્રી કાનજીભાઈ ગાંડાભાઈ નવું મકાન લીધુ તે નિમિત્તે | ટ્રેન્ટવાળા સુરત |
| ૨૦૦-૦૦ | શ્રી ભગવાનભાઈ જે. જાદવ શ્રીજી પ્રસન્નાર્થે | સુરેન્દ્રનગર |
| ૧૦૨-૦૦ | શ્રી નારણભાઈ ગોકળદાસ ઠક્કર ચિ. પૌત્ર ભવ્યના જન્મ દિન અને નવું મકાન લીધું તે નિમિત્તે | દહેગામ |
| ૧૦૧-૦૦ | શ્રી હિરેન રણછોડભાઈ ચાવડા પુત્ર જન્મ પ્રસંગે | અમદાવાદ (બળોલવાળા) |
| ૧૦૧-૦૦ | શ્રી મિતુલ રણછોડભાઈ ભૂદરભાઈ ચાવડા શ્રીહરિકૃપાથી મોસ્કોના કંપની વિસા મળ્યા તે નિમિત્તે | (બળોલવાળા) |
| ૨૦૦-૦૦ | શ્રી ધ્રુવેશ અશ્વિનભાઈ પટેલ ૧૫ ઓગસ્ટના જન્મ દિને કોમ્પ્યુટર લાવ્યા તે પ્રસંગે | અમદાવાદ |
| ૧૦૦૦-૦૦ | શ્રી પિયુષભાઈ બાબાભાઈ પટેલ શ્રી નરનારાયણદેવની પ્રસન્નાર્થે | (ભૂયંગદેવ) (વડુવાળા) |
| ૧૦૧-૦૦ | શ્રી મરધાભાઈ હરિભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | મુંબઈ (કાળીગામવાળા) |
| ૧૦૧-૦૦ | શ્રી કનૈયાલાલ રતીલાલ સોની નવું એકટીવા લીધું તે નિમિત્તે | નરોડા |
| ૧૦૧-૦૦ | શ્રી નિજલ એન. પટેલ ધો.-૧૨ સાયન્સમાં ૭૪ટકા આવ્યા તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | શ્રી કાંતાબેનનું સ્વાસ્થય સારું થયું તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | શ્રી અમરશીભાઈ નારણભાઈ સિંધવ ચિ. હરેશને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે | બળોલ-ભાલ |
| ૧૦૧-૦૦ | શ્રી કેતુલકુમાર ચંદ્રકાંતભાઈ જન્મદિવસ પ્રસંગે | વાવોલ |
| ૧૦૧-૦૦ | શ્રી વિપુલકુમાર પ્રહલાદભાઈ પટેલ શેર ઓફીસ ચાલુ કરી તે નિમિત્તે | (વડુવાળા) |

| | | |
|---|---|---|
| ૧૦૧-૦૦ | શ્રી સિધ્ધિબેન જીતેન્દ્રકુમાર બાલમંદિરમાં એડમીશન લીધું તે નિમિત્તે | રાયણીયા |
| ૫૦૦-૦૦ | શ્રી અરજણભાઈ જાદવભાઈ વધાશીયા નવી ગાડી લીધી તે નિમિત્તે | અમદાવાદ (ધોરાજીવાળા) |
| ૧૦૧-૦૦ | શ્રી રમાબેન બાબુભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે | મીરારોડ |
| ૧૫૧-૦૦ | અ.નિ. નારણદાસ મોહનલાલ પરિવાર પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ શ્રી નરનારાયણ જ્વેલર્સનું ઉદ્. કર્યું તે પ્રસંગે | માણસા |
| ૧૦૧-૦૦ | શ્રી ગોવિંદ આર. કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે | કોઠંબા |
| ૧૦૧-૦૦ | શ્રી ખેર નારણભાઈ ડાહ્યાભાઈ અમદાવાદમાં મકાન લીધું તે નિમિત્તે | બળોલ-ભાલ |
| ૧૦૧-૦૦ | શ્રી દેવજીભાઈ ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | રતનપર |
| ૧૦૧-૦૦ | શ્રી શૈલેષકુમાર અમૃતલાલ મોદી નવું બાઈક લીધું તે નિમિત્તે | પ્રાંતીજ |
| ૧૦૦-૦૦ | અર્થ, ગૌરવ સુરેશભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | ગાંધીનગર |
| ૧૦૧-૦૦ | શ્રી વાઘેલા જામુભા કાનજીભાઈ પુણ્યતિથિ નિમિત્તે | ગોધાવી |
| ૫૦૧-૦૦ | શ્રી હર્ષદભાઈ હરિભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | નાંદોલ |
| ૧૦૧-૦૦ | શ્રી સમર્થ અજયકુમાર એસ.એસ.સી.માં પાસ થયા તે નિમિત્તે | અડાલજ |
| ૧૦૧-૦૦ | શ્રી પુરોહિત અર્જુનભાઈ ખેતાજી પુત્ર જન્મ પ્રસંગે | જોધાવાસ (રાજ.) |
| ૧૦૧-૦૦ | શ્રી શૈલેષભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | પૂના |
| ૧૦૧-૦૦ | શ્રી વિનુભાઈ વી. ઠક્કર શ્રીજી મહારાજે રક્ષા કરી તે નિમિત્તે | ગાંધીનગર |
| ૧૦૧-૦૦ | શ્રી પ્રિતીબેન ડાભી યુવરાજસિંહના જન્મ પ્રસંગે | ડાંગરવા |

## શ્રી ઠાકોરજીને થાળ તથા સંતોને રસોઈ ની ચાદી

**અષાઢ સુદી-૨** પ.ભ. રામાભાઈ ત્રિભોવનદાસ પટેલ. ઘનશ્યામ ટીમ્બર્સ (સોલા). પ.ભ. મૂળશંકર પુરોહિત. **અષાઢ સુદી-૩** પ.ભ. વિદ્યાબેન સતીષભાઈ (કલોલ). **અષાઢ સુદી-૬** અ.નિ. સ્વા. પ્રભુચરણદાસજી (અમદાવાદ સ્વા. મંદિર). અ.નિ. સાં.યો. રામબાઈ કાનજી. **અષાઢ સુદી-૭** પ.ભ. સુરેશભાઈ નારાયણભાઈ પટેલ (અલીણા). **અષાઢ સુદી-૧૩** પ.ભ. શારદાબેન બળદેવભાઈ (મહેશ ટ્રેડીંગ કંપની). **અષાઢ સુદી-૧૪** ઘનશ્યામ મહિલા મંડળ (ઉંઝા). **અષાઢ સુદી-૧૫** પ.ભ. રૂક્ષ્મણીબેન ગીરધરલાલ ગજ્જર અમદાવાદ (હ. પ.ભ. વાસુદેવભાઈ ગજ્જર).

**અષાઢ વદી-૧** અ.નિ. સ.ગુ. માધવપ્રિયદાસજી સ્વામી (કચ્છ-ભૂજ). **અષાઢ વદી-૪** પ.ભ. માધુભાઈ કરશનભાઈ. રામભાઈ શામજી (કચ્છ-માંડવી). **અષાઢ વદી-૬** પ.ભ. પ્રેમજીભાઈ કરસનભાઈ પાચાણી. **અષાઢ વદી-૭** પ.ભ. રતનાભાઈ ધનજીભાઈ વરસાણી. **અષાઢ વદી-૧૨** અ.નિ. શિવજીભાઈ વાલજી હિરાણી (ફોટડી-કચ્છ)

## અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર હવેલી**માં સેવા પૂજા કરતા સાંખ્યયોગી રંજનબા ગુરુ સાંખ્યયોગી મણીબા તા. ૧૭-૮-૦૫ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ** : પ.ભ. ત્રિભોવનભાઈ જેઠાભાઈ પટેલ (મેથાણવાળા) તા. ૨૫-૭-૦૫ના રોજ શ્રીહરિ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ** : મથુરાબેન રતીલાલ ઠક્કર (પાટડીવાળા) તા. ૨૦-૮-૦૫ના રોજ શ્રીજી મહારાજનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**બાવળા** : પ.ભ. માવજીભાઈ પ્રજાપતીના માતુશ્રી સમજુબા તા. ૧૪-૮-૦૫ના રોજ શ્રીજી મહારાજનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**વહેલાલ** : અ.સૌ. કોકિલાબેન રમેશભાઈ પટેલ તા. ૨૫-૮-૦૫ના રોજ શ્રીજી મહારાજનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની
આજ્ઞાથી

# ભક્તિસુધા

(હવે દર મહિને 'ભક્તિસુધા' આપને 'શ્રી સ્વામિનારાયણ' માસિક સાથે આ રીતે વાચન સામગ્રી પિરસશે. જે હવે અલગ પ્રકાશીત નહીં થાય)

# ઓળખાણ કોની ચાલે ?

- સંગીતાબેન આર. પટેલ (બાપુનગર-અમદાવાદ)

પ.પૂ.અ.સૌ.. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી દયા કરીને દર્શન દેવા અને અમારુ ઘર પાવન કરવા બાપુનગરમાં અમારે ઘેર પધાર્યા હતા. અને અમને અલૌકિક લાભ આપ્યો.

અમારી સોસાયટીમાંથી દરેક બહેનો દર્શન માટે આવ્યા હતા. ગાદીવાળાના દર્શન કર્યા પછી કાર્યક્રમ પુરો થતાં મહારાજ બંગલે પધાર્યા. પરંતુ અમારી સોસાયટીના બે બહેનો સાંજે અમારી પાસે આવ્યા અને પૂછે કે આ તમારા ઘરે જે ગાદીવાળા પધાર્યા હતા તે સતત અમારા અંતરમાં દેખાય છે. અમને ભૂલાતા નથી. કાંઈ કામ સૂજતું નથી. મારી આંખો અને હૃદયમાંથી તેમનું દિવ્ય મુખારવિંદ ભૂલાતું નથી ! આવું કેમ ?

મેં એમને સમજાવ્યાં એ ભગવાનના કુળ ધર્મવંશી પરિવારના છે. માટે નથી ભૂલાતા. બીજા દિવસે સવારે ફરી આવી મને કહે, અરે ! તમે એમના રોજ દર્શન કરો છો ! તમે તો કેવા ભાગ્યશાળી ! મને તો રાત્રે ઊંઘ પણ આવતી નથી. આંખો બંધ કરું તોય તેમના જ દર્શન થાય છે.

વિચારવા જેવી બાબત એ છે કે તે બે બહેનો સ્વામિનારાયણના આશ્રિત હતા. પરંતુ ધર્મકુળને આશ્રિત નહોતા. માટે એમને આવી અલૌકિક અનુભૂતિ નહોતી થઈ. કારણ કે તે તો ધર્મકુળની દયા થાય તોજ થાય.

દેશના વડાપ્રધાનને ફોટા રૂપે ટી.વી.માં કે પેપરમાં તેમને જોઈ શકાય. પરંતુ તેમની સાથે વાત કરવી હોય તો મોટી ઓળખાણ જોઈએ. તેમને અંગત મળવું હોય તો તેમના દીકરાની અથવા તેમના પરિવારની જ ઓળખાણ ચાલે.

તો આ તો અનંતકોટી બ્રહ્માંડના અધિપતિના દર્શન તો થાય પણ અલૌકિક અનુભૂતિ રૂપ વાત કે તેમના ઘરે એટલે કે અક્ષરધામમાં જવાની પરવાનગી માટે તો તેમના દીકરાની (ધર્મવંશી પરિવારની) ઓળખાણ જ ચાલે, બીજી ન ચાલે. બીજાની ઓળખાણ થી આપણું ધ્યેય, લક્ષ સિધ્ધ ન થાય એ ખાસ સમજી લેવું.

# પારસમણીથી અધિક સત્સંગી

- કિંજલ એમ. પટેલ (બાપુનગર-અમદાવાદ)

પારસમણી જ્યારે પથ્થર કે લોખંડને સ્પર્શ કરે ત્યારે તે સુવર્ણ બની જાય છે. એવી જ રીતે જેની પાસે કામધેનું ગાય હોય તેની બધી ઈચ્છા પૂરી થાય છે. ચિંતામણી જેની પાસે હોય તેના બધા સંકલ્પ સાકાર થાય છે.

પરંતુ આ ત્રણેયની એક મર્યાદા હોય છે. પારસમણી પોતાના સ્પર્શથી કોઈ પણ વસ્તુને સોનું બનાવી શકે છે. પરંતુ બીજો પારસમણી ના બનાવી શકે. તેવીજ રીતે કામધેનું અને ચિંતામણી પોતાના જેવા બીજા કામધેનુ કે ચિંતામણી બનાવી શકતા નથી.

એક સત્સંગી પોતાની જેમ બીજાને પણ પોતાના જેવા રૂડા ગુણ વાળો સત્સંગી બનાવી શકે છે. અરે ! એક સત્સંગીના આચરણ વ્યવહાર વાતચિત જોઈ બીજા એના ગુણ જોઈને સત્સંગી બની જાય છે.

સત્સંગી તો જલકાતરણી માછલી જેવા છે. જલકાતરણી માછલીની બન્ને બાજુ પાંખની ધાર કાતર જેવી તીક્ષ્ણ હોય છે. આથી ફક્ત જાન નહીં પણ માછીમારની જાળને પણ કાપીને મુક્ત થાય છે. એની પાછળ બધા માછલાઓ મુક્ત થાય છે. એવી જ રીતે સત્સંગીને આ જગતની માયાવી જાળ કેદ કરી શકતી નથી.

સત્સંગી તો ગરૂડ જેવા હોય

(અનુ. પેઈજ નં. ૩૮ પર)

# પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપગાદીવાળાના દર્શનનો મહિમા

- રૂપમ પટેલ (બાપુનગર-અમદાવાદ)

સર્વે સત્સંગી બહેનોને જયશ્રી સ્વામિનારાયણ. આમ તો આપ સર્વે જાણો છો, મોક્ષ માર્ગ બહુજ અઘરો અને દેવોને દુર્લભ છે. અને મળ્યા પછી તે માર્ગ પર ટકી રહી ધામમાં પહોંચવું અઘરું છે.

આપણે સર્વે જાણીએ છીએ કે મોક્ષનો માર્ગ બતાવવા માટે સાચા ગુરુ મળવા કઠિન છે. આપણે જાણીએ છીએ કે સત્યયુગમાં પણ ગુરુ શોધવામાં વરસોના વરસ જીવન ચાલ્યું જતું. સત્યયુગનું જીવન કેટલું ? ૧ લાખ વર્ષનું ! અત્યારે આપણું જીવન ૬૦-૭૦ વર્ષનું, આપણે ગુરુ શોધવા જઈએ તો શું ?

પણ મુક્તાનંદ સ્વામીએ આરતીમાં કહ્યું છે કે "આ અવસર કરુણાનિધી કરુણા બહુ કીધી" શ્રીજી મહારાજે સર્વે સત્સંગી માટે ગુરુ પદે આચાર્યની સ્થાપના કરી અને બહેનો માટે પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાની સ્થાપના કરીને આપણા પર અતિ દયા કરી. માટે આપણા માટે ગુરુ સ્વયં શ્રીજી મહારાજે શોધી આપ્યા છે.

હવે આપણે બહેનોએ ફક્ત પ.પૂ. ગાદીવાળાના દર્શન કરવા અને એમની આજ્ઞા પાળવી એટલું કરવું રહ્યું. આપણને તો, ગાદીવાળાના સ્વરૂપમાં સ્વયં લક્ષ્મીજી, માતા અને ગુરુ રૂપે મળ્યા છે.

દર્શન તો તેમના સરળતાથી મોક્ષ આપી દે એવા દિવ્ય છે. નિષ્કુળાનંદ સ્વામીએ પ્રથમ વખત મહારાજના દર્શન કર્યા અને મહારાજનો લટકો જોઈ સંત બની ગયા. અને સંપ્રદાયના ઉચ્ચકોટીના સંતના બિરુદને પામ્યા.

વચનામૃત જેવા ગ્રંથો અને લીલાચરિત્રોની કથા સાંભળીને એમ લાગે કે આપણા નસીબ નહી હોય કે ભગવાન આપણા ઘરે રહી વાતો કરે. પરંતુ આ શ્રીજી મહારાજના અપર સ્વરૂપ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. ગાદીવાળાશ્રીના દર્શન કરીને લાગે કે શ્રીજી મહારાજ તો અહીંજ બિરાજમાન છે. પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાના દર્શન કરીએ ત્યારે દુઃખ તો ભૂલાઈ જાય, દેહભાન ભૂલાઈ જાય, સમય ભૂલાઈ જાય, શરીરના રૂંવાડે રૂંવાડા ઉભા થઈ જાય ! અરે ! અક્ષરધામના સુખની અનુભૂતિ થઈ જાય ! તો આ મોક્ષ માર્ગ નથી તો શું છે ?

આમ શ્રીજીમહારાજે આપણને બહેનોને પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ એવા ગાદીવાળાને ગુરુ રૂપે આપીને આપણો મોક્ષનો માર્ગ સરળ કર્યો છે. માટે આપણે સૌએ પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાને હસ્તે કંઠી પહેરીને ગુરુ કરી તેમની આજ્ઞામાં રહીને નિયમ પ્રમાણે વર્તવું. પંચવર્તમાનનું ચુસ્તપણે પાલન કરીને જ્યાં ત્યાં (બે દેશની ગાદી સિવાય અન્યત્ર) ફાંફાં માર્યા વગર પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાને ગુરુ કરી આપણો મોક્ષ માર્ગ સરળ બનાવીએ.

# "શ્રીરાજાનો જન્મોત્સવ"

- સ્નેહલ પટેલ (કાંકરિયા-અમદાવાદ)

સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને જેમને બાથમાં લઈ પધરાવ્યા છે તેવા બ્રહ્માંડના અધિપતિ શ્રી નરનારાયણદેવ દેશના પીઠાધિપતિ અને શ્રીહરિના સાતમાં વંશજ વર્તમાન આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સુપુત્રી ચિ. શ્રીરાજાનો ચોથો જન્મોત્સવ તા. ૩૦-૬-૨૦૦૫ના રોજ પ.પૂ.અં.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની અધ્યક્ષતામાં ખૂબજ ધામધુમથી ઉજવવામાં આવ્યો હતો. જેમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બહેનોની હવેલીમાં ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે બહેનોના મંદિરને આસોપાલવ, ફૂલ, ફુગ્ગા, તોરણો વડે સુંદર દેદિપ્યમાન શણગારવામાં આવ્યું હતું. જેની શોભા અવર્ણનીય હતી.

તેમાંય જ્યારે પૂજ્ય શ્રીરાજાએ પોતાના કોમલ કર કમલો વડે કેક કાપી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી અને શ્રીરાજા સાથે રહી બહેનોને દર્શનનો દિવ્ય અલૌકિક લાભ આપ્યો હતો. દિવ્ય સભામાં પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીએ પોતાના વરદ્ હસ્તે સૌ સત્સંગી બહેનોને ચોકલેટ તથા પ્રસાદી આપીને અતિ રાજી થઈને આશીર્વાદ આપ્યા હતા.

આ પ્રસંગ દરમ્યાન અમદાવાદમાં ભારે વરસાદ હોવા છતાં અસંખ્ય બહેનો આ દિવ્ય દર્શનનો લાભ લેવા માટે હાજર રહ્યા હતા. અને તન, મન, ધનથી આ પ્રસંગને ઉજવ્યો હતો. અને શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળનો રાજીપો મેળવ્યો હતો.

શ્રીજી મહારાજના ધર્મકુળ પરિવારના દર્શન માટે મેઘરાજા પણ આકાશમાં થંભી ગયા હતા ! એક વખત પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી સાથે ધ્રાંગધ્રા જવાનો લાભ મળ્યો. પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા શ્રીરાજા પણ સાથે હતા. ઘણા સાં.યો. બાઈઓ પણ સાથે હતા. અને ત્યાં મંદિરમાં દર્શન કરવા ગયા ત્યારે પ.પૂ. લાલજી મહારાજે ઘનશ્યામ મહારાજના હાથમાં રહેલ દ્રાક્ષનો ઝુમખો જોયો અને મેળવવાની ઈચ્છા વ્યક્ત કરી. ત્યારે શ્રીરાજાએ કહ્યું, ભૈયા એ દ્રાક્ષ આપણે ન લેવાય ! ત્યારે ભૈયાએ કહ્યું, કેમ ? ત્યારે શ્રીરાજાએ એવું કહ્યું કે ભૈયા એ દ્રાક્ષ ધોયા વગરની હશે. ત્યારે લાલજી મહારાજે કહ્યું કે "ઘનશ્યામ મહારાજનાં હાથમાં ધોયેલી જ દ્રાક્ષ હોય ને" ત્યારે બધાને ખૂબ જ આશ્ચર્ય થયું ! નવાઈ લાગી કે આટલાં નાના છે છતાં એમની બુદ્ધિ કેટલી વિશાળ છે. પણ આ તો ભગવાનના દીકરા છે. એમાં શું ખામી હોય !

આ તો માનુષી બાળ લીલા કરીને આપણને સમજાવે છે. શ્રીજી મહારાજના ધર્મકુળ પરિવારનો આ એક ઉત્તમ સંસ્કારનો વારસો છે. જેમના આવા ઉચ્ચ ગુણ, ઉચ્ચ સંસ્કાર હોય તેમના આશ્રિતોમાં પછી શું ખામી હોય ? આ તો સ્વયં ભગવાનના બાળકો છે. અને તેઓ તો આવી માનુષી લીલા કરીને આપણને બધું શીખવાડે છે.

આમ પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા શ્રીરાજાના અદ્‌ભુત દર્શનનો અને બાળ લીલા પ્રસંગનો લ્હાવો માણવા મળ્યો તેની તો આ માત્ર એક ઝલક છે.

# આચાર્ય મહારાજશ્રીના વચને

- રૂપમ પટેલ (બાપુનગર-અમદાવાદ)

બલિરાજા ઈન્દ્ર પદ પામવા માટે ૧૦૦ મો યજ્ઞ કરાવતા હતા. ત્યારે ભગવાન વામન સ્વરૂપે તેમના યજ્ઞમાં પધાર્યા. બલિરાજાએ ખૂબ આગ્રહ કરતા ભગવાને તેમની પાસે ત્રણ ડગલા ધરતી માંગી. બલિરાજા જળ મૂકી બોલ્યા કે "હું આ બ્રાહ્મણને ત્રણ ડગલા જમીન અર્પણ કરું છું."

પછી પ્રભુએ વામનથી વિરાટ રૂપ ધારણ કરી એક પગલામાં આખી ધરતી ! બીજા ડગલામાં સ્વર્ગ લીધું ! અને ત્રીજા ડગલામાં બલિના કહેવાથી પોતાનું ચરણારવિંદ બલિના મસ્તક પર મુકી પાતાળ સુધી ચાપી દીધું ! પછી બલિને બાંધી રાખ્યા, ત્યારે બલિએ કહ્યું, "મારા કઠોર માથા પર તમારા ચરણ મુક્યા તો આપને કષ્ટ થયું હશે. પ્રભુ મને માફ કરજો.

અરે ! ભગવાને બલિરાજાને ક્ષણમાત્ર ! બાંધી રાખ્યા. પરંતુ તેની ભક્તિને વશ થઈને ભગવાન તો આજ દિવસ સુધી તેના દરવાજે ઉભા છે.

તો વિચારવા જેવી બાબત તો એ છે કે બલિને તો દરવાજે ઉભા છે. પરંતુ આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી લાખો, અગણિત શ્રીહરિના સત્સંગીઓ, હરિભક્તોના મોક્ષ અને કલ્યાણની પરબો સમાન મંદિરોમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે મહારાજશ્રી જ્યારે ભગવાનના કાનમાં આહ્વાન મંત્ર બોલે છે ત્યારે ભગવાન મહારાજશ્રીની ભક્તિને વશ થઈને માત્ર તેમના કહેવાથી જ મૂર્તિમાં પ્રત્યક્ષ પધારે છે. અને તે મૂર્તિમાં અખંડ બિરાજી ભક્તના મનોરથને પૂર્ણ કરે છે.

શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં લખ્યું છે કે ધર્મવંશી આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તેજ સ્વરૂપ સેવવા અને પૂજવા યોગ્ય છે.

આમ આપણા આચાર્ય મહારાજશ્રી સ્વયં શ્રીહરિનું અપર સ્વરૂપ છે. માટે જ ભગવાન એમની ભક્તિને વશ થઈ તેમણે સ્થાપન કરેલી મૂર્તિમાં સાક્ષાત્ બિરાજમાન થાય છે.

(અનુ. પેઈજ નં. ૪૦નું)

ગુરુ છે અને તેઓ પણ બહેનોને સત્સંગનું અલૌકિક સુખ આપે છે. તેઓની અધ્યક્ષતામાં અને માર્ગદર્શનથી આજે દરેક મંદિરોમાં બહેનોની સત્સંગ સભા, નાની કિશોરીઓની બાળ સભા થાય છે. તેઓએ મહિલા મંડળની રચના કરી છે. આ સભાઓમાં બહેનોને સાચું ધર્મજ્ઞાન આપી તેઓને સાચા ધર્મના માર્ગે વાળી તેમનો ઉદ્ધાર કર્યો છે. દેશ-વિદેશોમાં જુદાં-જુદાં સ્થળોએ સત્સંગ શિબિરો, ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમોનું સુંદર રીતે આયોજન કરી આપણા માટે કલ્યાણ અને મોક્ષના દરવાજા ખોલી આપ્યા છે.

અરે ! આવા પરમ દયાળુ અને

## ગુરુ મહિમા

કૃપાળુ ભગવાન સ્વામિનારાયણ અને તેમનું અપર સ્વરૂપ કે જેઓ આચાર્યપદે બિરાજમાન છે તેવા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપગાદીવાળા આપણને મળ્યા છે. તેમને છોડીને આપણે જો જ્યાં ત્યાં માથા પટકાવવા જઈશું તો આપણા જેવા કોઈ મૂર્ખ નથી. અને જો એમના શરણે રહીશું તો આપણા જેવાં કોઈ ભાગ્યશાળી નથી. માટે આવા ગુરુ મળ્યા છે તો તેમની આજ્ઞામાં રહી આપણું જીવન વ્યતિત કરીશું તો આપણને અંતે અક્ષરધામની પ્રાપ્તિ થશે.

# ઉપનયન સંસ્કાર પૂર્વે

- સ્નેહલ પટેલ (કાંકરીયા-અમદાવાદ)

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનના ૮માં ભાવિ આચાર્ય અને શ્રીહરિના ૮માં વંશજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના "ઉપનયન સંસ્કાર" (જનોઈ) શાસ્ત્રોક્ત વિધિ દ્વારા ધામધુમથી શ્રી નરનારાયણદેવના સાંન્નિધ્યમાં ઉજવવામાં આવ્યા હતા.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રી નરનારાયણદેવની કૃપાથી સત્સંગની ભાવિ પેઢીને સુદ્રઢ અને સંગઠીત કરવા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞાથી તેઓશ્રીની અધ્યક્ષતામાં તા. ૯-૫-૦૫ થી ૧૦-૫-૦૫ દરમ્યાન આપણી ટર્ફ સ્કુલમાં ધાર્મિક સાંસ્કૃતિક અને રમોત્સવનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં તા. ૯-૫-૦૫ના રોજ રમતોત્સવ અને તા. ૧૦-૫-૦૫નો ધાર્મિક-સાંસ્કૃતિક કાર્યક્રમ રાખેલ. જેમાં નાના-મોટા બાળકોએ ભગવાનના લીલા ચરિત્રને ખૂબજ સુંદર રીતે વ્યક્ત કર્યા હતા.

આ કાર્યક્રમમાં ગામોગામના તેમજ અમદાવાદ શહેરના નાના-મોટા બાળકોએ ખૂબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ રમતોત્સવમાં અલગ-અલગ પ્રકારની રમતો રાખવામાં આવેલ. જેમાં નાના-મોટા બાળકોએ ભાગ લઈને ઉપનયન સંસ્કારમાં ચાર-ચાંદ લગાવી દીધા હતા. આ રમોત્સવમાં સાયકલ રેસ, લીંબુચમચો, મ્યુઝિકલ ચેર, ગોળાફેંક, ફુગ્ગા ફોડ, ધાર્મિક પ્રશ્નોતરી, કીર્તન અંતાક્ષરી, બુદ્ધિ કસોટી અને ડ્રોઈંગ વગેરે રમતો રાખવામાં આવેલ. જેમાં પ.પૂ. લાલજી મહારાજે બુદ્ધિ કસોટીમાં ભાગ લીધો હતો. તેમજ ધાર્મિક પ્રશ્નોતરીમાં બાળકોને પ્રશ્નો પૂછીને બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજ જેવું જ બાળ ચરિત્ર કર્યું હતું.

આવા સુંદર પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રી, શ્રીરાજા તથા તેઓશ્રીના મામા, મામીની ઉપસ્થિતિ ખૂબ જ ધ્યાનાકર્ષક હતી.

આ રમતમાં ભાગ લીધેલ દરેક બાળકોને પ્રોત્સાહિત ઈનામ તેમજ વિજયી બનેલ બાળકને પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા શ્રીરાજાના વરદ્ હસ્તે ઈનામો આપવામાં આવ્યા હતા.

ઉપનયન સંસ્કારના ઉપલક્ષમાં આયોજીત આ પ્રસંગ નાના-મોટા બાળકોએ તેમજ વડીલ, હરિભક્તોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવ્યો હતો.

*(અનુ. પેઈજ નં. ૩૪નું)*

## પારસમણીથી અધિક સત્સંગી

છે. તે માત્ર આકાશમાં જ નહી વૈકુંઠ સુધી ઉડી શકે છે. કીડી મચ્છર જેવા જીવો જો ગરૂડની પીઠ પર બેસી જાય કે પાંખમાં બેસી જાય તો પણ વૈકુંઠ સુધી પહોંચી જાય છે.

જ્યારે સત્સંગી તો અક્ષરધામ સુધી ઉડી શકે છે. તેને જોઈ બીજા જીવ જો તેનું અનુકરણ કરે તો અક્ષરધામ સુધી ઉડી શકે છે.

સત્સંગી કેવો હોવો જોઈએ, તો ધર્મકુળને આશ્રિત હોય, દેવ, આચાર્યશ્રીમાં સંપૂર્ણ નિષ્ઠા હોય તેવા સત્સંગી માટે બધું જ સુલભ છે.

વર્ષોની તાલીમ લાંબા સમયનો અભ્યાસ કે સઘન શિક્ષણ પણ વ્યક્તિમાં પરિવર્તન લાવવાનું જે કામ ન કરી શકે તે કામ સત્સંગથી એક ઘડીમાં થઈ જાય છે.

# ગુરુ મહિમા

- સોની અંજના (કાલુપુર-અમદાવાદ)

ભગવાન શ્રી સ્વામિનારાયણ આ ધરતી ઉપર ચાર સ્વરૂપે અખંડ રહેલા છે (૧) તેમણે સ્થાપેલા નરનારાયણ દેવ આદિક દેવો (૨) તેમણે સ્થાપેલા આચાર્યો (૩) ભગવત્પરાયણ સંતો (૪) શાસ્ત્રો. આમ, આ દેવો, આચાર્ય, સંત અને શાસ્ત્ર તેમના ચાર સ્વરૂપો છે. સ્વામિનારાયણ ભગવાને સ્વયં કહ્યું હતું. આ ધરતી રહેશે ત્યાં સુધી આ ચાર સ્વરૂપ અખંડ રહેશે.

સ્વામિનારાયણ ભગવાનનું બીજું સ્વરૂપ આચાર્ય. આચાર્ય એટલે ગુરુ. ગુરુ શબ્દનો અર્થ 'ગુ' એટલે અંધકાર, 'રુ' એટલે પ્રકાશ. આમ અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશ તરફ, અધર્મથી ધર્મ તરફ, અસત્યથી સત્ય તરફ લઈ જનાર એટલે ગુરુ .

ગુરુ બિન ન હોવત જ્ઞાન
નહિ જ્ઞાનાત્ ઋતે મોક્ષઃ

અર્થાત્ ગુરુ વિના જ્ઞાન નહિ ને જ્ઞાન વિના મોક્ષ સંભવ નથી. ભારતીય સંસ્કૃતિના દિવ્ય શાસ્ત્રોમાં ગુરુનો મહિમા સુંદર રીતે વર્ણવેલ છે. અજ્ઞાનતિમિરાંધસ્ય જ્ઞાનાંજન શલકાયા.... જ્ઞાનના અંજનરૂપી શલાકાથી જીવ માત્રને માયાના અજ્ઞાનથી છોડાવીને સાચું આત્મજ્ઞાન આપનાર વ્યક્તિને ગુરુ કહેવાય છે. આપણા દેશમાં દરેક સનાતન ધર્મમાં ગુરુ મહિમા વર્ણવેલો છે.

ગુરુ ગોવિંદ દોઉ ખડે કાકે લાગુ પાય,
બલિહારી ગુરુ આપની ગોવિંદ દિયો બતાય.

ગુરુએ પરમાત્મા સુધી લઈ જતો પુલ છે. માત્ર તે જ પરમાત્માના દર્શન કરાવે છે. કહેવાય છે કે જ્યારે ભગવાન આપણાથી નારાજ થાય છે ત્યારે માત્ર ગુરુ જ બચાવી શકે છે. પરંતુ જો ગુરુ નારાજ થાય છે ત્યારે ભગવાન પણ આશ્રય આપતા નથી.

માતા પિતાતો આપણને જન્મ આપે છે જેનો સંબંધ મૃત્યુ સુધી જ છે. જ્યારે ગુરુ અમૃતરૂપી જીવનપ્રદાન કરે છે. વેદો-પુરાણોમાં કહ્યું છે કે

*ગુરુર્ બ્રહ્મા, ગુરુર્ વિષ્ણુ, ગુરુર્ દેવો મહેશ્વરઃ /*
*ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ //*

અર્થાત્ જે ગુરુ બ્રહ્માનું સ્વરૂપ છે જે વિષ્ણુનુ સ્વરૂપ છે. જે ભગવાન શિવનું સ્વરૂપ છે. જે પરબ્રહ્મ છે. તે ગુરુને અમે નમસ્કાર કરીએ છીએ. આમ, ગુરુને સાક્ષાત્ પરમાત્મા સમાન કહ્યા છે. આવી જ એક વાત મહર્ષિ વેદ વ્યાસજીની છે. વેદવ્યાસજીએ અઢાર મહાપુરાણો તથા બ્રહ્મસૂત્રો રચ્યા તથા ચારેય વેદોને પુર્નઃજિવિત કર્યા. મહાભારત જેવું પુરાણ રચ્યું. આટ આટલા ગ્રંથોની રચના પછી પણ વિશ્વના શ્રેષ્ઠ સર્જક એવા વ્યાસજીનું અંતર ગ્લાનિથી ભરાઈ ગયું ત્યારે તેમના મનમાં અનેક પ્રશ્નો હૃદયમાં ઉદ્ભવતા અને તેથી જ મનની શાંતિ માટે સરસ્વતીને તટે બેઠા હતા. તેવામાં નારદમુનિ પધાર્યા અને તેમણે પ્રશ્ન કર્યો. વ્યાસજી આપ આટ આટલા શાસ્ત્રોના સર્જન કર્યા પછી પણ ચિંતામગ્ન કેમ છો ? અને પછી નારદજીએ વ્યાસજીને કહ્યું, વ્યાસજી, તમે કોઈને ગુરુ કર્યા નથી ! બસ નારદજીની આટલી જ ટકોર અને પછી મહર્ષિ વેદવ્યાસે પરમાત્માનું ગુરુત્વ સ્વીકાર્યું અને ઈશ્વર કૃપાથી પરમ શાંતિને પામ્યા. જો આવા અઢાર પુરાણના રચયિતાને ગુરુની જરૂર પડે તો આપણા જેવા તુચ્છ માનવીને તો સાચા ગુરુની જરૂર પડે જ.

ગુરુ કે જેના સાંનિધ્યમાં આપણને પરમશાંતિ મળે તેના દર્શન માત્રથી બધાં તાપ, પાપ, સંતાપ દૂર થાય. જેના મુખમાંથી મનુષ્ય માત્રના કલ્યાણ અને મોક્ષની

વાતો સાંભળવા મળે. આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી આપણા આવાજ સાચા ગુરુ છે કે જેમના દર્શન માત્રથી પરમ શાંતિ મળે છે.

ગુરુ પારસમણીથી વિશેષ છે. પારસમણી લોઢાને સોનું જ બનાવે છે. પરંતુ લોઢાને પારસમણી નથી બનાવી શકતો. જ્યારે ગુરુ તો શિષ્યને સ્વયં પારસમણી બનાવે છે.

સ્વામિનારાયણ ભગવાન સ્વંય સર્વ અવતારના અવતારી સર્વકારણના કારણ પુરુષોત્તમ નારાયણ છે. તેઓ સ્વયં જ્ઞાન છે. સ્વયં પ્રકાશ છે. તેમ છતાં રામાનંદ સ્વામીને ગુરુ કર્યા છે. અને આ આચરણથી આપણને ગુરુ મહિમા સમજાવ્યો અને ગુરુ કરવાનો ઉપદેશ આપ્યો. દ્વાપરયુગમાં, ત્રેતાયુગમાં સ્વંય શ્રી કૃષ્ણ ભગવાને સાંદિપની ઋષિને, શ્રીરામે વિશ્વામિત્રને અને અર્જુને દ્રોણને ગુરુ કર્યા હતા. આપણે એકલવ્યની જેમ ગુરુની શોધ કરવાની નથી કે આપણો અંગુઠો ગુરુના ચરણોમાં દક્ષિણા તરીકે ધરવાનો નથી.

શ્રી સ્વામિનારાયણ ભગવાન પરમ દયાળુ છે કે તેમણે આપણા માટે આચાર્ય પદે પોતાના મોટા ભાઈ અને નાનાભાઈના પુત્રો અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરપ્રસાદજીને પ્રસ્થાપિત કર્યા અને આજે તેમના વંશજ આચાર્ય પદે વિરાજમાન છે. સ્વામિનારાયણ ભગવાને આપણા કલ્યાણ અને મોક્ષ માટે કષ્ટો વેઠ્યા. ૧૧ વર્ષની બાલ્યવસ્થામાં ઘરનો ત્યાગ કરી વનવિચરણ કર્યું અને વનમાં કઠિન તપ કર્યું. તેમને તપ કરવાની શું જરૂર છે ? તેઓ સ્વંય અક્ષરાધિપતિ છે. તેઓએ માત્ર આપણા સુખ માટે જ તો આ કર્યું અને રામાનંદ સ્વામીને ગુરુ કર્યા અને તેમની પાસેથી બે વરદાન માંગ્યા (૧) ઉદ્ધવ સંપ્રદાયનો આશ્રિત એમને કોઈ કઠિન પ્રારબ્ધ હોય સંસારમાં દરિદ્ર અવસ્થા એને શીરે લખાયેલી હોય તો તેની દરિદ્ર અવસ્થા અમને મળે અને તે ભક્ત સુખી થાય. (૨) અંત સમયે જીવને વીંછીના કરોડો ડંખના જેવી વેદના થાય તે અમને થાય અને તે જીવ હસતાં હસતાં દેહ છોડે અમે એને ધામમાં લઈ જઈશું.

આજ સમય સુધી ક્યારેય કોઈ અવતારમાં કોઈએ આવા વરદાન માંગ્યા નથી. કેવા પરમ દયાળુ છે ભગવાન ! તમને સાષ્ટાંગ નમસ્કાર હો !

આજે ભગવાનના સ્થાને આચાર્યપદે સાતમાં વંશજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી બિરાજમાન છે. સભા મંડપ મધ્યે જ્યારે તેઓ બિરાજમાન હોય ત્યારે સાક્ષાત્ સ્વામિનારાયણ ભગવાન બિરાજમાન હોય તેવા દર્શન સૌને થાય છે. તેઓએ દેશ-વિદેશમાં લાખો મુમુક્ષુ જીવોને વર્તમાન ધરાવીને, ગુરુ મંત્ર આપીને ઉપદેશ આપી અધર્મના ખોટા માર્ગેથી વાળીને ધર્મના સાચા માર્ગે વાળ્યા છે. આપણુ આજનું અમૂલ્ય યુવાધન કે જેઓને તેમણે સત્સંગમાં લાવી જીવનની સાચી દિશા તરફ વાળી તેમનામાં જાગૃતિ લાવી છે. આજે તેઓએ નરનારાયણદેવ યુવક મંડળની રચના કરીને તેમણે દેશ-વિદેશોમાં સત્સંગ શિબિરો, સભાઓ અને સત્સંગ ઉત્કર્ષનો કાર્યક્રમો, વ્યસનો જેવા દુષણોના વિરોધ કરતી રેલીઓ જેવા કાર્યક્રમોનું આયોજન કરી મનુષ્ય માત્રના કલ્યાણ અને મોક્ષનો માર્ગ ખોલી આપ્યો છે. તેઓએ માત્ર ધાર્મિક જ નહિ પરંતુ સામાજિક, આર્થિક, આધ્યાત્મિક જાગૃતિ જન જીવનમાં લાવ્યા છે. તેઓ હરહંમેશ સત્સંગની વૃદ્ધિ માટે પ્રયત્નશીલ રહ્યા છે.

જેમ ભાઈઓના ગુરુ આપણા આચાર્ય મહારાજશ્રી છે તેમ જ તેમના ધર્મપત્નિ અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળા બહેનોના

*(અનુ. પેઈજ નં. ૩૭ પર)*



શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા હીંડોળામાં બિરાજમાન હરિકૃષ્ણ મહારાજની આરતી ઉતારતાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી



શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયામાં સિધ્ધેશ્વર મહાદેવનો અભિષેક કરતાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી



જીવરાજપાર્ક મંદિરમાં પ.પૂ.લાલજી મહારાજશ્રી પરીક્ષામાં ફર્સ્ટક્લાસ ઉર્તિણ થનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ આપી રહ્યા છે.



શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયામાં ઓચ્છવ મંડળ સભામાં બિરાજી દર્શન આપતાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્





શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણામાં શ્રાવણ માસમાં સમૂહ મહાપૂજામાં લાભ લેતાં ભાઈઓ અને બહેનો



ઘાટલોડીયા અમદાવાદમાં શ્રી સ્વામિનારાયણ મંદિરનું ખાત મુહૂર્ત કરતાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને સાથે લાભ લેતા યજમાનશ્રી





શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ હવેલીમાં પૂ.શ્રીરાજા (લાલીરાજા)ના જન્મોત્સવ પ્રસંગે પૂજય લાલજી મહારાજ પૂ.શ્રીરાજા સાથે કેક કાપી જન્મોત્સવ ઉજવી રહ્યાં છે.

Prafull Kharsani